CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભોજા ભગતના ચાબખા

સંપાદક

મનસુખલાલ સાવલિયા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભોજા ભગતના ચાબખા

સંપાદક

મનસુખલાલ સાવલિયા

પ્રવીણ પુસ્તક ભંડાર

લાભ ચૅમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

BHOJA BHAGATANA CHABKHA
Edited by : MANSUKHLAL SAVALIA
Published by : PRAVIN PRAKASHAN PVT. LTD., RAJKOT - 1

પ્રકાશક :
પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.
લાભ ચેમ્બર્સ, મ્યુ. કોર્પો. સામે,
ઢેબર રોડ, રાજકોટ.
ફોન : (0281) 2232460 / 2234602

© મનસુખલાલ સાવલિયા

ત્રીજી આવૃત્તિ : 2015
બીજી આવૃત્તિ : 2010

ISBN : 978-81-7790-514-4

કિંમત : રૂ. 80

મુદ્રક :
પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.
વેરાવળ (શાપર),
જિલ્લો : રાજકોટ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અર્પણ

વિદેશની ધરતી ઉપર, ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારની સુગંધ ફેલાવનાર, અમેરિકા સ્થિત ઉદ્યોગપતિ અને ટ્રાન્સલાઈન ટેક્નોલોજી ઇન્કોર્પોરેશનના પ્રેસિડન્ટ, પ્રિય ભાઈશ્રી

બોબ સાવલિયાને

'ભોજા ભગતના ચાબખા'નું આ પ્રેરક પુસ્તક શુભાશિષ સાથે સપ્રેમ અર્પણ

- મનસુખલાલ સાવલિયા
- શ્રીમતી મુક્તા સાવલિયા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નિવેદન

'ચાબખા' નામના મૂલ્યવાન, મૌલિક અને અત્યંત માર્મિક કાવ્યપ્રકારની રચનાથી ગુર્જર લોકમાનસને ઘડનાર મધ્યયુગી સંતકવિ અને યોગી ભોજા ભગતે, ગુજરાતી સાહિત્ય, સમાજ-સુધારણા તથા ધાર્મિક ક્રાન્તિના ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કર્યું છે. પોતે નિરક્ષર હોવા છતાં એમની કાવ્યવાણી એકાએક પ્રગટતી પાતાળગંગાની પાવન સરવાણી જેમ પ્રગટી છે! યોગને કારણે જાગૃત થયેલ કુંડલિનીશક્તિની કૃપાપ્રસાદીથી તેઓ શીઘ્રકવિ થયા હતાં. તેમણે ભક્તિ કરતાં કરતાં ગાયું છે અને ગાતાં ગાતાં ભક્તિ કરી છે. પરિણામે તેમની કવિતા, ભક્તિના ભગવા રંગથી રંગાયેલી છે. 'ચાબખા' ઉપરાંત તે સમયમાં પ્રચલિત પરંપરાના કાવ્યપ્રકારોનું પણ તેમણે ખેડાણ કર્યું છે. પાણીદાર વાણીમાં જ્ઞાનની મધુર ધારાઓ વરસાવતાં તેમના બસ્સો ઉપરાંત પદોએ લોકહૈયાને ભીંજવ્યાં છે અને રીઝવ્યાં છે! પરંતુ ભોજા ભગત ઓળખાયા છે - 'ચાબખાના કવિ' તરીકે. તેમની હયાતિમાં જ (ઇ.સ. ૧૭૮૫ થી ૧૮૫૦), મનમોહક ઢાળમાં ગવાતાં આ ચાબખાઓ રાવણહથ્થાવાળા, નાથબાવા, તંબૂરિયા અને ભજનિકોના તંતુવાદ્યોના તાર ઉપર સવાર થઈને સોરઠ તથા સમગ્ર ગુજરાતનાં ખૂણે ખૂણે ઘૂમી વળ્યાં હતાં.

ચાબખાની આવી લોકપ્રિયતાને પરિણામે મહાદેવ રામચન્દ્ર જાગુષ્ટે તથા હરિહર પુસ્તકાલય જેવા જૂની પેઢીના પ્રકાશકોએ 'ભોજા ભગતના ચાબખા'ની પુસ્તિકાઓ પ્રકાશિત કરી હતી. પરંતુ આ પ્રકાશનોમાં ઘણા અસંગત પાઠભેદો અને ભાષાદોષો હતાં. મુખપૃષ્ઠ, કાગળ અને મુદ્રણમાં પણ આ પુસ્તિકાઓ સામાન્ય કક્ષાની હતી. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયે, ડુંગરશી ધરમશી સંપટના સંપાદનમાં 'ભોજા ભગતના ચાબખા'ની એકાધિક આવૃત્તિઓ બહાર પાડી છે. આ પ્રકાશન, પ્રમાણમાં થોડું વધુ શ્રદ્ધેય ગણી શકાય. પરંતુ આ બધાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રકાશનોમાં ભોજા ભગતના જીવન-કવન વિષે સવિસ્તર અને સવિગત આધારભૂત માહિતી ન હતી. જો કે આ બધી પુસ્તિકાઓએ, ભોજા ભગતના ચાબખાને લોકપ્રિય બનાવવામાં પ્રશંસનીય પ્રદાન કર્યું છે.

ભોજા ભગતના ચાબખા ઘણા વર્ષોથી સમગ્ર ગુજરાતની શાળા, કૉલેજોમાં શીખવાય છે. એટલે ચાબખા અને તેના સર્જક સંતકવિ ભોજા ભગત વિષે વિશેષ માહિતી વિદ્યાર્થીઓને, અધ્યાપકોને તેમ જ રસ ધરાવતા વાચકોને સુલભ થાય તેવા આશયથી પ્રવીણ પ્રકાશન (રાજકોટ)ના દષ્ટિવંત પ્રકાશક શ્રી ગોપાલભાઈ પટેલે મને ભોજા ભગતના ચાબખાનું આસ્વાદ્ય સંપાદન કરવાનું સૂચન કર્યું, પરિણામે આ પુસ્તક પ્રકાશિત થયું છે. આ પુસ્તકમાં ભોજા ભગતના જીવન અને કવનના સર્વગ્રાહી આલેખન સાથે કુલ એકાવન ચાબખાનું સંકલન કરવામાં આવ્યું છે. પ્રત્યેક ચાબખામાં આવતા અઘરા શબ્દો, તત્કાલીન કાઠિયાવાડી ગ્રામ્યપ્રદેશના રૂઢ પ્રયોગો, પૌરાણિક સંદર્ભો, અને ખેતીકામ સાથે સંકળાયેલ વિગતોને વિવરણમાં સ્પષ્ટ કરી, સરળ રીતે સમજાવી છે અને જ્યાં આવશ્યક જણાયું છે ત્યાં પ્રસંગને અનુરૂપ નોંધ પણ આપી છે, પરિણામે તમામ કક્ષાના વાચકોને ચાબખા જાણવામાં તથા માણવામાં અનોખી મઝા આવશે એમ માનું છું.

આ પુસ્તકની પ્રસ્તાવના પ્રેમપૂર્વક અને અધિકારપૂર્વક લખી આપવા બદલ, હું ભાઈશ્રી ડૉ. બળવંત જાનીનો આભાર માનું છું અને નખશિખ સુંદર પ્રકાશન કરવા બદલ પ્રવીણ પ્રકાશનના પ્રેમાળ બંધુઓ શ્રી ગોપાલભાઈ પટેલ અને શ્રી પ્રવીણભાઈ પટેલનો આભાર માનવાનું તો કેમ ભુલાય?

વૈશાખી પૂનમ ૨૦૫૯ - મનસુખલાલ સાવલિયા
સંતકવિ ભોજા ભગત જન્મજયંતિ
'ભોજલસ્મૃતિ', ગોપાલનગર
તા. ૧૬-૫-૨૦૦૩ જોષીપુરા, જૂનાગઢ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મોજું કોઈ મરજીવા માણે!

સૌરાષ્ટ્રની ભૂમિ, જતિ-સતી અને શૂરવીરોની ભૂમિ કહેવાય છે. હૃદયની છીપમાં જતનથી સંઘરી રાખેલાં નરવા શીલ અને માણસાઈનાં મોતીનાં તેજ જરીયે ઝાંખા પડે તે પહેલા તો કાયાને ઓળઘોળ કરી નાખવાનું આ ત્રણેયનું સનાતન વ્રત આપમેળે જ ઊગી ઊઠેલું છે! અને એમાં ય જતિ એટલે સંતોની વાતો જ ન્યારી છે, સંસારના તોફાની દરિયામાં કિરતારનું ધ્યાન ધરીને અડગ હિંમતથી એકલા હાથે આગળ વધતાં, અનેક ડૂબતાઓને તારવા મથતાં, અને વિકરાળ મગરમચ્છોને ભાઈબંધ બનાવવાની ઉમેદ રાખતાં આ સંતો તો મોજથી મરજીવા બનીને દરિયાનો તાગ કાઢી લાવે! ખારા પાણીની ઝાપટ પોતે ઝીલે અને બીજાઓને તો રૂડાં મોતીની જ ભેટ ધરે. વંદનીય ભોજા ભગત આવા જ એક નરવા અને ગરવા મરજીવા સંત હતા.

ભોજા ભગતના ચાબખાઓમાં વારંવાર આવતા 'મૂરખ' શબ્દ પ્રચલિત (એટલે કે મંદબુદ્ધિ) અર્થમાં જ વપરાયો નથી. પરંતુ તે એથી ઘણું વધારે સૂચન કરે છે. મૂરખ કોણ કહેવાય? ભોજા ભગત કહે છે કે દુનિયાની નજરે જે સફળ દેખાય છે પણ પરમાર્થની દૃષ્ટિએ જેમણે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દેવાળું જ કાઢ્યું છે તે જ સાચો મૂરખ છે. મનુષ્યનાં અસ્તિત્વની સાર્થકતા, નાશવંત ભૌતિક પદાર્થો ભેગા કરવામાં, વિલાસના કાદવમાં ખૂંપી જવામાં, કે પોતાના જ બંધુઓનું શોષણ કરી, ખોટી પ્રતિષ્ઠા મેળવવામાં કદાપિ નથી. એનું સાચું કાર્ય તો મૂળ સ્વરૂપની શોધ કરી, પીંડ અને બ્રહ્માંડવ્યાપી એકમાત્ર મહાસત્તા સાથે સમરસ થઈ સર્વત્ર પ્રેમ અને કરુણા વહેવડાવવામાં જ છે. એ જ શાશ્વત સત્ય છે, આત્યંતિક કલ્યાણ છે. પોતાના મન, બુદ્ધિ અને શરીરનો એની પ્રાપ્તિ માટે જ ઉપયોગ કરવાને બદલે, ક્ષણજીવી અને પરિણામે દુઃખકારક એવા પદ કે પદાર્થ મેળવવામાં કરે તે મૂરખ જ છે, ભોજા ભગતે તેના ચાબખાઓમાં, ભોગવિલાસ અને સ્વાર્થમાં ગળાબૂડ ડૂબેલાં મૂરખના જીવનવ્યવહારને ઉઘાડો પાડ્યો છે! અને આવા મૂરખની અણસમજથી ઊકળી ઊઠેલાં આ ભોળા ખેડૂત ભગત ભોજલરામ, સીધે સીધું જ કહી દે છે કે રામને વેગળા મૂકી, નિંદાનું ઝેર ઓકતી મૂરખની જીભ, મૂળમાંથી ઘસીને કાપી નાખવા લાયક છે!

- ડૉ. વસંત પરીખ

(અમરેલી)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અર્થપૂર્ણ કવિતાનું સૂઝભર્યું સંપાદન

મધ્યકાલીન ગુજરાતી કાવ્યાકાશમાં ભોજા ભગતની કવિતાનું સ્થાન-માન અનોખું છે. નરસિંહથી માંડીને દયારામ સુધીના શતાધિક કવિઓમાંથી જે કેટલાક ખૂબ જ લોકપ્રિય થયા અને જનસમાજમાં જીભને ટેરવે ચિરંજીવ બનેલા આઠ-દસ કવિઓ છે, એમાં ભોજા ભગતનું પણ સ્થાન છે. ભણેલ હોય કે અભણ, પંડિત હોય કે પતીત, બ્રાહ્મણ હોય કે અત્યંજ અને સ્ત્રી હોય કે પુરુષ અથવા બાળક હોય કે વૃદ્ધ પણ સૌ કોઈને જીભને ટેરવે ભોજાની વાણી. સમાજમાં આમ સાર્વત્રિક રીતે વ્યાપકપણે બહુ ઓછા કવિઓને સ્વીકૃતિ મળી છે. ભોજાને મળી એના પાછળનું કારણ એની માર્મિક રીતે, વેધક પ્રકારની અને તડ ને ફડ કહી દેવાની આખાબોલી પ્રકૃતિ છે. ભોજો જેવો હતો તેવો જ પ્રગટ થતો, એના ઉચ્ચાર અને આચારની આવી સંવાદિતા જનસમૂહમાં એને પ્રીતિપાત્ર બનાવે છે. એના આચરણ અને ઉચ્ચારણ વચ્ચે સહેજ પણ ભેદ ન હતો, એની આવી નિખાલસ વ્યવહારની રીતથી એ સહુને આખાબોલો પણ સાચાબોલો લાગ્યો.

(૧) મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનાં અંતિમ સ્તબકના મહત્ત્વના ત્રણ ભક્તકવિઓ દયારામ, ભોજો અને ધીરામાંથી ભોજાનું પ્રદાન જુદી જ કક્ષાનું છે. આ ત્રણેય કવિઓના ખાસ સાહિત્ય સ્વરૂપો છે. દયારામની ગરબી, ભોજાના ચાબખા અને ધીરાની કાફીઓ, એમાં પણ ભોજાના ચાબખાનો વિશિષ્ટ પ્રભાવ છે. મધ્યકાલીન સાહિત્ય બહુધા સાંપ્રદાયિક છે. પરંતુ ભોજાના સાહિત્યને કોઈ સંપ્રદાયની છાપ લાગી નથી. એ નરસિંહ ગોત્રનો જ્ઞાનમાર્ગી કવિ છે. આદ્યકવિ નરસિંહથી આરંભાયેલી જ્ઞાન-ભક્તિની કાવ્યધારા ભોજાભક્ત દ્વારા પૂર્ણાહુતિનું રૂપ પામે છે. ભોજો આપણો અંતિમ જ્ઞાનીકવિ છે અને પ્રથમ સમાજ સુધારક છે. નર્મદ-દલપત જેવા કવિઓ સાહિત્યસર્જન દ્વારા સમાજ સુધારણાનું કાર્ય આરંભીને એક રીતે ભોજાના વારસાના ઉજ્જ્વળ અનુસંધાનરૂપ પુરવાર થયા છે.

દયારામ, ધીરો, સહજાનંદસ્વામી અને સ્વામિનારાયણ સંપ્રદાયના અન્ય કવિઓ તથા બાપુસાહેબ ગાયકવાડ જેના સમકાલીન ભક્તિ કવિઓ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વચ્ચે ભોજાએ એના કલાપૂર્ણ સાહિત્યસર્જનથી પોતાનું એક આગવું સ્થાન પ્રસ્થાપિત કર્યું છે. આ કારણે ભોજાભક્તની કાવ્યરચનાઓ મધ્યકાલીન કાવ્યાકાશની એક તેજસ્વી નક્ષત્રમાળા છે.

(૨) કાવ્ય (પદ ચાબખા)નું સર્જન ભોજાભક્તને સહજ હતું. તેઓ પદ રજૂ કરે અને એના વિદ્વાન શિષ્ય જીવણરામ એ પદ રચનાને શબ્દબદ્ધ કરી લેતા. ચાબખા, પ્રભાતિયાં અને અન્ય પદો મળીને કુલ ૧૮૨ જેટલાં તેમના શ્રદ્ધેય પદો આ જીવણરામના હસ્તાક્ષરમાં જ પ્રાપ્ય છે. એ બહુ મોટી આનંદની ઘટના છે.

કોઈ પણ સર્જકનું મહત્ત્વ બે કારણે વિશેષ હોય છે. એક તો એ શું કહે છે, અને બીજું એ કઈ રીતે કહે છે. શું કહેવું એની ખબર હોવાને કારણે તો એ સર્જક કહેવાય છે. આ જે કંઈ કહેવાનું હોય તે માત્ર પ્રાસંગિક કે સમસામયિક ન બની રહે એનો ખ્યાલ રાખનારો સર્જક કાળની સામે ટકી રહેતો હોય છે. એટલે જે-તે સર્જકે પોતાના સમય અને સમાજ માટે કહેલી વિગત ચિરંતન કે શાશ્વત મૂલ્યોથી સભર હોવી જોઈએ. આવાં બધાં કારણોથી એ વાણીને કાળનો કાટ ચઢતો નથી. ભોજા ભગત આવા કાળનો કાટ ન ચઢે એવી વાણીના ઉદ્‌ગાતા છે.

કઈ રીતે કહેવું? એનું પણ ઘણું બધું મહત્ત્વ છે. કહેતા આવડવું એ તો એક કળા છે. સર્જકની આ કથનરીતિ એના વ્યક્તિત્વની - આગવાપણાની પરિચાયક હોઈને એની પણ પૂરી મહત્તા છે. પરંપરાથી પોષણ મેળવીને કે પુરોગામીઓ દ્વારા પ્રયોજાયેલી અનેકવિધ રીતિઓથી પરિચિત રહીને પણ ખરો સર્જક એની આગવી કથનરીતિની પરંપરા ઊભી કરતો હોય છે. આમ પોતાને પ્રાપ્ત થયેલું દર્શન પોતાની રીતે કહીને પોતીકી મુદ્રા પ્રગટાવીને સીમાસ્તંભરૂપ સ્થાન પ્રાપ્ત કરતો હોય છે. ભોજા ભગત આવા સીમાસ્તંભ કહી શકાય એવા સર્જક છે. એમણે ચિરંજીવ કે સનાતનરૂપના મુદ્દાઓને એટલે કે અર્થપૂર્ણ વિષયસામગ્રીને બળકટ અભિવ્યક્તિ અર્પી છે. આ સંપાદનમાંથી ભોજા ભગતની અર્થપૂર્ણ વાણીનો પરિચય કરાવીને પછી બળકટ અભિવ્યક્તિ આપીને હૃદયસ્પર્શી બનેલી એ વાણીની કથનકળાને તારવવાનો ઉપક્રમ છે.

(૩) માનવજીવન સાર્થક બનાવવાનું કહેવા માટે ભોજા ભગત માનવ-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સંબંધોની ક્ષણભંગુરતા અને માનવજીવનની અસારતા તરફ સતત અંગુલિનિર્દેશ કરે છે. ભોજાની ઉપદેશાત્મક વાણીનું ભાવવિશ્વ આમ જોઈએ તો પુરોગામીઓથી અનોખું નથી. બટકણા-પોલા માનવસંબંધોની વાત તો ઘણા કવિઓએ કહી છે - પરંતુ એ કવિઓ બહુધા કોઈને કોઈ સંપ્રદાયના વર્તુળમાં પુરાઈને બોધ ઉપદેશ પ્રસ્તુત કરતા હતા. જ્યારે ભોજો કોઈ સંપ્રદાયનો પ્રતિનિધિ બનીને સંપ્રદાયના અનુયાયીઓને નહીં પણ સમગ્ર માનવસમુદાયને સંબોધીને એ પોતાને અભિપ્રેત બોધ-ઉપદેશવાણી ગાય છે.

પુરોગામી સર્જકોની ઉપદેશવાણી સંપ્રદાયની સીમારેખામાં પુરાયેલી હતી. એના સમકાલીન ઉપદેશકોમાં પણ સ્વામિનારાયણ સંપ્રદાયના કવિઓથી ભોજો આમ જુદો તરી આવે છે. એની વાણીથી ભોજાએ સંપ્રદાયનું સીમોલ્લંઘન કરીને એક નવું સીમાંકન કર્યું છે. આમ ભોજો એનાં ઉપદેશાત્મક પદો દ્વારા મધ્યાકાલીન ગુજરાતી સાહિત્યમાં સીમાંકન કરનાર સર્જક છે.

સંપ્રદાયનો સર્જક (કવિ) એના અનુયાયીઓને પોતાનાં વર્તુળમાં પૂરી રાખવા પ્રવૃત્ત હોય છે. એટલે એની વાણીમાં એ પૂરો વિવેક જાળવતો હોય છે. આ કારણે સંબોધન અને અભિવ્યક્તિમાં વિવેકપૂર્વકની ડાહી, શાણી ભાષામાં પ્રિય થઈ પડે એવી રીતે એ બોધ-ઉપદેશ રજૂ કરતો હોય છે. જ્યારે સંપ્રદાયથી પર રહીને કોઈ ચોક્કસ-નિશ્ચિત વર્ગ કે વર્તુળમાં સ્થાપિત થઈને રહેવાની સ્પૃહાથી પર એવો ભોજો માનવજાતને પંપાળવામાં પડતો નથી. આ કારણે તો ખરી ખુમારીથી એ ગાય છે કે :

મૂરખો રળી રળી કમાણો રે, માથે મેલશે મોટો પાણો... ટેક.
ઘાઈ ઘૂતીને ધન ભેળું કીધું, કોટિધ્વજ કહેવાણો,
પુણ્યને નામે પાઈ ન વાપરી, અધવચમાં લૂંટાણો રે... મૂરખો.
મૂરખા જનમ ગયો તારો રે, બાંધ્યો પાપ તણો ભારો રે... ટેક.
નામ સાંભળતા નિંદા આવે, લાગે હરિજશ ખારો રે;
મૂરખની દાઢી થઈ ધોળી, હૃદયમાં નવ જોયું ખોળી,
ખડ વાઢીને કૈંક ખપી ગયા, હાથે ન રહી કોળી,
વેચવા ટાણે વેચ્યું નહિ પછી પીઠ પડી મોળી રે... મૂરખો.

- આમ ભાઈ, ભક્તો કે હરિજનો, ગુણીજનો જેવા લાડલાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સંબોધનો ભોજાની વાણીમાં ભળ્યા નથી. એ મૂરખા-મૂરખ સંબોધન કરવાની ક્ષમતા ધારણ કરી શક્યો છે. સંપ્રદાયથી પર રહીને જ આવું સામર્થ્ય એણે પ્રાપ્ત કર્યું છે.

સંપ્રદાયના સર્જકોની વાણી જે તે સંપ્રદાયના ધારા-ધોરણો, સાધન-પદ્ધતિ અને નીતિ-રીતિમાં બધ્ધ હોય છે. એટલે એ વાણીનું દર્શન-ભાવવિશ્વ સીમિત રહે છે. જ્યારે ભોજો સંપ્રદાયથી પર હોઈને માત્ર સંપ્રદાયના કંઠીબંધીઓ માટે નહીં પણ બૃહદ્, વ્યાખ્યાનરૂપમાં સમગ્ર માનવજાતને ઉપકારક, ભાવવિશ્વ પ્રસ્તુત કરવા સમર્થ બન્યો છે. એના સર્જનમાં જે વિષય વૈવિધ્ય સ્વરૂપ વૈવિધ્ય ભળ્યું છે એના પાયામાં ભોજાની આ અનોખી વ્યક્તિમત્તા કારણભૂત છે. ભોજો અસાંપ્રદાયિક રહીને પણ ભારતીય અધ્યાત્મ ચેતનાના બૃહદ્ પરિણામને આંબીને ભારતીય તત્ત્વવેત્તાની કક્ષાએ પહોંચી શક્યો છે. સાંપ્રત માનવજાતને બિનસાંપ્રદાયિકતાની ખરી વિભાવના ભોજાનાં સર્જનમાંથી પ્રાપ્ત થાય છે.

પ્રાણિયા! ભજી લેને કિરતાર, આ તો સપનું છે સંસાર... ટેક.
ધન દોલત ને માલ ખજાના, પુત્ર ને પરિવાર;
એમાંથી જાશ તું એકલો, પછે ખાશ જમના માર... ૧
જીવને શ્વાસ તણી સગાઈ, ઘરમાં ઘડી ન રાખે ભાઈ... ટેક.

ફ્યુટિલિટિ ઑફ હ્યુમન એફર્ટ – માનવજીવનની અસારતા એ ભોજાની વાણીને સમ છે. વળી-વળીને એ આ અસારતાની વાત કહે છે, કહો કે ત્યાં આવીને જ અટકે છે. માનવજાતને બાંધી રાખનારું તત્ત્વ માયા છે. આ માયામાંથી ખરા અર્થમાં મુક્ત થવાનું પ્રબોધતો ભોજો ક્યાંય પણ ન બંધાવાનું સૂચવે છે. અને ગાય છે :

આસ્થા આવી મારી ગઈ આંટો, ગમારને નાવ્યો જ્ઞાનનો છાંટો... ટેક.
કાળા મટીને ધોળા થયા, તોય મટ્યો નહિ ખાટો;

ભોજાને અખાના ગોત્રનો ઘણા અભ્યાસીઓએ કહ્યો છે. પરંતુ અખાના કટાક્ષમાં જે પોઈન્ટ ઑફ વ્યૂ છે – કેન્દ્રબિન્દુ છે તે અહીં સમૂળગું બદલાઈ ગયું છે. અખો બાવા-સાધુ કે પાખંડીઓથી ભરમાતી માનવજાતને કટાક્ષથી વીંધે છે; ભાંડે છે. જ્યારે ભોજો માનવસમુદાયને કટાક્ષ ન કરતા કે એનાથી દૂર રહેવાનું ન સૂચવતા એ પાખંડીઓના જ ખરા નર્યા દંભી-પોલા સ્વરૂપને છતું કરે છે. એ ગાય છે કે :-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દુનિયા ભરમાયા ભોળીયે, ચાલ્યો બાવો ભભૂતિ ચોળી રે,
દોરા, દાગા ને ચિઠ્ઠી કરે, બાવો આપે ગણકારી ગોળી રે.

પાખંડી બાવા-સાધુના રૂપને ભોજો નિર્ભીક રીતે ખુલ્લા મૂકે છે. ધર્મના નામે કામ, તૃષ્ણા આદિમાં રત રહેતા આવા પાખંડીઓ શું પ્રાપ્તિ કરાવી આપે? એવું વ્યંજનાર્ગ વાણીથી ભોજો સૂચવી જતો જણાય છે.

બીજા એક પદમાં એ ગાય છે કે :

જોઈ લ્યો જગતના બાવા, ધર્યો ભેખ ધૂતીને ખાવા,
પ્રેમદાઓ ઘણી પાણી ભરે, ત્યાં બાવાજી જાય ન્હાવા રે.

આમ માનવસમુદાયને ખરા માનવી બનવા માટે પ્રબોધે છે. એની વાણીનું આ રૂપ સંપ્રદાયથી પર હોઈને એ અસંકોચપણે, નિર્દંભપણે, ખુલ્લે મને માનવીઓને સંબોધી શક્યો છે. સમૂહને-વર્ગને પોતાની સાથે જકડી રાખવામાં એ માનતો નથી. આ કારણે કોઈની પરવા કર્યા વગર એ પોતાની વાણીનું પૂર વહાવે છે. આમ 'ભોજો લેઉવા પટેલ જ્ઞાતિ'નો હતો એટલે પૉલિશ્ડ વાણીને બદલે ખરબચડી વાણી વહાવે છે, એવું નથી. એ વર્ગની - અનુયાયીઓની - પરવા રાખનારો નહીં પણ માનવજાતની ખરી ખેવના રાખનારો કવિ છે.

(૪) ભોજાની વાણીના અભિવ્યક્તિના સ્વરૂપ અંગે, એના શબ્દભંડોળ અંગે, પદાવલિ કે રૂપકો વિશે અભ્યાસીઓ દ્વારા ખૂબ જ કહેવાયું હોઈને એ બધી વિગતોનું પુનરાવર્તન કરવાનું ટાળીને એક નવો મુદ્દો અહીં પ્રસ્તુત કરવા ધાર્યો છે.

ભોજો સંદર્ભાત્મક પદાવલિઓ-એલ્યુઝિવ ડિકશનનો - કવિ છે. એ બધાં સંદર્ભો-ઉદાહરણો માત્ર યાદી બની રહેતાં નથી. પરંતુ કવિતાને નવું પરિમાણ અર્પે છે.

એવિય વસમિયું વાટું રે, ભક્તિ શીશતણું સાટું રે... ટેક.
સગાળશાશેઠ ને સંધ્યાવતી, જેણે એનું વ્રત લીધું રે;
ચેલૈયાનું શીશ કાપીને, સાધુને દીધું રે... ૩
પેરો કટારા પ્રેમના તમે શૂરવીર થઈ ચાલો રે;
ભોજો ભગત કહે, ગુરુ પ્રતાપે અમરાપુરમાં મા'લો રે... ૪

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સગાળશા શેઠની વ્રત-ટેકની વિગતનો નિર્દેશ માનવજાતને એવા બનવા પ્રેરે એ રીતે થયો છે. સંદર્ભો પ્રયોજી એનો વિનિયોગ કરીને ભોજો પોતાને અભિપ્રેત દર્શન બળકટ રીતે અભિવ્યક્ત કરી શક્યો જણાય છે :-

જીવનું જતન કરી જાણો રે; આત્મા દુઃખે દુભાણો રે... ટેક.
વિભીષણને હરિ ભેટ્યાં, જો સાચવિયો ટાણો રે;
હુંપદ કરીને હારી ગયો, રાવણ ત્યાં રાણો રે... ૧

અહીં પ્રયોજાયેલ વિભીષણના સંદર્ભ દ્વારા દંતકથાની કે પ્રાચીનકથાની પાત્રસૃષ્ટિ દ્વારા માનવજાતને એવા બનવા પ્રેરે છે. એની અભિવ્યક્તિની આ તરાહ એના જ્ઞાનમાં પ્રદર્શન રૂપે નથી, પણ એક આખો પુરાતન સંદર્ભ રચીને આખરે માનવજાતને એવા બનવા માટે ભોજો પ્રેરણા આપે છે. એના કથનનું આ સ્વરૂપ મહાભારત ગોભના અનુસંધાનરૂપ મને જણાયું છે. યુધિષ્ઠિરને સાંત્વન આપવા માટે કહેવાયેલી નળની કથા અને એ કારણે એક કથારસપૂર્ણ કૃતિનું સર્જન કર્યું પણ અહીં પ્રાપ્ત પરંપરામાંથી ઉચિત સંદર્ભો લઈને કથા કહેવામાં પડ્યા વગર પણ ઘણું બધું સૂચવી શકવા સમર્થ એવો ભોજો મધ્યકાલીન ગુજરાતી કવિતાને કથનકળા સંદર્ભે પણ પરંપરામાંથી પોષણ મેળવીને કાવ્યસાહિત્યને સમૃદ્ધ કરે છે.

ભોજો ભગત આપણા વિસ્તારનો મટી, પ્રાંતનો બની શક્યો, અને પ્રાંતથી પણ આગળ જઈને ગાંધીજી દ્વારા ફિનિક્ષ આશ્રમ સુધી પહોંચી શક્યો, એની પાછળ એની આ બિનસાંપ્રદાયિકતા અને કથનકળાશક્તિ મને કારણભૂત જણાયાં છે. મધ્યકાલીન ભારતીય ઉપદેશાત્મક કવિઓની પંગતમાં ભોજો પણ પલાંઠી લગાવીને આસન પ્રાપ્ત કરી શકે એવી ક્ષમતા એમની વાણીમાં છે.

(૫) શ્રી મનસુખલાલ સાવલિયા સંસ્કૃત વિષયના લબ્ધપ્રતિષ્ઠિત વિદ્વાન છે. પરંપરાની તળપદી ગુજરાતી વાણીના તેઓ વારસદાર પણ છે અને જ્ઞાતા પણ છે. વળી ભોજાભગતના સીધા વંશજ પણ ખરા. આ કારણે ગુજરાતી સાહિત્યના વિદ્વાનોએ ભોજાની કવિતાને સમજવામાં - સમજાવવામાં ભૂલથાપ ખાધી તેનો ખરો ખુલાસો તેમણે વિવાદ-વાદથી કે ટિકાથી નહીં પણ સાચુ-ખરું અર્થપૂર્ણ અને સ્વાધ્યાયપૂર્ણ સંપાદન કરીને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભારે હકારાત્મક રીતે ઉત્તર આપીને પોતાની વિદ્વત્તાનો હૃદયસ્પર્શી પરિચય કરાવ્યો છે. ભોજા ભગતની વાણીનું તેમણે મૂળ બોડિયાલિપિની હસ્તપ્રત સાથે સરખાવીને શાસ્ત્રીય સંપાદન તૈયાર કરેલું, એમનું એ સંપાદન અત્યંત અધિકૃત પુરવાર થયેલું. હવે પુનઃ ભોજા ભગતની વિપુલ કાવ્યરાશીમાંથી અત્યંત તેજસ્વી, ચળકતી અને માર્મિક કે ચોટદાર એવી એકાવન રચનાઓ પસંદ કરીને એનું વિવરણ તથા શબ્દાર્થ લાઘવથી દર્શાવીને ભાવકોને ભોજાની મૂળ ભાવવાણીની ગંગોત્રી સુધી યાત્રા કરાવતું સંપાદન પણ તૈયાર કર્યું જેમાં પ્રારંભે વિગતે એ વિશદ્ રીતે ભોજાનાં વ્યક્તિત્વનો - વાઙ્મયનો પરિચય કરાવીને એમની કવિતાનાં સૌંદર્યસ્થાનો, રસાસ્થાનો પણ ભારે ઝીણવટથી ચીંધી બતાવ્યાં છે. આ કારણે ભોજાની કવિતાનું ઝૂમખું એ ગુજરાતી કાવ્યાકાશની તેજસ્વી નક્ષત્રમાળા જણાય છે. આવી નક્ષત્રમાળા તરફ અંગુલિનિર્દેશ કરીને મનસુખલાલ સાવલિયાએ આંગળી ચિંધ્યાનું પુણ્ય પણ રળ્યું છે. એવા રળિયાત વિદ્વાનનું આ સૂઝભર્યું સંપાદન આવા બધા કારણે આપણાં આસ્વાદ અને અભ્યાસનો વિષય બનશે.

- ડૉ. બળવંત જાની
પ્રાધ્યાપક અને અધ્યક્ષ,
ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ - ૫.

ગુરુપૂર્ણિમા - ૨૦૫૯
તા. ૧૩-૭-૨૦૦૩

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અનુક્રમ

પદનો પ્રારંભ	પૃષ્ઠ નંબર
ભોજા ભગત - એક પાવન દર્શન	૧૯
૧. ભક્તિ શૂરવીરની સાચી	૭૮
૨. મોજું કોઈ મરજીવા માણે	૭૯
૩. મન ચડ્યું મોટપને પેટે	૮૧
૪. એવી માયા કઠણ બહુ'કાવે	૮૨
૫. નર જે કરતા મોટાયું	૮૩
૬. મૂરખા! જનમ ગયો તારો	૮૫
૭. મનવા રે'ની ભજનમાં ભળી	૮૬
૮. મૂરખો કાલની વાતું કરે	૮૮
૯. પ્રાણિયા! ભજી લેને કિરતાર	૮૯
૧૦. લોભ રહ્યો હૃદયમાં બેસી	૯૧
૧૧. ખૂટલ ખરખરો થાશે	૯૨
૧૨. મૂરખા! માહી રહ્યો મારું	૯૩
૧૩. મનથી ફેરવો માળા	૯૫
૧૪. મનની મોટાયું મેલો	૯૬
૧૫. મૂરખા! મતિ ફરી તારી	૯૭
૧૬. દેખો દેહ ધરી દેવા	૯૮
૧૭. એવિયું વસમિયું વાટું	૧૦૦
૧૮. એણે તો અમરફળ વેડ્યું	૧૦૨
૧૯. આ છે પંખીનો મેળો	૧૦૩
૨૦. નર! તમે શું રહ્યા નાચી	૧૦૫
૨૧. રહો છો જગતમાં મા'લી	૧૦૬
૨૨. રહેજો નેહ તણે નાતે	૧૦૭
૨૩. દુનિયા ડોલવાને લાગી	૧૦૮
૨૪. સેજે સૂતા નર જાગો	૧૦૯

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પદનો પ્રારંભ		પૃષ્ઠ નંબર
૨૫.	હરિજન! હરખ કરી હાલો	૧૧૦
૨૬.	મન! તું રહ્યું માયામાં મોહ્ય	૧૧૨
૨૭.	મૂરખને કઈ પેરે સમજાવું	૧૧૩
૨૮.	ઉત્તમ જન્મ આવ્યો છે	૧૧૫
૨૯.	મન! તું હજી શિખામણ માન	૧૧૬
૩૦.	ભવમાં ભજન કરી લેને ભાઈ!	૧૧૭
૩૧.	જીવનું જતન કરી જાણો	૧૧૯
૩૨.	સુરતિ શામશું સાંધો	૧૨૦
૩૩.	રે'ણી હૃદયમાં રાખો	૧૨૨
૩૪.	પિયાલો પીને થયા ચકચૂર	૧૨૨
૩૫.	મૂરખો મોહને ઘોડે ચડે	૧૨૪
૩૬.	જગમાં મે તણી માયા	૧૨૫
૩૭.	હવે હું તો માન ગયો મેલી	૧૨૭
૩૮.	રૂડા હૃદે બિરાજે રામ	૧૨૮
૩૯.	શિર પર શિખર લઈ ધાર્યો	૧૨૯
૪૦.	દુનિયા ભરમાવા ભોળી	૧૩૦
૪૧.	જોઈ લ્યો જગતના બાવા	૧૩૧
૪૨.	જીવ! તું જો ને અભાગિયા! જાગી	૧૩૧
૪૩.	આત્માગુણ હરિના એવા	૧૩૩
૪૪.	રાવણનું અધૂંધ છે પાણી	૧૩૪
૪૫.	મન! તું ફરે છે મદમાતું	૧૩૫
૪૬.	જીવને શ્વાસ તણી સગાઈ	૧૩૬
૪૭.	આ તનસુખ ધૂમરની હેલિ	૧૩૭
૪૮.	જીવ! તું વેળા વરતી લે	૧૩૮
૪૯.	કર્યું મારા વાલાનું થાશે	૧૩૮
૫૦.	મૂરખની દાઢી થઈ ધોળી	૧૪૦
૫૧.	રે મેં દુ:ખ દુનિયાના ભાળી	૧૪૨

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભોજા ભગતના ચાબખા

સંપાદક
મનસુખલાલ સાવલિયા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભોજા ભગત – એક પાવન દર્શન

ગરવા ગિરનારની પ્રેરક છાયામાં અનેક સંતોએ અને ભક્તોએ પોતાના સદાચારમય અને સરલ જીવનના જાદુઈ સ્પર્શથી સૌરાષ્ટ્રની ભૂમિને પાવન બનાવી છે, વર્ષો સુધી ધર્મનું સંસ્થાપન કર્યું છે, તેમ જ પ્રેમ અને શ્રદ્ધાના દીપક જલતા રાખ્યા છે. તેઓમાંથી કોઈ મહાપંડિત ન હતા. વેદો, પુરાણો કે ઉપનિષદો વગેરે ગ્રંથો ઉપર રસિક વિવેચન કરી લોકોને આંજી નાખે તેવી બૌદ્ધિક પ્રતિભા પણ તેઓમાં ન હતી. આ ભક્તોમાં તો હતું પરદુઃખ દેખી દ્રવી જતું હૃદય! સ્વકલ્યાણ કરવાની જ નહિ પરંતુ સર્વકલ્યાણ કરવાની મંગલ ભાવના! અને જ્ઞાનચર્ચા દ્વારા નહિ પરંતુ સદાચારથી જ લોકોને ઉપદેશ આપવાની અસરકારક શિક્ષણ-પદ્ધતિ. આવા અનેક નામી-અનામી સંતોની હારમાળામાં ચારે બાજુ પોતાનો પ્રકાશ રેલાવે છે, ભક્તિ, યોગ અને જ્ઞાનના ત્રિવેણીસંગમના તીર્થરાજ સંતકવિ ભોજા ભગત!

સૌરાષ્ટ્રમાં જેતપુર પાસેના નાના પણ મઝાના દેવકીગાલોલ નામના ગામમાં ભોજા ભગતનો જન્મ થયો ત્યારે વિક્રમ સંવતનું ૧૮૪૧મું વર્ષ અને ઈસુનું ૧૭૮૫મું વર્ષ ચાલતું હતું. ભોજા ભગતના પિતા કરશનદાસ શ્રીકૃષ્ણના દાસ હતા, અને પોતે નિર્ધન છતાં ઈશ્વરભક્તિને ધન ગણનાર ભોળા હૃદયના ખેડૂત હતા. ભગતની માતાનું નામ હતું ગંગાબાઈ. જાણે કે સાક્ષાત્ પતિતપાવની ગંગામૈયાનો અવતાર! ત્યાગ, પવિત્રતા અને ઉદારતાની મૂર્તિ! તેઓ જ્ઞાતિએ લેઉવા કણબી હતા. અટક હતી સાવલિયા. ભગવદ્‌ગીતામાં કહ્યું છે "શુચીનાં શ્રીમતાં ગેહે યોગભ્રષ્ટોઽભિજાયતે ।" (યોગભ્રષ્ટ થયેલો આત્મા શ્રીમંત અથવા પવિત્ર પુરુષને ત્યાં જન્મ લે છે.) જો તે ધનવાનને ત્યાં જન્મ ધારણ કરે તો પૂર્વે કરેલી યોગસાધનાની કમાણી વૈભવ અને વિલાસમાં ખર્ચી નાખી, પછી જન્મમરણની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઘટમાળમાં ફરવા લાગે છે, અને જો કોઈ પવિત્ર કુળમાં અવતાર લે તો પૂર્વે કરેલા અધૂરા યોગને સંપૂર્ણ કરી મોક્ષપદને પામે છે. ભોજા ભગત આવા યોગભ્રષ્ટ આત્મા હતા, અને પોતાનું અધૂરું રહેલ કાર્ય પૂર્ણ કરવા આ સરલ ધર્મપરાયણ દંપતીને ત્યાં પુત્ર તરીકે આવ્યા હતા.

માનવકલ્યાણનું મહાન કાર્ય કરવા અવતરેલ આવા પુરુષોમાં ઘણીવાર સામાન્ય લોકસમુદાયથી ભિન્ન એવી વિલક્ષણતા હોય છે. તેઓ પરિચિત ચીલાને ચાતરીને ચાલે છે. તેઓ નવો પંથ શોધે છે. જન્મથી માંડીને બાર વર્ષની ઉમ્મર સુધી ભોજા ભગત ફક્ત દૂધ પીને જ રહેલા. માતાપિતાએ ઘણું સમજાવવા છતાં અન્નનો આહાર જરા પણ કરેલ નહિ અને તેથી પુત્રવત્સલ માબાપના મનમાં રંજ થતો. પરંતુ કેવળ દૂધ ઉપર રહેનાર પોતાના બાળકનું દિવ્યતેજ જોઈને તેઓનો રંજ આનંદના રંગમાં પલટાઈ જતો. આ દૂધાહારી બાળક ભોજલની ખ્યાતિ લોકવાયકાના વેગીલા અશ્વ ઉપર સવાર થઈને ગુજરાતના ખૂણે ખૂણે ઘૂમી વળી. હજારો લોકો તેના દર્શને આવવા લાગ્યા, અને જ્ઞાનના આ નાના તણખામાં અજ્ઞાન અને અધર્મના ગહનવનને બાળી નાખનાર મહાજ્યોતિનાં દિવ્ય દર્શન તેઓને થવા લાગ્યાં.

એ સમયના ગુજરાતની રાજકીય, સામાજિક અને ધાર્મિક સ્થિતિ અંધકારમય હતી. કેળવણીના અજવાળા વિના કાજળકાળી રાત્રિ, વહેમ, અંધશ્રદ્ધા અને કુરૂઢિઓનું મીઠું ઘેન પ્રેરતી હતી. કવિ નર્મદ અને દલપતરામના સમયમાં થનારા સુધારાના સૂર્યોદયને હજુ તો ઘણી વાર હતી. ગુજરાતી સાહિત્યના આકાશમાં ચમકતો છેલ્લો સિતારો રસકવિ દયારામ, ધીમે ધીમે વધુ પ્રકાશિત થતો હતો. સંપ્રદાયોની સંકુચિતતા, ઢોંગી ગુરુઓની સ્વાર્થલોલુપતા, આત્મતત્ત્વને હણી નાખનારા શુષ્ક વાદવિવાદો, ધર્મોની ધાંધલો અને સામાજિક અસમાનતાની ધમાલમાં વેદાંતી કવિ અખાએ કરેલા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વૈરાગ્યનો ઉપદેશ ક્યાંય વિલીન થઈ જતો હતો. ગુર્જર સમાજ કોઈ એક સુધારકને શોધતો હતો, ધર્મને કોઈ શીલવાન સંસ્થાપકની જરૂરિયાત હતી, અને સાહિત્યને જ્ઞાનદીપકમાં તેલ પૂરનાર સરસ્વતીના આરાધકની ઝંખના હતી, અને જાણે આ ત્રણ પ્રકારના કામને પૂરું કરવા માટે દેવદૂત બનીને આવ્યા સંતકવિ ભોજા ભગત!

જેમ અનેક મહાપુરુષોના જીવનમાં બને છે તેમ ભોજા ભગતનાં બાલ્યકાળમાં ઈશ્વરકૃપાથી અનેક ચમત્કારો સર્જાયેલા. જેમાંના ઘણાય અત્યારે પેઢી દર પેઢી ચાલ્યા આવતા લોકમુખે સાંભળવા મળે છે. આધુનિક જમાનો આવા ચમત્કારો, સિદ્ધિઓ અને દિવ્ય રહસ્યોને શંકાની નજરે જુએ છે. બુદ્ધિને ત્રાજવે બધી બાબતોને તોળવાની ટેવવાળો માનવી, આવી ઘણી હકીકતોને માનવા તૈયાર થતો નથી. પરંતુ આ સૃષ્ટિમાં એવા ઘણા પ્રસંગો બને છે જેના રહસ્યનો કોયડો આપણી બુદ્ધિ ઉકેલી શકતી નથી. અને જે નિર્વિવાદ પુરવાર કરે છે કે ઈશ્વર સર્વશક્તિમાન "कर्तुम् अकर्तुम् अन्यथा कर्तुम् समर्थ: ।" છે. સંતો અને ભક્તોનું જીવન તો સિદ્ધિઓ અને ચમત્કારોથી ભરપૂર હોય છે, કારણ કે તેઓનું નાવ તો પ્રભુ પ્રત્યેની અનન્ય શ્રદ્ધાથી જ ચાલતું હોય છે. આવા સેવાધર્મને વરેલા મહાત્માઓ લોકોને આંજી દેવા માટે પરચા કે ચમત્કારો બતાવતા નથી, કારણ કે તેઓને આ દુનિયાના પદાર્થોમાં કોઈ પણ પ્રકારનો મોહ નથી હોતો. એકાગ્ર શ્રદ્ધા, પરમ સત્ય અને ઉગ્ર તપને લીધે તેઓની વાણીમાં અમાપ શક્તિઓ ઉત્પન્ન થાય છે. એટલે તેઓ જેમ બોલે કે ઇચ્છે તે પ્રમાણે જ થાય છે. સંસ્કૃત નાટકકાર ભવભૂતિએ કહ્યું છે : 'ऋषीणां पुनराद्यानां वाचमर्थोऽनुधावति'' - 'લૌકિક સાધુઓની વાણી અર્થને અનુસરે છે. મતલબ કે જેમ થવાનું હોય તેમ તેઓ બોલે છે, પરંતુ દિવ્ય ઋષિઓની વાણી પાછળ અર્થને દોરાવું પડે છે.' એટલે કે જેમ તેઓ બોલે છે તે પ્રમાણે જ ઘટનાઓ ઘટે છે. આનું નામ જ સિદ્ધસંતોના ચમત્કાર!

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જેણે નરસિંહ મહેતાની કુંવરબાઈનું મામેરું પૂર્યું અને જેણે મીરાંબાઈના ઝેરને અમૃતમાં ફેરવી નાખ્યું, આ સૃષ્ટિની તે જ અકળ શક્તિએ ભોજા ભગતનાં જીવનમાં અનેક આશ્ચર્યકારક સિદ્ધિઓ સર્જી હતી. એક ભોળા અકિંચન કણબી કુટુંબમાં જન્મેલા, એ વખતના વહેમોથી સબડતા ગામડાંના વાતાવરણમાં ઊછરેલા, ઓછામાં ઓછું ફરેલા અને સાવ અભણ એવા ભોજા ભગતને પ્રેમભક્તિનાં પ્રભાતિયાં લખવા માટે નરસિંહ મહેતા સાથે, રાધાકૃષ્ણના શૃંગાર નિરૂપણમાં વિદુષી મીરાંબાઈ સાથે, વેદાંતજ્ઞાનમાં અને વેધક તથા તીખી વાણીના વ્યાપારમાં અખા સાથે તેમ જ સમાજસુધારણાના કાર્યમાં વીર નર્મદ સાથે સરખાવી શકાય તે તેના જીવનનો સર્વથી મહાન ચમત્કાર જ છે ને?

ભોજા ભગતના બાલ્યકાળમાં બની ગયેલો પ્રસંગ લોકસમાજમાં પ્રસિદ્ધ છે. આ ચમત્કાર ઉપરથી એમ લાગે છે કે ભક્તકવિ વહેમી, અંધશ્રદ્ધાળુ અને અજ્ઞાની ગ્રામ્યપ્રજામાં સુધારણાનું કાર્ય કરવા માટે જ જાણે કે અવતર્યા હતા. આ વખતે ભગતની ઉંમર માત્ર દોઢ જ વર્ષની હતી. તેને વ્રણનો વ્યાધિ થયેલો અને શરીરમાં અત્યંત પીડા થતી હતી. પુત્રની વેદના પ્રેમાળ માતાપિતાને વિહ્વળ કરી દેતી હતી. અનેક ઉપાયો કરવા છતાં રોગ લેશમાત્ર હટતો ન હતો. એ સમયમાં જેતપુરથી થોડે દૂર વીરપુર ગામમાં મીનળદેવીની માનતા ચાલતી હતી. ઈતિહાસપ્રસિદ્ધ મહારાજ સિદ્ધરાજ જયસિંહની માતા મહારાણી મીનળે આ વીરપુરમાં એક વાવ બંધાવી છે. લોકકથા એમ કહે છે કે રાજરાણી મીનળ તીર્થયાત્રામાં નીકળેલી, ત્યારે વીરપુરમાં વસતા અને નવનાથમાં જેની ગણના થાય છે તે સિદ્ધજોગી વિરપુરાનાથની કૃપાથી તેણે વીરપુરના ભાગોળે સિદ્ધરાજને જન્મ આપ્યો હતો, અને શાહી આનંદની સ્મૃતિ રૂપે આ વાવનો પણ જન્મ થયો. વાવના શિલ્પસ્થાપત્યનું કલાસૌંદર્ય ગુજરાતની સમૃદ્ધિના ગુણ ગાય છે. તેનું બેનમૂન નકશીકામ, મહાકાળના ભીષણ હથોડા પડવાથી સ્થળે સ્થળે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ખંડિત થયું છે. આ વાવના અંદરના ભાગમાં બાળક સિદ્ધરાજને સૂતા સૂતા સ્તનપાન કરાવતી મહારાણી મીનળની પ્રચંડ મૂર્તિ કંડારેલી છે.

આપણે જાણીએ છીએ કે મીનળ રાજરાણી હતી. દુનિયાના પામર રંગરાગમાં રાચતી રમણી હતી. તેનામાં ભક્તિ કે વિરક્તિના અંશો ન હતા, પરંતુ સાચી સમજણ વિના અંધારામાં અથડાતા તત્કાલીન લોકો માટે આ મીનળની મૂર્તિ 'રાણી'માંથી દેવી બની ગઈ. સંસ્કૃત ભાષામાં રાણી માટે દેવી શબ્દ તેના પર્યાય તરીકે વપરાય છે. પરંતુ અજ્ઞાની લોકોએ તો તેને દેવી-આદ્યશક્તિ-મહામાયા માની લીધી, અને ત્યારથી આ મીનળની મૂર્તિ 'પથ્થર એટલા પૂજે દેવ' એવી માન્યતાવાળા સમાજનાં દુઃખો અને દર્દો હરનારી ભીડભંજની બની પૂજાવા લાગી. તેની માનતાઓ શરૂ થઈ. તેમાં પણ ગમે તેવા હઠીલા બાળરોગનો નાશ કરવા માટે મીનળદેવી એક માત્ર સંજીવની ઔષધિ ગણાતી! ગતાનુગતિક હજારો લોકો તેના દર્શને આવતા, લાખો શ્રીફળો વધેરાતાં, કોઈ પણ મંદિર કે દેરી આ મીનળની મહત્તા આગળ ઝાંખી લાગતી. કોઈ પણ નિષ્ણાત વૈદ્ય કે હકીમના દવાખાનામાં ન થાય તેટલી રોગીઓની ભીડ અહીં થતી!

બાળ ભોજા ભગતનો વ્રણવ્યાધિ (ભરનિંગળ ગૂમડું) મટાડવા માટે કોઈએ તેનાં માતાપિતાને વીરપુરની મીનળદેવીની માનતા માનવાની સલાહ આપી. ભોળા પણ વત્સલ દંપતીએ ટેક લીધી, 'જો માતા મીનળદેવી અમારા પુત્રનો રોગ દૂર કરશે તો તેને શ્રીફળ વધેરશું, તેલ ચડાવીશું અને પૂજા કરી બાળકને પગે લગાડીશું.' રોગ અને સંકટ, ઘણીવાર અનેક પ્રકારના ઉપાયો કરવા છતાં જતાં નથી અને સમય પાકે ત્યારે અનાયાસે ચાલ્યાં જાય છે. ભોજા ભગતના માટે પણ આવું જ બન્યું. તેનો રોગ દૂર થયો. સ્વજનોને ચિંતા મટી. બધાના અંતરમાં આનંદની ભરતી ઊમટી. માનતા પૂરી કરવા માટે માતાપિતા બાળક ભોજા ભગતને લઈ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વીરપુર આવ્યાં. મીનળની મૂર્તિ આગળ શ્રીફળ વધેર્યું અને નાના શિશુને દેવીનાં ચરણોમાં નમાવ્યો. પરંતુ આ પ્રકારની અંધશ્રદ્ધા દોઢ વર્ષની ઉમરના નાના ભોજા ભગતને જરા પણ ગમી નહિ. પ્રકાશની જ્યોતિ સાવ નાની હોય તોપણ ભયાનક અંધકારને ભાગવું જ પડે છે!

મીનળદેવીને પાદવંદન કરતા આ લઘુભગતના મુખમાંથી દિવ્ય ભવિષ્યવાણી સરી પડી : "હે દેવી! મારી પાસેથી તેં એક શ્રીફળ લીધું છે પણ તેના બદલામાં હું તારી પાસેથી બધાં જ શ્રીફળ લઈ જઈશ." હજું પૂરું બોલવા નહિ શીખેલા બાળકના આ બોલ સાંભળી બધાને આશ્ચર્ય થયું. પરંતુ આને પણ દેવીનો પ્રભાવ ગણી, આનંદ પામતા બધા ઘેર આવ્યા. પોતે ભાખેલ ભવિષ્યવાણીની વાત ભોજા ભગતે ભવિષ્યમાં સિદ્ધ કરી બતાવી હતી. પોતાના એક સમર્થ શિષ્ય સંતશિરોમણિ જલારામને આ વીરપુર ગામમાં ધર્મસ્થાન બાંધી જનસેવા કરવાનો ભોજા ભગતે આદેશ આપ્યો. શિષ્યપ્રેમને આધીન થઈ તેઓ અનેકવાર સંત જલારામને ત્યાં આવતા. ભોજા ભગતે પોતાના દેહોત્સર્ગ પણ વીરપુરમાં શિષ્યના સાન્નિધ્યમાં જ કર્યો. ત્યાં તેની ફૂલસમાધિ ઉપર પધરાવેલી ચરણપાદુકાની મંગલકારી દેરી ઊભી છે.

હાલ વીરપુરના ભાગોળમાં ઉપર્યુક્ત મીનળ વાવ છે. દેવી મીનળની ભગ્નાવશેષ મૂર્તિ પણ એમ જ સૂતી છે! પરંતુ ત્યાં કોઈ માનતા કરવા જતું નથી. કોઈને ખ્યાલ પણ નથી કે એક સમયમાં આ મીનળની મૂર્તિ લોકોમાં મહાદેવી બની પૂજાતી હતી અને તેની માનતાઓ થતી! ચારે તરફથી જનતાનો પ્રવાહ આજે પણ વીરપુરમાં જોશભેર વહી આવે છે. પરંતુ સર્વ લોકો મહામના સંત જલારામના દર્શન કરી કૃતાર્થ થાય છે. ભક્તિભાવે શ્રીફળ વધેરી આત્માનું કલ્યાણ કરે છે. આમ અંધશ્રદ્ધાને ભોજા ભગતે દિવ્યશ્રદ્ધામાં પલટાવી દીધી હતી!

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જન્મથી બાર વર્ષની વય સુધી જ્યારે ભોજા ભગત કેવળ દૂધના જ આહાર ઉપર રહેલા ત્યારે ગિરનાર ઉપરથી અતીતોની વન શાખાના રામેતવન નામના એક અતીત યોગી દેવકીગાલોલની ધરતી ઉપર ઊતરી આવ્યા. અનેક જન્મના વ્યાકુળ આત્મા પાસે જાણે પરમાત્મા આવ્યા! જાણે કે ભોજા ભગતને ગુરુમંત્ર આપવાની પ્રેરણા જ તેને અહીં ખેંચી લાવી! રામેતવને આ દિવ્યકાંતિવાળા બાળકની મહાદશાનાં દર્શન એક પળમાં જ કરી લીધાં. નેત્રે નેત્ર મળ્યાં અને આ તપસ્વીએ દૃષ્ટિ દ્વારા શક્તિપાતની ક્રિયાથી ભોજા ભગતને દીક્ષા આપી દીધી. મન, વાણી અને કર્મથી જનસેવા કરવાનો મહામંત્ર આપ્યો ; અને પછી દૂરનો ભવિષ્યકાળ નજર સમક્ષ પસાર થતો હોય તેમ ગેબી વાણી ભાખતા હોય એ રીતે ભગતના માતાપિતાને કહ્યું, ''તમારો આ પુત્ર અસામાન્ય છે. માનવકલ્યાણ કરનાર મહાન વિભૂતિ છે. સમાજની ધરતીનો ઉદ્ધાર કરવા આવેલા જ્ઞાનગંગાના ભગીરથ છે ઈશ્વરમાં એકાકાર થઈ જનાર યોગી છે. સંસારનાં બંધનો તેને બાંધી શકશે નહિ.''

મહાયોગી રામેતવનના મુખ ઉપર અલૌકિક તેજ ઝળકી રહ્યું. ક્ષણ બે ક્ષણ કંઈક વિચાર કરતા હોય તેમ અટકી પછી વાણી ઉચ્ચારી, ''તમારો આ પુત્ર મહાન ભક્ત થશે. જો કે એક વખત પૂર્વ દિશાના એક રાજા તરફથી તેની કસોટી કરવા તેને ત્રાસ અપાશે, પરંતુ તેમાં તેનો વિજય થશે, અને પછી તેની કીર્તિચંદ્રિકાનાં અજવાળાં આખા ગુજરાતમાં પથરાશે.'' ભવિષ્યવાણી પૂરી થતાં ગુરુ રામેતવને ભોજા ભગતના મસ્તક ઉપર પ્રેમાળ હાથ ફેરવ્યો, અને તેને અન્નપ્રાશન કરવાનો આદેશ આપ્યો. આ દીક્ષાંત વિધિ પછી ભક્તિ, યોગ અને જ્ઞાનની જ્યોતિનું વહન કરનાર એક અનુયાયી પોતાને મળ્યો છે તેના સંતોષથી આનંદ પામતા રામેતવને ત્યાંથી વિદાય લીધી. ''સાધુ તો ચલતા ભલા, ચલતા ભલા નવાણ'' એ નિયમ પ્રમાણે રામેતવન ગિરનારના શેષાવન તરફ સિધાવી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ગયા. કહે છે કે ત્યાર પછી કદી પણ આ મહાતપસ્વીનાં દર્શન ભોજા ભગતને થયાં ન હતાં.

'સદ્‌ગુરુ સાહેબ સમજો એક' એવો મંત્ર કહી સદ્‌ગુરુમાં જ સાહેબ પરમાત્માનું સ્વરૂપ નિહાળનાર ભોજા ભગત હવે સાત્ત્વિક અન્નનો આહાર કરી, દેવકીગાલોલમાં વસે છે. ''ભોજલ ભરોસે મળશે ભગવાન'' એમ માની અનન્ય શ્રદ્ધાથી ઈશ્વરભક્તિ કરે છે. ''એક ઘરે તું સુરતિ આણ'' એવો ઉપદેશ લોકોને આપી મનની ચંચલતા મૂકી દેવા સમજાવે છે. ભોજા ભગતને બીજા બે ભાઈઓ પણ હતા : કરમણ ભગત અને જસો ભગત. તેઓએ લગ્ન કર્યાં હતાં અને પવિત્ર ગુહસ્થજીવન વિતાવતા હતા. ભક્તિના કેસરિયા રંગના છાંટણા તેઓના ઉપર પણ ઊડ્યા હતા. જ્યારે મીરાંબાઈની જેમ હરિ-વરને વરેલા ભોજા ભગતને હવે આ સંસારમાં લગ્ન કરવા જેવું હતું જ નહિ. તેમણે તેના એક પદમાં ગાયું છે :

''નારીને નર પરણે નહિ બીજી વાર કી રે,
હાં રે કદિ કેસરી ખડ ન ખાય રે.''

તત્ત્વજ્ઞાનના આ કેસરીને ખડ જેવા ભોગવિલાસ તરફ નજર પણ નાખવાની ન હતી, તેથી તેઓ તો નૈષ્ઠિક બ્રહ્મચારી જ રહ્યા હતા. એણે તો 'પ્રેમરસ પ્રેમે શું પીધો' હતો, અને તેને 'વ્હાલે ઉતાર્યા ભવપાર' તેમ જ કોઈ વિરલ ભક્તને સુલભ એવું ''અક્ષયધન આપ્યું રે મોહન મુક્તામણિ.'

લગભગ પચ્ચીશ વર્ષની ઉંમર થઈ ત્યાં સુધી ભગત દેવકીગાલોલ ગામમાં રહ્યા, અને પછી ત્યાં દુષ્કાળ હોવાને લીધે તેમ જ રાજકીય અંધાધૂંધીને પરિણામે તેમના કુટુંબને સ્થળાંતર કરવું પડ્યું.

એ સમયમાં ખેડૂતો વિચરતી જાતિની જેમ ભટકતા રહેતા. તેઓને ઠરીને ઠામ થવાનાં ઠેકાણાં ન હતાં, અને તેથી ''અધ્ધર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉચાળા'' જેવી સ્થિતિમાં રહેવું પડતું. ''જ્યાં ગાજે ત્યાં ગિરાસ'' એટલે કે જ્યાં વરસાદ સારો થાય અને જ્યાં રાજ્યવ્યવસ્થા સુખાકારી અને સારી હોય ત્યાં જ તેઓને ગિરાસ ગણાતો. ત્યાં જઈને ખેડૂત કુટુંબો વસતાં અને ખેતી કરતાં. એટલે ભોજા ભગતનું કુટુંબ વડોદરા રાજ્યના અમરેલી પ્રાન્તમાં આવ્યું. ધર્મની ધજા ફરકાવતું અને ગિરનારી જ્ઞાનને સૌરાષ્ટ્રની ધરતી ઉપર રેલાવતું એક વેલડું દેવકીગાલોલ ગામેથી નીકળ્યું. ગિરનારી સંતની પ્રસાદી લઈને સોરઠના આ સિદ્ધપુરુષ, હિમાલયથી પૃથ્વીને પાવન કરવા ગંગાજીનો પ્રવાહ ઊતરે તેમ ફત્તેહપુરની ધરતી ઉપર ઊતર્યા, અને અમરેલીથી ત્રણ માઈલ દૂર ચક્કરગઢ ગામમાં પોતાના માસીયાઈ ભાઈ ધોરાજીયા ખેડૂતો સાથે અલ્પ સમય માટે નિવાસ કર્યો.

આ કાળમાં અમરેલી પ્રાન્તમાં પ્રજા સર્વપ્રકારે સુખી હતી. ઘણા દેશી રજવાડાંઓનાં ભવાડા, ભ્રષ્ટાચાર અને દુરાચારનાં ત્રાસ અને જુલ્મોથી પીડાયેલા લોકોને અમરેલીની હદમાં શાંતિ મળતી. રાજકીય, આર્થિક અને ધાર્મિક વ્યવસ્થા કોઈ પણ વ્યક્તિને સંતોષ આપે તેવી હતી. અમરેલીનો હાકેમ ગાયકવાડી સૂબો વિઠ્ઠલરાવ (વિઠ્ઠલરાવ દેવાજી-કાઠિયાવાડી દીવાન) શૂરવીર યોદ્ધો અને ઉગ્રશાસક હતો. તે એક સામાન્ય સંત્રીમાંથી ગાયકવાડ સલ્તનતનો મહામંત્રી બની ગયો હતો. વડોદરાના રાજા ખંડેરાવ ગાયકવાડની નજર શાહી લશ્કરના એક બહાદુર ઘોડેસવાર મરાઠા વિઠ્ઠા ઉપર પડી અને વિઠ્ઠાનું ભાગ્યચક્ર ફર્યું. ઘોડા ઉપરથી ઊતરીને હાથીની હેમની અંબાડી ઉપર બેઠો, અને ખંડેરાવના આદેશથી કાઠિયાવાડના કાઠી રાજાઓને કાબૂમાં કરવા વંટોળિયાની જેમ આવ્યો! સાત સાત ભડવીરોને ભાંગીને ઘડેલા આ વિઠ્ઠલરાવની ત્રાડથી હાહાકાર મચી ગયા. જેની મૂછે લીબુ લટકતાં હતાં તેઓ ફાંસીને માચડે લટક્યા, જેઓને હાથીની સાહ્યબી હતી તેવા ઘણા હાથીના પગ નીચે છૂંદાયા, અને જેને તોપોની સલામી આપવામાં આવતી હતી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેઓ તોપને ગોળે ઊડ્યા. સર્વત્ર શાંતિ છવાઈ ગઈ. પ્રજાએ નિરાંતનો દમ ખેંચ્યો.

વિનાયક નંદશંકર મહેતાએ તેના પુસ્તક 'નંદશંકર જીવનચરિત્ર'માં આ વિઠ્ઠલરાવ દેવાજીનો એક પ્રસંગ આપ્યો છે, તેના ઉપરથી તે કેવો શૂરવીર અને જાજ્વલ્યમાન દીવાન હતો તેનો ખ્યાલ આવે છે.

(મારા માતામહ કાઠિયાવાડની ઉઘરાણી કરવા નીકળેલા તે વિઠ્ઠલરાવ દીવાનની એક કહાણી કહેતા જે ઉપરથી આ જમાનાના અધિકારીઓની ગર્વલાગણી સ્પષ્ટ પ્રદર્શિત થતી હતી. મેજર વોકરને હુકમ મળ્યો હતો કે ગાયકવાડના દીવાન ખંડણી ઉઘરાવવા કાઠિયાવાડ જાય ત્યારે સાથે રહેવું – મદદ આપવી. એક વેળા દરબાર ભરાયો હતો અને ગાદી ઉપર ગર્વિષ્ઠ વિઠોબા (વિઠ્ઠલરાવ દીવાન) બેઠા હતા. એટલામાં વરદી આવી કે વોકરસાહેબ આવે છે. એક ધાંધલિયા હવાલદારે દોડીને ખુરશી ત્યાં મૂકી. મેજર દશ કદમ દૂર હતા.

તેવામાં આ ખુરશી પોતાની સામે મુકાયેલી જોઈ વિઠોબા રાતાપીળા થઈ ગયા અને આરડ્યા : 'માઝી છાતી પર ઠેવા.' ખુરશી ત્યાંથી હટી ગઈ અને મેજરસાહેબ જરા પણ મોં કટાણું કર્યા વિના જમીન પર બેઠો, વાતચીત કરી વિદાય થયો. તેની આસપાસ ઊભેલા અધિકારીઓએ સાહેબ (વોકર)ની સહનશક્તિનાં ઘણાં વખાણ કરી કહ્યું કે ગર્વ રાજા રાવણનો નથી રહ્યો. મરતાનાં આ તરફડિયાં છે. બાકી ફોજી અમલદારને ભોંય ઉપર બેસાડી, અપમાન કરવાની કશી જરૂરત ન હતી.)

આવા આ ગર્વિષ્ઠ પુરુષનું નામ સંભળાય તેટલા પ્રદેશમાં ચોરી કે શિરજોરીનું નામનિશાન ન હતું. તેના શાસનકાળમાં બારણાં ઉઘાડાં મૂકી પ્રજા રાતે નિરાંતે ઊંઘતી. પ્રજાનો આ સુવર્ણ કાળ હતો. ભોજા ભગતનાં પરિવારને આવા સમૃદ્ધ અને શાંત રાજ્યમાં ઠરીને ઠામ થવાની ઈચ્છા થઈ. ચકકરગઢમાં થોડો વખત રહ્યા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પછી ભગતને કોઈ શાંત સ્થળમાં આશ્રમ બાંધી, રામરટણ કરી, આઠે પહોર આનંદમાં રહેવાની ઝંખના જાગી.

ચક્કરગઢ ગામથી વાયવ્યમાં એક માઈલ દૂર અને અમરેલીનગરથી દક્ષિણમાં બે માઈલના અંતરે એક ઉજ્જડ ફતેપુરિયો ટીંબો હતી. સઘન વનરાજિ, વક્રાકારે વહેતી નાની પણ નિર્મળ ઠેબી નદી અને પક્ષીઓનો કલરવ વાતાવરણને રસસભર બનાવતાં હતાં. ભોજા ભગતને આશ્રમ બાંધવા માટે આ સ્થળ ઘણું જ યોગ્ય લાગ્યું. આ પ્રદેશ રમણીય હોવા છતાં વસતિનો અભાવ શા માટે એમ પૂછતાં જણાયું કે આ ટીંબામાં ભૂતપ્રેતાદિ વસે છે, તેવી માન્યતાથી લોકો અહીં નિવાસ કરતા નથી. અંધશ્રદ્ધા અને વહેમના વિનાશને પોતાનું જીવનકાર્ય ગણનાર ભક્તને આ સ્થળમાં જ સ્થાયી વસવાટ કરવાની ઈચ્છા દૃઢીભૂત થઈ. તેઓએ અહીં આશ્રમ બાંધી ફત્તેપુર નામનું ગામ વસાવ્યું. અમાનુષી સૃષ્ટિને આ સ્થળમાંથી દૂર કરી, ફત્તેહ મેળવી માટે આ ગામ ફત્તેહપુર કહેવાયું. પ્રાણીમાત્ર પંચભૂતના બનેલા છે, પછી એક ભૂતનો ભય શા માટે રાખવો એવી હકીકત સમજાવી લોકોના મનમાંથી વહેમ દૂર કર્યો.

એક વખતના ઉજ્જડ અને બિહામણા ટીંબામાં હવે શાંત અને સુંદર આશ્રમ શોભવા લાગ્યો. જે સ્થળમાં ભૂતાવળની ભયાનક કલ્પનાઓથી સંધ્યા ગેબી અવાજ કરતી લાગતી, ત્યાં મનને આધ્યાત્મિક ભાવનાથી રંગી દેતા શંખધ્વનિ ગુંજવા લાગ્યા. રામનામની રટણા વાતાવરણને સાત્ત્વિક અને પવિત્ર બનાવવા લાગી. જ્યાં અધૂરી વાસનાવાળી પ્રેતસૃષ્ટિ નિરંતર ઘૂમ્યા કરતી ત્યાં હવે સંત સમાગમ અને હરિકીર્તનના મધુર સૂરો રેલાવા લાગ્યા. ભોજા ભગત આ આશ્રમમાં અજંપાજાપ કરવા લાગ્યા. અનેક મનુષ્યો તેના સેવકો બન્યા. હજારો લોકો તેનાં દર્શન કરી ઉપદેશ સાંભળવા આવવા લાગ્યા.

પરંતુ મોહમાયાનો શિકાર બનેલા હોય તેવા માનવીઓને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભક્તિ ગમતી નથી અને કાળે કાળે આવા આતમઘાતી લોકોની વચ્ચે આતમજ્ઞાનીઓને રહેવાનું હોય છે. ભક્ત નરસિંહ મહેતાને તેની જ જ્ઞાતિના કેટલાક દુર્મતિ દોઢડાહ્યા માણસોએ હેરાન-પરેશાન કર્યા હતા. મેવાડની વિદુષી અને 'મેરે તો ગિરધર ગોપાલ, દૂસરા ન કોઈ' એમ કહીને એક ઝાટકે સંસારનાં સંબંધોને કાપી નાખનારી પ્રેમમૂર્તિ મીરાંને તેના જ સાસરિયા પક્ષે ભક્તિમાં વિક્ષેપ નાખી સતાવી હતી.

ભોજા ભગતની બાબતમાં પણ તેમ જ બન્યું. તેની આ ચમત્કારિક સિદ્ધિ, દિગંતમાં રેલાતી કીર્તિ અને મુમુક્ષુભાવે સેવકો દ્વારા કરાતી તેની ઉપાસના કેટલાક તેજોદ્વેષી પામર માનવીઓની આંખમાં કણાની જેમ ખૂંચવા લાગી. આથી તેઓએ ભોજા ભગતને અપમાનિત કરી હતોત્સાહ બનાવવાનો નિર્ણય કર્યો, અને અમરેલીના શૂરવીર પણ શીઘ્રકોપી અને મનસ્વી દીવાન વિઠ્ઠલરાવને આવીને રાવ કરી : 'મહારાજ, આપે પ્રજાને જુલ્મી રાજાઓના ત્રાસમાંથી તો છોડાવી, પરંતુ આ ઈલ્મી ભક્તરાજોનું શું? આપનો ક્રોધાગ્નિ શાંત થતાં હવે આપણા રાજ્યમાં આ ઢોંગી ધુતારાઓ પતંગિયાની માફક ફૂટી નીકળ્યા છે.

બાજુના ફત્તેપુર ગામમાં આવા જ એક ભક્ત પરચા બતાવી ભોળાજનોને ભરમાવે છે.' સત્ય કરતાં અસત્યનો દેખાવ વધુ આકર્ષક હોય છે. સાચા હીરા કરતાં ખોટો હીરો વધુ પાણીદાર દેખાય છે. તેથી કપટરસમાં બોળેલી આ વાણીથી દીવાન વિઠ્ઠલરાવ પ્રભાવિત થયા. તેના અહં ઉપર સીધો જ પ્રહાર થયો. તેનું અભિમાન સળવળ્યું. તેને થયું : ભલભલા ચમરબંધીઓને ઝુકાવનાર એવા મારા રાજ્યમાં ઢોંગી લોકોનો પ્રભાવ કેવી રીતે વધે? તેણે મનોમન નક્કી કરી લીધું કે ફત્તેપુરના ચમત્કારિક સંત ભોજા ભગતમાં કઈ સિદ્ધિઓ છે તે જાણવું અને જો કાંઈ ન હોય તો કડક શિક્ષા કરી તેનું નિયમન કરવું. ભોજા ભગતને તાત્કાલિક અમરેલી બોલાવવામાં આવ્યા. દીવાને તેઓને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જાહેર રાજસભામાં ચમત્કાર બતાવવા કહ્યું અને જો કોઈ પણ ચમત્કાર કરવામાં નહિ આવે તો જેલમાં પૂરવામાં આવશે તેવો હુકમ કરવામાં આવ્યો. કામક્રોધના સાગર પી જનાર ઉદાર હૃદયના ભોજા ભગતે વિનમ્ર ભાષામાં દીવાનને વીનવ્યા : ''રાજેન્દ્ર! હું તો એક સામાન્ય માનવી છું. રિદ્ધિસિદ્ધિ કાંઈ જ મારી પાસે નથી. રામરટણમાં દિવસો વિતાવતો હું તો એક રાંક ભક્ત છું. ચમત્કાર તો આ સૃષ્ટિના સર્જનહાર સિવાય બીજો કોણ કરી શકે? અને આપણને આવો અમૂલખ મનખાદેહ આપ્યો તે મારા રામનો ચમત્કાર નથી તો બીજું શું છે?'

મહારાજ ભોજલરામના હૃદયની આરપાર નીકળી જનાર આ ઠંડા પણ વેધક વેણ સાંભળી દીવાન વિઠ્ઠલરાવ રાતાપીળા થઈ ગયા, અને તેણે આ ભગતને કેદમાં પૂરવાનું કડક ફરમાન કરી ચોકીદારોને સૂચના આપી : ''આ ભોજા ભગત જાતના કણબી છે, અને કણબીને સવાર, બપોર, રોંઢો અને સાંજ એમ ચાર ચાર વખત જમવા જોઈએ. માટે તેને દિવસમાં ચાર વાર સારામાં સારુ ભોજન આપો. તેમ જ તે ક્યાંય બહાર ન જાય તેટલા માટે તેની આસપાસ સતત પહેરો રાખો.' આ પ્રમાણે તેને કારાગૃહની કારમી સજા થઈ.

સોનું અને સંત જેમ તપાવવામાં અને તાવવામાં આવે તેમ વધુ તેજસ્વી થાય છે અને ત્યારે જ તેનું મૂલ્ય જગતને સમજાય છે. દીવાનની આજ્ઞા પ્રમાણે તેઓ ફરતા સતત ધ્યાન રાખવા લાગ્યા, અને જમવા માટે ચાર વખત મિષ્ટાન્ન આપવા લાગ્યા. ભોજા ભગત 'હરિઈચ્છા બલવાન' ગણી આવેલ આહારને ન્યાય આપતા હતા. યોગની સર્વક્રિયાઓનું જેણે આકંઠ પાન કર્યું છે તેવા અને કુંડલિની શક્તિની જાગૃતિથી જેની તમામ નાડીઓ વિશુદ્ધ થઈ છે તેવા ભોજા ભગતે એકાસન ઉપર બેસી, મળમૂત્રનાં દ્વાર બંધ કર્યાં અને સુરતાના દ્વાર ખોલી નાખ્યાં. यज्ञानां जपयज्ञोऽस्मि । 'યજ્ઞોમાં જપયજ્ઞ એ મારું સ્વરૂપ છે' એવું ગીતાવચન જાણ આત્મસાત

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કર્યું હોય તેમ આ પ્રભુભક્તને* જાપમાં પૂરી પંદર રાત્રિઓ પસાર થઈ. ચાર વખત ભોજન આરોગવા છતાં આ યોગી ભક્ત કુદરતી હાજત કરતા કે પોતાનું આસન છોડતા જોવામાં ન આવ્યા તેથી ચોકીદારને ખૂબ આશ્ચર્ય થયું. ભગતની આ પયગંબરી પ્રતિભાનો પરિચય થવાથી દિગ્મૂઢ બનેલા દરવાનોએ દીવાનને આ અલૌકિક ઘટનાની વાત કરી.

કોઈ ઈશ્વરી પ્રેરણાએ અને ભગતની આ પરમ સિદ્ધિના વિચારે દીવાનના અભિમાનનો રેતીનો મહેલ ચૂરચૂર થઈ ગયો. તેના નિષ્ઠુર સ્વભાવનું પરિવર્તન થયું. ઘડીક પહેલાંનું ગજવેલના કટકા જેવું કઠોર હૃદય શિરીષના ફૂલ જેવું કોમળ બની ગયું. એક મહાન ભગતની પોતે ખોટી રીતે કસોટી કરી છે તેવા પશ્ચાત્તાપથી બળતા હૃદયે તે ભોજા ભગતને માનભેર સભામાં લઈ આવ્યો.પોતે અવિવેકી બની આ અનિચ્છનીય વર્તન દાખવ્યું છે તેની માફી માગતો દીવાન ભોજા ભગતના પગમાં પડી ગયો અને પોતાને સેવક બનાવી ઉપદેશ આપવાની વિનંતી કરી.

મહાભારતના યુદ્ધમાં "शिष्यस्तेडहं शाधि मां त्वां प्रपन्नम् ।" 'હું તમારો શિષ્ય છું, શરણે આવેલા મને ઉપદેશ આપો' એમ કહી દિશાશૂન્ય બનેલા અર્જુનને પોતાનાં ચરણોમાં નતમસ્તકે ઊભેલો નિહાળી જેમ યોગેશ્વર શ્રીકૃષ્ણનું હૃદય દ્રવી ઊઠ્યું હતું અને તેને સત્યજ્ઞાનનો ઉપદેશ કર્યો હતો તેમ યોગીરાજ આ કૃષ્ણભક્તનું હૃદય પણ દ્રવી ઊઠ્યું અને દીવાનને ઉપદેશ આપવાનું તેણે સ્વીકાર્યું.

---

* મુખથી જપ કરવો કનિષ્ઠ છે, મનથી મધ્યમ છે, પણ શ્વાસોચ્છ્વાસ સાથે અનાયાસ અને નિરંતર થતો જાપ ઉત્તમ છે. જપ થતો હોય છતાં જપનો કશો ભાર કે ભાસ રહેતો નથી. જીવનની પ્રત્યેક ક્રિયા સાથે એનો સહજ તાલ મેળવાઈ જતો દેખાય છે. આવા જાપને અજંપા જાપ કહેવામાં આવે છે. – મકરન્દ દવે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પણ એક શરત કરી, કે કણબીના હાથ સોનાના ગણાય છે પણ જીભ કુહાડાની છે તેથી અણછાજતું અને રાજને ન રુચતું બોલી જવાય તો ક્ષમા કરવી. પરંતુ હવે દીવાનનું લોખંડી મન સંતપારસના સ્પર્શથી સાવ સોનાનું બની ગયું હતું, તેથી તે ભોજા ભગતના ચરણોમાં ઝૂકીને કહેવા લાગ્યો : 'ગુરુદેવ! તમે મને કદાચ ગાળોના વરસાદથી ભીંજવી નાખશો તોપણ હું તો તેને અમૃતનો વરસાદ માનીશ. સંતોની ગાળ પણ દૂધની નાળ જેવી હોય છે.' આમ વિનંતી કરી દીવાન વિઠ્ઠલરાવ શાહી પરિવાર, રાજપુરુષો, આગેવાનો અને નગરજનો સાથે ભક્તશ્રી ભોજલરામના વાણીપ્રવાહમાં જાણે દીક્ષાંત સ્નાન કરવા બેઠો હોય તેમ વિધિપૂર્વક અને વિનયપૂર્વક બેઠો!

આ વખતે કોઈ દૈવી સ્ફૂરણાથી ભોજા ભગતના હૃદયગિરિ ઉપરથી કાવ્યસરિતા અવિરત વહેવા લાગી. તેઓએ દીવાનજીને સંબોધીને કુલ દોઢસો પદો ગાયાં. લાંબા હાથના લટકા સાથે મધુર રાગે ગવાતાં આ ઉત્તમ પદો સાંભળી, સમગ્ર સભા દિંગ્મૂઢ બની ગઈ. સવાલ એ થાય છે કે નિરક્ષર અને કાવ્યશાસ્ત્રના પરિચય વિનાના આ ભોળા ભગતના અંતરમાં અમૃતની સરવાણી જેવી મધુર અને નર્તન કરતી પદાવલિથી શોભતી આ દિવ્યવાણી પ્રગટી કેવી રીતે? કુંડલિની શક્તિની જાગૃતિને કારણે આ અદ્‌ભુત ઘટના બની છે. ભોજા ભગત પૂર્વ જન્મના યોગી હતા, તેથી જન્મથી જ અલૌકિક શક્તિઓ તેનામાં હતી. તેમાં રામેતવન જેવા સિદ્ધપુરુષની કૃપાદષ્ટિ તેના પર પડી. શક્તિપાત થયો અને સુષુપ્ત કુંડલિની જાગૃત થઈ.

આ કુંડલિની શક્તિના પ્રભાવથી જ આજે નિમિત્ત મળતા વાણીનો પ્રવાહ ધસમસતો વહી રહ્યો. આ શક્તિના ઉપાસકો સમગ્ર બ્રહ્માંડને હથેળીમાં રહેલા આંબળાની જેમ જોઈ લે છે, જાણી લે છે. કાવ્યસર્જન તો તેઓને માટે ડાબા હાથનો ખેલ છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દીવાનજી સામે ગાયેલાં આ પદો ગુજરાતમાં 'ભોજા ભગતના ચાબખા' નામથી સુપ્રસિદ્ધ છે. 'ચાબખા'નો ઢાળ, લય અને શબ્દોનું સંગીત સુંદર તથા મૌલિક છે. ભોજા ભગત પહેલાં કોઈએ 'ચાબખા' નામનું પદ રચ્યું નથી. જો કે આ 'ચાબખા'માં વર્ણિત વિષયો એની બળકટ ભાષા અને ઢાળ એટલા બધા લોકપ્રિય થયા કે તેના અનુકરણોમાં અનેક કવિઓએ 'ચાબખા'ના ઢાળમાં રચનાઓ કરી છે અને 'ભોજા ભગતના ચાબખાનો ઢાળ' એવો ઉલ્લેખ કરીને સંતકવિને સંભાર્યા છે. ગુજંરાતી સાહિત્યના ભંડારને સમૃદ્ધ કરવામાં આ ચાબખાઓનો મહામૂલો ફાળો છે.

પરંપરાથી એવી વાત ચાલી આવે છે કે ભોજા ભગતે દીવાન વિઠ્ઠલરાવને ભરી સભામાં દોઢસો પદ સંભળાવ્યાં. મારા પિતાશ્રી લવજીભાઈ ભક્તે એના પુસ્તક 'ભોજલગુણાનુવાદ'માં એનો ઉલ્લેખ આ રીતે કર્યો છે; 'સજ્જનસભા સન્મુખ કહ્યા પદ દોઢસો દીવાનને.' પરંતુ ભોજા ભગતના માત્ર ૫૯ ચાબખાઓ જ મળે છે, તેમાં પણ નવ 'ચાબખાઓ' તો પ્રક્ષિપ્ત છે. કોઈ અન્ય કવિએ તેની રચના કરીને ભોજા ભગતના નામે ચડાવી દીધા છે. આ નવ ચાબખાઓ ભાષાશૈલિ, અને વિષયવસ્તુની કસોટીએ કસતાં એ ભોજા ભગતની રચના નથી લાગતાં. વળી મૂળ હસ્તપ્રતમાં પણ એ નથી. એટલે ખરેખર તો ભોજા ભગત રચિત ચાબખાની સંખ્યા તો માત્ર પચાસની જ છે. દીવાનને દોઢસો પદ સંભળાવ્યા એ તો માત્ર ચાલી આવતી પરંપરા જ જણાય છે. ઘણીવાર સંખ્યાનો ઉલ્લેખ મહત્ત્વનો નથી હોતો. જેમકે કોઈ એમ કહે 'મેં લાખ પ્રયત્નો કર્યાં' તો ત્યાં લાખનો અર્થ 'ઘણા પ્રયત્નો' એવું બોલનારે અને સાંભળનારે સમજી લેવાનું છે. તે જ રીતે 'ભોજા ભગતે દીવાનને દોઢસો પદ સંભળાવ્યા' તેનો અર્થ ઘણા પદો સંભળાવ્યા તેવો કરી શકાય! કારણકે 'ચાબખા' ઉપરાંત અન્ય કાવ્યપ્રકારોમા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભોજા ભગતે રચેલાં સંપૂર્ણ પદોની સંખ્યા ૨૦૫ છે. 'ભોજા ભગતની વાણી' પુસ્તકમાં આટલાં પદો જ સંગ્રહીત છે.

પોતાના પદોનું 'ચાબખા' શિર્ષક ભોજા ભગતની મૌલિક શોધ છે. તેમનો કાવ્યપ્રવાહ 'ચાબખા'થી આરંભાયો છે, એટલે ત્યારપછી પ્રભાતિયા, હોરી, કીર્તન, ધૂન, સરવડા, કાફી, અને ગોડીના પદોની તેમની રચનાઓમાં અધ્યાત્મજ્ઞાનનો મહાસાગર ઘૂઘવતો દેખાય છે, અને કાવ્યકલાનાં ઊંચા શિખરો પ્રગટ થતા લાગે છે તો પણ ભોજા ભગત 'ચાબખાના કવિ' તરીકે ઓળખાયાં છે. 'ચાબખા'માં ભક્તિ અને જ્ઞાનનાં વર્ણિત વિષયો સાથે માયાવી જીવની અસારતા, પાખંડ, દંભ અને ડંફાશને તેઓએ ધારદાર વાણીમાં ખુલ્લી પાડી છે. પોતાની વાતને સુસ્પષ્ટ કરવા ભોજા ભગત ઉપમા, રૂપક અને દૃષ્ટાંત અલંકારોનો ભરપૂર ઉપયોગ કરે છે તથા મહાભારત, રામાયણ અને ભક્તમાળમાંથી અનેક પ્રસંગોને ટાંકે છે. આ પૌરાણિક ઉલ્લેખોમાં 'રાજ છોડી દીધું રાણે', 'સજના હસના પાર પોંચાડ્યા', 'ભૂપનું નોતરું ભાવ વિનાનું', 'રૂખિને ઘેર રાજા વેચાણો', 'રિદ્ધિ ઘણી હતી રાવણને', 'ગોપીચંદને ગુરુએ જ્ઞાન બતાવ્યું', 'વિભીષણને હરિ ભેટ્યાં સાચવિયો ટાણો', 'માંડ્યું હશે તે નહીં મટે શ્યામધણી શાણો, સર્વે પહેરામણી પ્હેરી ગયાં વડસાસુને પાણો', 'મથુરા નગરમાં માવજી, લઈ મામાને માર્યો', 'અહલ્યા, શિલા આળસી' વગેરે પ્રસંગોની વાત વક્તવ્યને વધુ માર્મિક અને મોહક બનાવે છે.

અને શબ્દ તથા અર્થના અલંકારો તો રંગીન આતશબાજીની જેમ ફૂટતાં રહે છે. 'ચાબખા'ના તમામ પદો વર્ણાનુપ્રાસ તથા અંત્યાનુપ્રાસથી ઝળહળે છે. જેમકે પાંચમાં ચાબખામાં 'પાયું', 'વધાયું', 'બાયું', 'છાયું', 'ખાયું', 'ઠકરાયું', 'વાયું', 'કમાયું', અને 'ધાયું' અંત્યાનુપ્રાસ પદની રોચકતા વધારે છે તો પછીના ચાબખામાં 'ભારો', 'ખારો', 'વેપારો', 'સારો', 'ગારો', 'ડારો',

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'આરો', 'મારો', 'હારો' વગેરે પંક્તિના અંતે આવતા શબ્દો, શ્રવણમાં મધુરતા સિંચે છે. આવું જ અન્ય એક પદ, જેના અંત્યાનુપ્રાસ 'વળી', 'કળી', 'પળી', 'સળી', 'બળી', 'ઢળી' અને 'દળી', 'ટળી' વગેરે શબ્દોથી શોભે છે. આવું સંગીત લગભગ બધા જ ચાબખાઓમાં છે. કોઈપણ પંક્તિમાં એક પણ શબ્દની પુનરુક્તિ નથી થતી જાણે મનની અક્ષય મંજૂષામાંથી શબ્દના મૂલ્યવાન મોતી નીકળ્યાં જ કરે છે! અર્થાલંકારોમાં રૂપક, ઉપમા અને દૃષ્ટાંતની ભરમાર છે. છટાદાર રૂપકના અનેક ઉદાહરણો આપી શકાય, પણ વિસ્તારભયથી ચાર-પાંચ જ ટાંકું છું.

- *માનવી ઝાડ છે મૂળ વિનાનું ધર્મ વિણ જાશે ઢળી.*
- *સંસાર સાગર મથી કરીને રામરતન ખોળ્યું રે.*
- *કામ-ક્રોધ કાયાને ખાશે ભોયંગ ભીતર ભાઈ!*
- *નામ સ્વરૂપી નાવ બનાવ્યું તરવાને કાંધો રે.*
- *મનખા-પદારથ માંડ મળ્યું છે.*

'ચાબખા' પદોમાં ઉપમા અલંકારો પણ આકર્ષક છે. તેમાંથી થોડાનો રસાસ્વાદ માણીએ. 'જોબનના દાડા જતાં રહેશે ભાઈ! જેમ કરમાશે કળી', 'ભોગ દેખીને જીવ થાય ભુરાયો જેમ પતંગ દીપકમાં પડે', 'પોતે બાંધી બેઠી પાસલાં જેમ મંડળ રોક્યું રાવે.' તો વળી દૃષ્ટાંત અલંકારોની રંગછટા, કાલાંતરે પણ કરમાય તેવી નથી. 'અમૃતરસને મેલી કર્યો તેં વિષ તણો વેપારો.' અને 'પળ ઘડીમાં પાછું વળવું, જેમ વંટોળિયો વાય' તથા

'ભીતર થકી જીવ ભેદ્યા નહીં ને કેમ કરી છૂટશે કામ,
ભોગ ન પાયે નિર્ઘના, જેની ગાંઠે નહીં એક દામ.

ચાબખાની વાણી વહાલી માતાની લપાટ જેવી છે, જે વાગે છે પણ વેદના નથી થતી. અને પરિણામે હિતકારી છે. ચાબખા, પરમાત્માના શાંત તેજ જેવા છે, જે અંતરને ઉજાળે પણ બાળ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નહીં, અને જેના મધુર અજવાળામાં અનેક જન્મોનો અંધકાર, અદૃશ્ય થઈ જાય છે! ચાબખા, ચૈત્ર મહિનામાં લીંબડામાં આવતાં કૉલ જેવાં છે. જેમ લીંબડાનો કૉલ કડવો લાગે, પણ શરીરના સર્વ પ્રકારના વિષમ જ્વરને હટાવીને તેને નરવું અને ગરવું રાખે છે, તેમ આ ચાબખાનો સ્વાદ, જીવને કડવો લાગશે, પણ આધિ-વ્યાધિ-ઉપાધિના વિષમ જ્વરમાંથી તેને મુક્ત કરી, પરમતત્ત્વને પામવા સ્વસ્થ બનાવશે. જેવી રીતે સારથિના હાથમાં રાખેલ ચાબખા, રથમાં જોડાયેલ તોફાની અશ્વોને કાબૂમાં રાખે છે, અને તેને બરાબર ચલાવીને રથને મંઝીલે પહોંચાડે છે તેમ ભોજા ભગતના ચાબખા ઈન્દ્રિયો રૂપી બાજંદા ઘોડાઓને વશમાં રાખીને, જીવનના રથને પરમાત્માના પરમ ધામની મંઝીલે લઈ જાય છે!

આ પદોમાં ભોજા ભગતની એક મહાજ્ઞાની, મહાયોગી અને મહાન સમાજસુધારક તરીકેની બહુવિધ પ્રતિભાની ઝલક દેખાય છે. તેમાં તત્કાલીન સમાજના વહેમો અને રૂઢિઓ, પાખંડો અને દંભો, ધર્માંધિતા અને જડતા ઉપર તીખી તરવાર જેવી ભાષામાં પ્રહારો કર્યા છે, અને લોકોને સત્યમાર્ગનું દર્શન કરાવ્યું છે. આ પદોમાં સંસારના અંધારાને હટાવતો વૈરાગ્યજ્ઞાનનો ચન્દ્ર સોળે કળાએ ખીલ્યો છે અને આત્મશ્રદ્ધા અને પ્રભુપ્રિતિનાં શીતળ અજવાળાં પાથરે છે. ગુજરાતી સાહિત્યમાં નરસિંહ મહેતાનાં પ્રભાતિયાં, અખાના છપ્પા, પ્રીતમનાં પદો, ધીરાની કાફી અને દયારામની ગરબીની જેમ જ ભોજા ભક્તના 'ચાબખા' અત્યંત લોકપ્રિય છે.

મોહમાયાના વિષયો રૂપી ખુલ્લા અને ખાડાટેકરાવાળા વિષમ મેદાનમાં ઈન્દ્રિયોના ઉદ્ધત ઘોડા, જીવનના રથને જેમ ફાવે તેમ ઘસડી જાય છે અને ભાંગીને ભૂક્કો કરી નાખે છે. મનરૂપી સારથિ બિચારો નિર્બળ છે. ઘોડાને વશ કરી સન્માર્ગે શાંતિથી હાંકવાની તેનામાં શક્તિ નથી કે નથી તેની પાસે જ્ઞાનરૂપી ચાબખો. આ હકીકત ભોજા ભગત જાણે છે અને તેથી જ દીવાનને બોધ કરવા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચોટદાર ચાબખા વીંઝ્યા. તેની ભાષા એવી તીખી અને મર્મવેધક છે કે જેને વાગે એ તો સીધે માર્ગે ચાલવાનો અને જીવનની મંઝિલે પહોંચવાનો જ. આ રીતે આ પદોનું 'ચાબખા' એવું નામ કેવું યથાર્થ અને કાવ્યમય છે! આ પદોનું 'ચાબખા' એવું નામ ભોજા ભગતે પોતે જ આપ્યું છે. તેના એક ચાબખામાં કહ્યું છે : 'ચાબખડો સદ્દ્ગુરુ તણો જેને વ્રેહે ઘણો વાગ્યો રે.' આના ઉપરથી એમ લાગે છે કે તેના મનમાં આ પદો 'ચાબખા' નામથી ઓળખાય તેવી આકાંક્ષા હતી.

'પ્રાણિયા! ભજી લે ને કિરતાર. આ તો સપનું છે સંસાર.'
'મૂરખાની દાઢી થઈ ધોળી રે, હૃદયમાં ન જોયું ખોળી રે.'
'મૂરખને કઈ પેરે સમજાવું, રે ભાઈ! એને નિશ્ચે નરકમાં જાવું.'

ઈત્યાદિ પદોમાં 'પ્રાણિયા', 'મૂઢ', મૂરખ', ગમાર' વગેરે સંબોધનો દ્વારા સંતકવિએ દીવાનની અંદર રહેલા અહંકારથી ભરેલા જીવને જ્ઞાન ચાબખાના મારથી સારી રીતે ફટકાર્યો છે. આ પ્રસંગ બન્યા પછી, દીવાન વિઠ્ઠલરાવ ભોજા ભગતના પરમ શિષ્ય બની ગયા હતા અને અવારનવાર તેના મુખની વાણી સાંભળવા ફત્તેહપુરમાં તેના ધર્માશ્રમમાં ભક્તિભાવે દર્શને આવતા.

આ પૂજ્યભાવ અને ભોજા ભગત પ્રત્યેની દીવાનની શ્રદ્ધા અને ભંક્તિ આજીવન સ્થિર રહેલી. કહેવાય છે કે દીવાન વિઠ્ઠલરાવે ભોજા ભગતને તેના આશ્રમની નિભાવણીના ખર્ચ માટે અમરેલી પ્રાન્તમાં જે જોઈએ તે ગામ પસંદ કરી લેવા વિનંતી કરી હતી. પરંતુ જેણે સર્વ પરિગ્રહોનો ત્યાગ કર્યો હોય એવા समलोष्टाश्मकाञ्चन: । (ઢેફું, પથ્થર અને સોનું જેને સમાન છે એવા) ભક્તો માયાના ફાંસલામાં શા માટે ફસાય? તેથી ભોજા ભગતે આ વિનંતીનો અસ્વીકાર કર્યો હતો.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચાબખાઓમાં એક પદ ખાસ નોંધવા જેવું છે :

'મન જે કરતા મોટાયું, તેની ઊપડી ગયું પાયું,
જે દિ' બાળકનો જન્મ થયો, તે દિ' વાગી વધાયું,
અંતે જમડા લઈ ગયા, પછી વાંસે રૂવે બાયું.'

જે માણસ, ધન, સત્તા અને મહત્તાનો નશો કરી ચકચૂર ફરે છે, તેની અંતકાળે શી દશા થાય છે તેનો આમાં નિર્દેશ છે. દોમદોમ સાહ્યબી અને ભક્તિ વિનાની ઠાલી ઠકરાઈમાં ઊંચે માથે ફરતા દીવાન વિઠ્ઠલરાવને ભોજા ભગતે કહ્યું :

'નોબત નિશાન ને ચમર ઢળતા, ફોજું ચોદિશે છાયું,
ઊઠી ગયા ને ઉજ્જડ થયા, તારા ગઢ કોઠાં ને ખાયું;
ચાકર આવીને સલામું ભરતા ને કરતા ઠકરાયું,
આંકના તૂર જેમ ઊડી ગયા, જેમ વંટોળિયે વાયું.'

અહીં ગઢ, કોઠા અને ખાયું દ્વારા બે અર્થો ધ્વનિત થાય છે. 'તારો આ દેહ જેને ચાકર આવીને સલામ ભરે છે, જે હુકમ ચલાવે છે, જેને શોભાવવા નોબત, નિશાન અને ચામરનાં રાજચિહ્નો છે અને જેનું રક્ષણ કરવા માટે ચારે દિશામાં તારી ફોજ ખડે પગે તૈયાર છે એ બધું તો નાશવંત છે. તારી કાયાનો આવો સુંદર અને મજબૂત ગઢ, તેમાં રચાયેલા કોઠા અને ખાયું કાલ ઉજ્જડ થઈ જશે, મહાકાળની વિકરાળ દાઢનો કોળિયો થઈ જશે.' એક અર્થ આ પ્રકારનો છે, તો બીજા અર્થમાં એવી હકીકત આલેખાયેલી છે કે દીવાન વિઠ્ઠલરાવે અમરેલીનું રક્ષણ કરવા તેની ફરતો કાળમીંઢ પથ્થરનો વિશાળ ગઢ બંધાવ્યો હતો. તેની ચાર દિશાઓમાં ચાર તોતિંગ દરવાજાઓની ભવ્યતા વધારતા કોઠા હતા અને ગઢની આસપાસ ઊંડી ખાઈ ખોદાવેલી હતી, જેમાં પાણી ભર્યું રહેતું.

પ્રાચીન સમયમાં નગરોનું રક્ષણ કરવા આ પ્રકારની વ્યવસ્થા થતી. આ બધા દુન્યવી વૈભવ અને રક્ષણ માટેની વ્યવસ્થા મહાકાળ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આગળ પામર છે તેવું સૂચન પણ સંતકવિએ અહીં કર્યું છે. આજે વર્ષોના વહાણાં વાયા પછી ભોજા ભગતનું આ કથન સત્ય બન્યું છે. મહાત્મા તુલસીદાસજીએ કહ્યું છે : केही जग काल न खाय । જગતમાં કાળ કોને નથી ખાતો? દીવાન વિઠ્ઠલરાવ તો ભોજા ભગતની હયાતીમાં જ મોટી ભેળી માટી થઈ ગયા હતા પરંતુ અમરેલીના તેના ગઢ, કોઠા અને ખાયું પણ ક્યારના કાળના ખપ્પરમાં હોમાઈ ગયા છે. હાલમાં અમરેલીમાં જે મામલતદાર ઑફિસ છે તે મકાનો દીવાન વિઠ્ઠલરાવના બંધાવેલા સત્તાવાર નિવાસો હતા, અને આજે જ્યાં રંગમહેલ છે ત્યાં કોઈક જગ્યાએ તેમને આસન કેદ કરવામાં આવ્યા હતા.

તુલસીદાસજીનું વચન છે કે સાધુપુરુષની અવજ્ઞા કરવામાં આવ તો તરત જ તેનું સમગ્ર કલ્યાણ નાશ પામે છે. ભોજા ભગતની અગ્નિપરીક્ષા કરી તેનું ફળ દીવાન વિઠ્ઠલરાવને તેની છેલ્લી અવસ્થામાં ભોગવવું પડેલ. દીવાન પોતે ગાયકવાડ રાજ્યથી સ્વતંત્ર થઈ અમરેલીના સંપૂર્ણ સરમુખત્યાર રાજા થવા માગતા હતા. આ હકીકતની ખબર એ વખતના વડોદરા રાજ્યના મહારાજા સયાજીરાવ–બીજાને (સમય ઈ.સ. ૧૮૧૯ થી ૧૯૪૭) પડતા, દીવાનજીને શિક્ષા કરવા માટે તાત્કાલિક વડોદરા બોલાવવામાં આવ્યા. તે ત્યાં જવા ઊપડ્યા ત્યારે રસ્તામાં કોઈએ તેમને બાતમી આપી ચેતવ્યા કે તેના કાવત્રાની ગાયકવાડ સરકારને ખબર પડી ગઈ છે, અને તેથી તેઓ તેને મારી નાખશે. આ રીતે હાથીના પગ નીચે કચડાઈ ભૂંડા હાલે મરવું તેના કરતાં પોતાના હાથે મરવું વધારે સારું એમ માની આ સ્વમાની યોદ્ધા વિઠ્ઠલરાવે વડોદરાથી થોડે દૂર ઝેરનો કટોરો પી જઈને આપઘાત કર્યો હતો. ભોજા ભગતે સાચું જ કહ્યું છે :

'માટી ભેળી માટી ભળશે,
કર્યાં ભોગવવા પડશે.'

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દીવાનજીના આ પ્રસંગ પછી ભોજા ભગત તેના ફત્તેપુરના શાંત આશ્રમમાં પ્રેમભક્તિના રંગે રંગાઈ અહોનિશ આનંદમાં રહેવા લાગ્યા. હવે પછી કાળ-કારીગરે તેના જીવન-મૌક્તિક ઉપર ત્રિવિધ પાસા પાડ્યા. ઈશ્વરભક્તિ, યોગસાધના અને કાવ્યસર્જન. અગાઉ જણાવ્યા પ્રમાણે દુનિયાદારીના હિસાબ પ્રમાણે ભોજા ભગત નિરક્ષર હતા. જો કે તેના બાવનાક્ષરી પદ ઉપરથી વિદ્વાનો એવો મત ધરાવે છે કે તેને બાવન અક્ષરોનું તો જ્ઞાન હોવું જોઈએ. ભોજા ભગતના હસ્તાક્ષરો અમારી પાસેની મૂળ પ્રતમાં નથી, તેમ જ બીજે કોઈ સ્થળે મળી આવ્યા નથી, તેથી તેઓ ભણેલાં નહિ જ હોય એ વાતને સમર્થન મળે છે.

પરંતુ જેનાં અંતર્ચક્ષુ ઊઘડ્યાં હોય અને જે પાર ઉતારનાર 'ત્રેપનમો અક્ષર' જાણતા હોય એવા યોગીકવિ નિરક્ષર કેવી રીતે સંભવે? તેઓ તો બ્રહ્મની મહાશાળાના સ્થિતપ્રજ્ઞ આચાર્ય છે!

ભોજા ભગતના બધાં જ પદો તેમના એક વિદ્વાન શિષ્ય જીવણરામ લખી લેતા. ક્રમ એવો હતો કે ભોજા ભગત પદ બોલતા જાય અને જીવણરામ લખે. કુંડલિની શક્તિની આ કેવી કૃપા! કાવ્યસર્જનના વ્યાપારમાં કવિ મનમાં કવિતા વિચારે, એને કાગળ ઉપર ઉતારે, પછી અનેકવાર મઠારે, કાવ્યના અભ્યાસીઓની સલાહ પ્રમાણે તેમાં ફેરફાર કરે અને ફરી લખે તો પણ બરાબર જામે નહિ. જ્યારે અહીં તો નખશિખ સુંદર કવિતાની સરવાણી અનાયાસ વહ્યા જ કરે. નહિ કોઈ પ્રયાસ, નહિ કોઈ પરિવર્તન. સંસ્કૃતના પ્રસિદ્ધ આલંકારિક રાજશેખરે કહ્યું છે : 'शब्दनां स्थापिते स्थैर्ये हन्त सिद्धा सरस्वती ।' (જ્યારે શબ્દોનું પરિવર્તન ન કરવું પડે અને કવિતામાં શબ્દ જે સ્થાને આવે ત્યાં બરાબર ગોઠવાઈ જાય ત્યારે કવિની સરસ્વતી સિદ્ધ થયેલી ગણાય છે. ભોજા ભગતની સરસ્વતી સિદ્ધ હતી એટલે કવિતામાં શબ્દો લયબદ્ધ ક્રમમાં ઊતરી આવતા.

જીવણરામના હસ્તાક્ષરમાં લખાયેલી અમારી પાસેની મૂળ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રત બોડિયા (કાનામાત્ર વિનાની) લિપિમાં છે. આ મૂળ પ્રત ઉપરથી દેવનાગરી લિપિમાં ત્રણ હસ્તપ્રતો તૈયાર કરવામાં આવેલી. તેમાં એક પ્રત ભોજા ભગતની જગ્યા, ફત્તેપુરમાં રાખવામાં આવેલી અને એક પ્રત ભોજા ભગતના બે મુખ્ય શિષ્યો વીરપુરના સંત જલારામ અને ગારિયાધારના સંત વાલમરામની જગ્યામાં સાચવવામાં આવેલ. આ ત્રણ હસ્તપ્રતોમાંથી હાલ એક જ પ્રત પ્રાપ્ત થાય છે. ફતેપુરમાં સાચવી રાખવામાં આવેલ પ્રત, ઈ.સ. ૧૮૯૦માં 'પ્રાચીન કાવ્યમાળા'ના સંશોધકો હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા તથા નાથાશંકર પૂજાશંકર શાસ્ત્રી ફત્તેપુર આવી, ભોજા ભગતના જ્ઞાની પૌત્ર લક્ષ્મણ ભક્ત પાસેથી લઈ ગયા હતા. આ પછી આ બન્ને સાક્ષરોએ ભોજા ભગતની સમગ્ર કવિતાનું સંપાદન કરી, વડોદરા રાજ્યના પ્રાચીન સંશોધન ખાતા તરફથી 'પ્રાચીન કાવ્યમાળા ગ્રંથ પાંચમો - ભોજાભક્તની વાણી' એ નામે પ્રગટ કરેલ.

તે સમયની ગામડાંની તળપદી ભાષાથી અપરિચિત આ બન્ને પંડિતોએ ભોજા ભગતની કાઠિયાવાડી ભાષાને અનેક સ્થળે બરાબર સમજાવામાં ભૂલ કરી છે. એટલે કેટલીક પંક્તિઓ ન સમજાતાં તેનો અર્થ જ નથી આપ્યો. કોઈ સ્થળે સંદિગ્ધ અર્થ કર્યો છે અને જ્યાં જ્યાં બીજો શબ્દ ગોઠવવાની અનુકૂળતા લાગી છે તેવી સંખ્યાબંધ પંક્તિઓમાં પાઠભેદ કરી, પોતાની રીતે અર્થ કરવાનો પ્રયાસ કર્યો છે અને આમ કરવા જતા આખી પંક્તિનો અર્થ વિસંગત અને હાસ્યાપદ બની જાય છે તે હકીકત આ ભાષાશાસ્ત્રીઓની ચકોર દૃષ્ટિ પકડી શકી નથી. આમાંથી બે-ચાર દૃષ્ટાંતો જ આ બાબતને સાબિત કરી આપવા માટે પૂરતાં છે:

ભોજા ભગતના એક પદમાં 'મટી માયલાની તાણ' એવી પંક્તિ છે. તેમાં 'માયલા' શબ્દનો અર્થ ન સમજાતાં 'મહિલા' શબ્દ મૂક્યો છે. માયલો એટલે શરીરની અંદર રહેલો જીવાત્મા. આ શબ્દ અનેક વેદાંતી કવિઓએ અનેકવાર ઉપયોગમાં લીધો છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભજનવાણીમાં તો એ ઘણીવાર ઘૂમતો હોય છે, છતાં પ્રાચીન કાવ્યમાળાના વિદ્વાનોને તે સમજાયો નહિ. 'બાવનાક્ષરી' પદમાં 'ધણી ટળીને કરજે ધર્મ' તેને બદલે 'ધરણી ઢળીને કરજે ધર્મ' એવો હાસ્યાસ્પદ પાઠભેદ આપ્યો છે, અને 'સમજ્યા નહિ સનાતન ધર્મ, કદખળિયા થઈ બાંધે કર્મ' આ પંક્તિમાં કદખળિયા શબ્દે તેઓને મૂંઝવ્યા છે. એટલે તેઓએ 'કો' દખળિયા'' એવો પાઠભેદ આપ્યો છે. 'ખરી નીતસે રાખે ખડા, આપુ કરણીના એ આંકડા' આ લીટીની વાચના બરાબર નહિ સમજાઈ હોય કે ગમે તેમ પરંતુ તેને બદલે 'દવરી નિત્ય તે એ ખેખડા' એવો પાઠ આપ્યો છે અને પછી તેનો અર્થ શું કરવો? એટલે વિવરણમાં મૌન સેવ્યું છે.

આપણે એ કબૂલ કરીએ કે ભોજા ભગતની ભાષા ક્લિષ્ટ છે, તેના કેટલાક તળપદુ રૂઢ પ્રયોગો અને ખેડૂતના જીવનમાંથી લેવામાં આવેલા પારિભાષિક શબ્દો, ગ્રામ્ય બોલી કે ખેતીકામના સંપર્કમાં ન હોય તેવા કોઈ પણ વિદ્વાનને ભાગ્યે જ સમજાય. દાખલા તરીકે, 'કરે છે કાંધમરડાઈ', 'આણુ વેગડ બલધિડા', 'કાલર્ય વાવો તમે કાં કરો', 'બીજ વાવ્યું જેણે બીડમાં', 'ઘણું નહિ થાય ધાતે' વગેરે. પરંતુ લોકમુખે બોલાતા ભજન સાહિત્યમાં અને વેદાંતજ્ઞાની કવિઓના કાવ્યમાં અવારનવાર નજરે ચડતા શબ્દોને પણ 'પ્રાચીન કાવ્યમાળા'ના સંશોધકો ઓળખી શક્યા નથી, તેમ જ તેને સમજવા માટે સામાન્ય રીતે કરવો જોઈતો પ્રયત્ન પણ તેઓએ કર્યો લાગતો નથી, તેમ જ ઘણે સ્થળે વિકૃત પાઠભેદ કરી ભોજા ભગતની સર્જકપ્રતિભાને અન્યાય કર્યો છે. આપણા પ્રાચીન સાહિત્યના અભ્યાસીને આ વાતનો રંજ થયા વિના રહેશે નહિ.

જો કે ભોજા ભગતના જીવન-કવનના પરિચય સાથે તેઓના અક્ષય સાહિત્યધનને અંધારી પેટીમાંથી બહાર કાઢી, ગુજરાતી ભાષાને ચરણે ધરી, તેની સમૃદ્ધિ વધારવાના આ મહાન કાર્ય બદલ તેઓ સન્માનના સંપૂર્ણ અધિકારી છે. 'ભોજા ભગતની વાણી'

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નામના આ પુસ્તકની દ્વિતીયાવૃત્તિ બહાર પડી નથી. તેમ જ જેવી રીતે શામળ, અખો કે દયારામ વિષે સાક્ષરોએ સંશોધન કરી, તેઓના જીવન અને સાહિત્યમાં રસ દાખવ્યો છે, તેવી જ ખોજ ભોજા ભગત માટે કરવાની કોઈની ઈચ્છા નથી થઈ તે પણ એક દુર્ભાગ્યની વાત છે!

બધા જ સાહિત્યસર્જકો અને વિવેચકો ભોજા ભગતને ચાબખાના કવિ તરીકે જાણે છે - સન્માને છે. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ લખનારા વિદ્વાનોં પરંપરાપ્રાપ્ત સાધનસામગ્રીમાંથી ભોજા ભગતનું ઝાંખું શબ્દચિત્ર દોરે છે. ઘણીવાર તો તે જોવું પણ ન ગમે તેવું હોય છે! ભોજા ભગતને ઓળખનાર દરેકને એટલી તો માહિતી હોય છે કે અમરેલી પાસેના ફત્તેપુર ગામમાં ભોજાભગતની જગ્યા છે, અને ત્યાં તેઓનાં સ્મૃતિચિહ્નો (પાઘડી, માળા, ચરણપાદુકા, ઢોલિયો અને સાહિત્ય) સાચવી રાખવામાં આવ્યાં છે, છતાં પણ બહુ જ થોડા લેખકો અને વિવેચકો ફત્તેપુર આવી ભોજા ભગતના જીવન-કવન વિષે પ્રત્યક્ષ પરિચય મેળવે છે. આ આપણી સંશોધનવૃત્તિની પામરતા છે. ભોજા ભગતની સર્વલક્ષી સાધના વિષે પ્રકાશ પાડતી ત્રણ જ સાહિત્યકૃતિઓ અત્યાર સુધીમાં પ્રગટ થઈ છે. હરગોવિંદદાસ કાંટાવાળા સંપાદિત 'ભોજા ભગતની વાણી', જયસુખરાય જોષીપુરાનું 'ભક્તકવિ ભોજલ' અને મારા પિતાશ્રી લવજી ભક્તે લખેલ પુસ્તિકા 'ભોજલગુણાનુવાદ.'.

એક ભૂલ ઘણીવાર ભૂલોની પરંપરા સર્જે છે. આ હકીકત વ્યવહારમાં જેટલી સાચી છે તેટલી જ સાહિત્યના ક્ષેત્રમાં પણ સાચી છે. સાહિત્યમાં સત્ય વાત ન જાણતા કોઈએ કરેલો ભૂલભરેલો ઉલ્લેખ મોટો વિવાદ સર્જે છે. અને જો કોઈ વ્યક્તિ આવી ભૂલને સુધારી લોકો સમક્ષ જાહેર કરવાનો પ્રયત્ન ન કરે તો સમય જતાં તે સત્યમાં લેખાય છે. ઈતિહાસ-પછી તે સાહિત્યનો હોય કે સમાજનો, તેમાં શક્ય તેટલું સંશોધન કરી, સત્ય હકીકતો જ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રગટ કરવી જોઈએ એવી વૃત્તિની ખામીને લીધે કેટલાક પ્રાચીન ગુજરાતી સાક્ષરોએ ભોજા ભગતના વતન અને જ્ઞાતિ વિષે ભૂલો કરી છે.

'પરું અમરેલી પાસે ગામ, ફત્તેપુર રેહવાનું ઠામ,
કુળ કણબી સાવલિયો છું, સર્વ સંતનો દાસ જ હું.

આ રીતે પોતાનો સ્પષ્ટ પરિચય; ભોજા ભગત તેના 'ભક્તમાળ' કાવ્યના અંતમાં આપે છે. છતાં પણ સાક્ષરમાળામાં જોષીપુરાએ 'જામ-એ- જમશેદ'માં આવેલ એક વિવાદાસ્પદ પ્રશ્ન ભોજા ભગત વિષે ઉઠાવ્યો છે. તેમાં જણાવ્યું છે : 'ભોજલરામ (ભોજા ભક્ત) નવસારીના તિગ્રા ગામનો કાં ન હોય? આ પ્રશ્ન વિચારવા જેવો છે અને આશા છે કે ગુજરાતી સાક્ષરો તે વિષે ચર્ચા ચલાવી, એક નિર્ણય ઉપર આવી જશે.'

તો કેટલાક વિદ્વાનોએ ભોજા ભગતના કેટલાક શબ્દપ્રયોગો ઉપરથી એવું અનુમાન કર્યું કે ભોજા ભગત હરિજન વણકર હોવા જોઈએ અને ગુજરાતમાં નડિયાદ બાજુના ગામડાંમાં થયા હોવા જોઈએ. તો ઘણા વળી તેને મોચીજ્ઞાતિમાં થયેલા માનતા, અને સાહિત્યના ઈતિહાસમાં પોતાની માન્યતાને સમર્થન આપવા દલીલો ઉપજાવી કાઢતા. આવી જ ભૂલના ભોગ બની, 'ભગવદ્ગોમંડલ'ના કર્તા ગોંડલના ચંદુલાલ બહેચરભાઈ પટેલે 'ગાંધીજ્ઞાનકોશ'માં વણકરમાંથી ભોજાભક્તની ઉત્પત્તિનો ઉલ્લેખ કર્યો છે. એક ભક્તકવિ પોતાનો સ્પષ્ટ પરિચય તેનાં પદોમાં એક કરતાં વધુ વખત આપતા હોય છતાં તેની જ્ઞાતિ અને વતન માટે અનેક તરંગી પ્રશ્નો ઉઠાવાય તે તો આંખે પાટા બાંધી રાખવાની 'ગાંધારીવૃત્તિ' જ ગણાય!

મહાત્મા ગાંધીજીને તેના આધ્યાત્મિક સ્વભાવ પ્રમાણે ગુજરાતી સાહિત્યમાંથી બે પદો અત્યંત પ્રિય હતાં. તેમાં એક હતું સાચા વૈષ્ણવની વ્યાખ્યા આપતું નરસિંહ મહેતાનું કાવ્ય 'વૈષ્ણવજન' અને બીજું હતું ભોજા ભગત રચિત અનન્ય શ્રદ્ધાની કથા કહેતું

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'કાચબા-કાચબી'નું ભજન. પરંતુ ઉપર્યુક્ત ભૂલના ચકરાવામાં ગાંધીજી પણ આવી ગયા હશે એટલે તેના મનમાં એવો ખ્યાલ રહી ગયેલો કે ભોજા ભગંત જ્ઞાતિએ મોચી છે. ઈ. સ. ૧૯૨૦માં મારા પિતાશ્રી લવજી ભક્ત મુંબઈમાં મહાત્મા ગાંધીજીને મળ્યા હતા, ત્યારે પણ અન્યોઅન્યની સમજફેરથી આ બાબતનું સ્પષ્ટીકરણ થયું ન હતું.

ગાંધીજીએ મારા પિતાશ્રીને પૂછ્યું, 'તમે ભોજા ભગતના વંશજ છો તો તેનો મૂળ ધંધો કરો છો કે નહિ?' મહાત્માજી ભોજા ભગતને મોચી માનતા હતા તેથી આ સવાલ પૂછતી વખતે તેમને મોચીનો ધંધો જ અભિપ્રેત હતો, જ્યારે ભોજા ભગત કણબી હોવાથી તેનો ખેતીનો વ્યવસાય હતો અને મારા પિતાશ્રી પણ ખેતીકામ જ કરતા, તેથી તેણે જવાબમાં હા પાડી. પરિણામે આ મુલાકાત વખતે પણ ભોજા ભગતની જ્ઞાતિ વિષે થવી જોઈતી સ્પષ્ટતા ન થઈ અને ભોજા ભગત મોચી જ છે એવી ગાંધીજીની માન્યતાને સમર્થન મળ્યું.

ભારતના આ ભાગ્યવિધાતા દેશમાંથી અસ્પૃશ્યતાના દૂષણને દૂર કરવા ઇચ્છતા હતા. તેથી ત્યારપછીના સમયમાં આ પ્રવૃતિને તેણે વેગવાન બનાવી. એક વખત 'નવજીવન'ના એક અંકમાં ગાંધીજીએ લેખ લખ્યો, તેમાં તેણે જણાવ્યું હતું કે વ્યક્તિમાં સંસ્કાર અને ગુણ મહત્ત્વના છે, જ્ઞાતિ કે કુળ નહિ, અને આ વિચારને ટેકો આપવા માટે તેઓએ મોચીમાંથી ભોજા ભગત જેવા મહાપુરુષનો જન્મ થયો છે તેનું દૃષ્ટાંત આપ્યું. ભોજા ભગતનાં વંશજોએ અને સેવકોએ મહાત્માજીને આ ભૂલ દર્શાવતા પત્રો લખ્યા ત્યારે જ તેઓને માહિતી મળી કે ભોજા ભગત જ્ઞાતિએ કણબી છે. એટલે પછીના 'નવજીવન' અંકમાં બાપુએ પોતાની ભૂલ કબૂલ કરી અને માફી માગતા લખ્યું કે 'મેં ભોજા ભગતને મોચી કહ્યા તેથી એ સમદર્શી મહાભુરુષના આત્માને તો દુઃખ નહિ જ થયું હોય.'

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભોજા ભગતની કાવ્યસાધના

ભક્તિયુગના કોઈપણ કવિના કવનને યથાર્થ સમજવા માટે પશ્ચાદ્ ભૂમિકામાં તેના સમગ્ર જીવનને જાણી લેવું અત્યંત આવશ્યક છે. ભોજા ભગતની કવિતાનું દર્શન તો તેના જીવનનાં ઉન્નત શિખરો ઉપર ચડીને જ કરી શકાય! નૈષ્ઠિક બ્રહ્મચારીપણું, 'સંસારના સુખડા રે કડવો લીંબડો' એવા અનુભવમાંથી જન્મેલ વિરક્તિ, દુર્લભ યોગસાધના, બ્રહ્મોપાસનામાં લીન વ્યક્તિત્વ, અનન્ય શ્રદ્ધા અને તજ્જન્ય ભક્તિ, નિરક્ષતા અને તત્કાલીન ગ્રામ્ય વાતાવરણ, આ બધાં તત્ત્વોની ભોજા ભગતના કવિતાસાહિત્ય ઉપર પ્રભાવક અસર પડી છે. 'અનાહત નાદ' તેની મનોભૂમિમાંથી પસાર થઈ મધુર શબ્દાવલિનો દેહ ધારણ કરે છે.

ફત્તેપુરના તેના શાંત આશ્રમમાં જ તેણે કવિતાદેવીની આરાધના કરી છે. ભક્ત અખાએ જેમ વધારેમાં વધારે પરિભ્રમણ કરેલું તેનાથી વિપરીત રીતે ભોજા ભગતે ઓછામાં ઓછું પરિભ્રમણ કરેલું. તીર્થાટનમાં તેઓને જરા પણ શ્રદ્ધા ન હતી. 'ઘેર બેઠા તું નહાની ભાઈ! કરી લે સંત સાથ સગાઈ' એમ કહેનાર તેઓ એક જ સ્થળમાં નિવાસ કરી સંતસમાગમને વિશેષ મહત્ત્વ આપતા. જો કે ભોજા ભગતને અનેક સંતો, મહંતો, ભક્તો, ફકીરો, ઓલિયાઓ અને પીર પયગંબરોનો પરિચય હશે તેમ તેની ભક્તમાળ નામની કૃતિ અને અસંખ્ય પદો ઉપરથી સ્પષ્ટ જણાય છે.

ભોજા ભગતની સમગ્ર કવિતાને છ વિભાગમાં વહેંચી શકાય તેમ છે. જો કે આ વિભાજન સંપૂર્ણ શુદ્ધ નથી. એક વિભાજનનું વિષયવસ્તુ બીજામાં જોવા મળે છે : (૧) બાવનાક્ષરી, મહિના, તિથિ અને વારના પરંપરાનાં કાવ્યોં, (૨) યોગનાં કાવ્યો, (૩) સમાજસુધારા અને ઉપદેશનાં કાવ્યો, (૪) આખ્યાનં અને ભક્તમાળ, (૫) શૃંગારનાં પદો, (૬) વૈરાગ્ય અને ભક્તિનાં પદો.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નાના-મોટા બધાં મળી કુલ ૧૮૨ પદો 'પ્રાચીન કાવ્યમાળા'ના સંપાદકોએ 'ભોજા ભક્તની વાણી'માં સંપાદિત કર્યાં છે. અમારી પાસેની હસ્તપ્રતમાં પણ આટલાં જ પદો છે, પરંતુ નાથબાવા, તંબૂરિયા અને ભજનિકોના મુખે ગવાતાં ભોજા ભગતનાં ઘણાં ભજનો સાંભળવા મળે છે, જે અમારી પાસેની હસ્તપ્રતોમાં નથી.

ભોજા ભગતની પ્રતિભા યોગ, ભક્તિ અને જ્ઞાનના ત્રણ પ્રકારના ક્ષેત્રમાં વહેંચાયેલી હતી. પરંતુ તેઓ પૂર્વજન્મના યોગી હતા તેથી તેનાં પદોમાં યોગની ભાષા અને વાતો વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. 'સંતો! દિયા રે અગમ પર ડેરા', 'સંતો! મૂળ રે ગ્રહે તો ફળ પાયે' જેવાં કેટલાક આખા કાવ્યો કુંડલિની શક્તિની જાગૃતિ અને ઊર્ધ્વગતિનું સ્વાનુભવી વર્ણન કરે છે. નાભિકમળ, નૂરતા, સૂરતા ત્રિકૂટિ, ગગનગુફા, અનહદનાદ, શૂન્યશિખર, ઈડા, પીંગળા અને સુષુમ્ણા વગેરે શબ્દો પરાવાણીના ગાયકોમાં વારે વારે આવે છે, પરંતુ ભોજા ભગતનાં પદોમાં જ્યારે એ વપરાય છે ત્યારે એમાંથી સત્ય અનુભવનો પ્રેરક રણકો સંભળાય છે. ભક્તિ અને વૈરાગ્યના ઝરણાં યોગજ્ઞાનના પ્રવાહ સાથે એવા એકરૂપ થઈ જાય છે કે તેનું પાન કરવાથી ભેદદષ્ટિનું ભાન ભુલાઈ જાય છે.

પ્રભાતિયાં, સરવડા, મહિના, તિથિઓ, કીર્તન વગેરે પદોમાં નર્યો વૈરાગ્ય અને ઉત્તમ ભક્તિનું પૂર વહે છે. તો 'સંતો! મુનિવર મન સમજાયા' અને 'સંતો! કોઈ બૂઝે બાવન બારા' વગેરે પંક્તિઓથી આરંભાતાં પદોમાં યોગનું સુંદર આલેખન છે. ચાબખાઓમાંથી મોટા ભાગનાં પદો, બાવનાક્ષરીની સંખ્યાબંધ કંડિકાઓ સમાજની રૂઢિઓ, વહેમો, દંભો અને પાખંડો ઉપર ઉગ્ર પ્રહાર કરે છે. 'કાચબા-કાચબી'નું ભજન અનન્ય શ્રદ્ધાની કથા કહેતું સરળ અને રૂપાળું રૂપક કાવ્ય છે. 'સેલૈયા-આખ્યાન' પ્રાસાદિક શૈલીમાં 'નેમવંતી નરનાર' સગાળ શેઠ અને સંધ્યાવતીની કથા કહેતું ગુજરાતના આખ્યાન સાહિત્યમાં ભાત પાડે તેવું છે. શૃંગારનાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દસ પદો એવાં રસિક છે કે પ્રત્યેક પંક્તિમાંથી મીરાંની કાવ્યમધુરતા અને નરસિંહ મહેતાનું પદલાલિત્ય ઝરે છે. વૈરાગ્યના ગાયક ભોજા ભગતની અર્થગહન, ગંભીર અને ક્લિષ્ટ શૈલી આ કાવ્યોમાં સરલતા અને સુંદરતાના સ્વાંગ સજી શોભી ઊઠે છે!

'નાભાએ ભક્તમાળ ગાઈ છે મોટી,
અને ભોજાએ ભક્તમાળ ગાઈ છે છોટી.'

એવી કબૂલાત કરી ભોજા ભગતે નાભા સ્વામીના અનુકરણમાં 'ભક્તમાળ' નામનું એક મોટું કાવ્ય રચ્યું છે. આ ભક્તમાળમાં ખાસ કોઈ વિશેષતા નથી, પરંતુ પુરાણકાળથી માંડીને અર્વાચીનકાળ સુધીમાં થયેલા સંખ્યાબંધ ભક્તોની માત્ર નામાવલી કાલક્રમનો ખ્યાલ રાખ્યા વિના આપી છે. તેમાં તેના સમયના ભક્તોની પણ યાદી છે. જો કે પ્રત્યેક ભક્તની એકાદ વિશેષતા ખૂબ જ લાઘવથી દર્શાવી દીધી છે. ઉદાહરણ તરીકે, જામનગરના આણદાબાવા વિષે લખે છે : 'આણદા મન ભયો આનંદ લખચોરાશી છૂટ્યો ફંદ.' અમરેલીના મૂળદાસજી વિષે કહ્યું છે : 'અમરેલીમાં મોટો મૂળદાસ, જેની પ્રભુ આવતા પાસ.' પરબની જગ્યાના સંત શાર્દૂલ વિષે જણાવ્યું છેઃ 'પરબે શારદૂળો પરગટ પીર, કોઢ ટાળે ગંગાના નીર.' આ ભક્તમાળમાં આ સિવાય કોઈ રસિકતા નથી; જોકે પુણ્યશ્લોક ભક્તોની નામાવલિનો પાઠ કરવાથી થતો પુણ્યલાભ તેમાંથી જરૂર મેળવી શકાય અને આત્મચેતનાના માર્ગે ડગ માંડી શકાય!

'આ સંસાર અસાર છે અને બ્રહ્મપ્રાપ્તિ એ જ જીવનનું અંતિમ ધ્યેય છે.' એ તેમની કવિતાનો નિગૂઢ ધ્વનિ છે અને આ પ્રકારનું આત્મજ્ઞાન તો કોઈ જીવન્મુક્ત સદ્‌ગુરુની કૃપા હોય તો જ મળી શકે, માટે સંતસ્મરણ, આત્મવિશ્વાસ અને પ્રભુભજન ઉપર ભોજા ભગત ખૂબ જ ભાર મૂકે છે. માયાવશ જીવને ભક્તિનો રંગ ચડે, એટલા માટે આ સનાતન સત્યને કવિતાની ખરલમાં ભોજા ભગતે અવિરત ઘૂંટ્યા કર્યું છે. અને તેમ કરવા જતાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કાવ્યકલાની દૃષ્ટિએ પુનરુક્તિદોષ કે નીરસતાના આરોપને પણ તેણે ગણકાર્યો નથી. 'સદ્ગુરુ ચરણે રહેજે ભયા', 'ભોજલ ભરોંસે મળશે ભગવાન' અને 'સંત સેવી લે સાચે મને' આવો કલરવ તેની કાવ્યકુંજમાં સતત ગુંજ્યા કરે છે.

'જીવને શ્વાસ તણી સગાઈ, ઘરમાં ઘડી ન રાખે ભાઈ', 'આ તનસુખ ધૂમરની હેલી રે', તેમ જ 'દુનિયા ડોલવા લાગી રે' એવું સત્યજ્ઞાન દર્શાવી, સંસારની અસારતાનું પ્રતિપાદન કરી,. મનુષ્યને ભક્તિમાર્ગે ચાલવાનો ઉપદેશ આપ્યો છે. પરંતુ આ સર્વ કરતાં તો એક સુધારક તરીકે લોકમાનસને ઘડવાના કાર્યમાં તેનો ફાળો નોંધપાત્ર છે. 'ચાબખા'ના પ્રહારથી તો તેણે તત્કાલીન સમાજને કોરી ખાતાં અનિષ્ટોને મારી હટાવ્યાં છે. અગાઉ જણાવ્યા પ્રમાણે આ ચાબખાઓમાં તેની કવિપ્રતિભા અનોખી રીતે પ્રકાશી ઊઠે છે. ભાષા ગ્રામ્ય છતાં હૃદયંગમ, શૈલી સાદી સરળ છતાં ચોટદાર, અભિવ્યક્તિ સ્પષ્ટ છતાં રોચક, અલંકારો થોડા પણ યથાસ્થાને શોભતા, વૈરાગ્યનો વિષય છતાં વિશદતા–ચાબખાઓમાં ગૂંથાયેલાં આ બધાં તત્ત્વો ભોજા ભગતને એક ઉત્તમ કવિ તરીકે મધ્યયુગના તેજસ્વી કવિઓની હરોળમાં મૂકે છે.

સમાજમાં ઘર કરી ચેલા સડાને તેણે માર્મિક આ સચોટ ભાષામાં ખુલ્લો પાડ્યો છે. 'મન ચડ્યું મોટપને પેટે, તેણે કરી સાહેબસે છેટે', 'મુરખાની દાઢી થઈ ધોળી રે' અને 'દુનિયા દીવાની કહેવાશે' વગેરે ચાબખાઓમાં આ હકીકતને સમર્થન મળે છે. આ રીતે અધ્યાત્મ જ્ઞાનનું ધીર ગંભીર સંગીત રેલાવતા, ઈશ્વરના વિરાટ સ્વરૂપનું દર્શન કરાવતા, મહાન ભજનસાગરના ભોજા ભગત તો કુશળ વહાણવટી હતા-પ્રેમભક્તિના શાહી સોદાગર હતા. આ દુસ્તર સાગર ખેડીને અમૂલ્ય રામરતન અને હરિ-હીરાનું મહાન ધન તેણે ગુજરાતને ચરણે ધર્યું છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભોજા ભગતની ભાષાશૈલી

ભોજા ભગત ગ્રામ્ય વાતાવરણમાં ઊછરેલા હતા. શાળાનું શિક્ષણ નહિ મળવાને લીધે, તેના પુરોગામી સાહિત્યકારોના સર્જનથી અલિપ્તં રહેલ હોવાથી તેની ભાષા કઠોર અને ક્લિષ્ટ છે, અને ગામઠી અને તળપદુ શબ્દપ્રયોગના બહોળા ઉપયોગને કારણે અનેક સ્થળે દુર્ગ્રાહ્ય અર્થવાળી બની છે. વળી, તેના કવનનો વિષય સર્વ રસોથી પર એવા વૈરાગ્યનો છે, અને ભોજા ભગત એ વાત સારી રીતે જાણે છે કે જીવને વૈરાગ્યમાં પ્રેરવા માટે અને મોહનિદ્રામાંથી જગાડવા માટે અત્યંત કટુભાષા જ પરિણામે મધુ બને છે. આથી જ્ઞાનનાં પદોમાં લાલિત્યના અંશો સ્વાભાવિક રીતે જ ઓછા છે.

પરંતુ મર્યાદાનું અતિ ઉલ્લંઘન થયું હોય એવું તેના સાહિત્યમાં જોવા મળતું નથી. 'અંધા! અક્કલ ઊઠી ગઈ', 'બુદ્ધિહીણા! શું બોલ છ વેણ', 'શઠ, ફટ, બુઢ્ઢા! એમ સહુ કરે', 'માચાત્રોડ મરે તો ઠીક', 'જેમ ડીલ ઘાલ્યું ઘેટે', વગેરે શબ્દપ્રયોગોને લીધે કેટલાક વિવેચકો એક માને છે કે ભોજા ભગતની ભાષા અશિષ્ટ, અસંસ્કારી અને રસવિહીન છે. 'ગુજરાતી સાહિત્યની રૂપરેખા' ગ્રંથમાં સાક્ષરશ્રી વિજયરાય કલ્યાણરાય વૈદ્ય ભોજા ભગત માટે લખે છે : 'પ્રાણિયા! ભજી લે ને કિરતાર' તેમ જ 'જીવને શ્વાસ તણી સગાઈ' એ ભોજા ભગતના સહુથી જાણીતાં પદો, જુગુપ્સોત્પાદક હોઈને બન્નેને મધ્યકાલીન કવિતા સાહિત્યના કદાચ સૌથી વધારે બીભત્સરસિક નમૂના કહી શકાય.'

પરંતુ મુરબ્બીશ્રી વિજયરાય વૈદ્યનું ઉપરનું વિધાન અંશતઃ જ સત્ય છે, એ વાત ઉપરનાં બન્ને પદોનો બરાબર અભ્યાસ કરવાથી સમજાઈ જશે. આ પદો ભોજા ભગતના અધિક લોકપ્રિય ચાબખાઓ છે. જે માયાવી જીવ, 'સેજ તળાયું વિના સૂતો નહિ ને હુન્નર કરતો હજાર', તેને 'ખોરી ખોરીને ખૂબ બાળશે, જેમ લોઢ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ગાળે લુહાર' તેમ દર્શાવી, સંત કવિએ દેહની ક્ષણભંગુરતા અને સંસારની અસારતાનું સરસ રીતે પ્રતિપાદન કર્યું છે. લક્ષ્મીના વૈભવો, સ્ત્રી-પુત્ર અને પરિવાર એ બધું નાશવંત છે. મૃત્યુ પછી તેમાંનું કશું સાથે આવતું નથી, એ સનાતન સત્યને રજૂ કરવાથી કોઈ પણ પદ બીભત્સરસિક બની જતું નથી. જો કે 'ઠીક કરીને તેને ઠાઠડીમાં ઘાલ્યો' અને 'ઉપર ફરેરા ફરહરે ને હેઠે શ્રીફળ ચાર' વગેરે પંક્તિઓ પ્રથમ નજરે જુગુપ્સા ઉત્પન્ન કરનારી લાગે છે, પરંતુ મનને જ્ઞાનના અગ્નિમાં વિશુદ્ધ કરી, તેનો વિચાર કરવામાં આવે તો, આ શબ્દો વધારે સાર્થક લાગશે.

'જીવને શ્વાસ તણી સગાઈ' ચાબખામાં તો સ્વારથ લાગી करहिं सब प्रीति । સંત તુલસીદાસના આ મહાવાક્યનું પ્રતિબિંબ પાડતા આ આખા પદમાં સાંસારિક સંબંધની પોકળતા પોતાની શૈલીમાં રજૂ કરી છે. ब्रह्म सत्यं जगन्मिथ्या । એવી પ્રતીતિ કરાવવામાં, મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં, કદાચ સર્વથી વધારે ઉત્તમ એવાં આ બન્ને પદોને, 'બીભત્સરસિક નમૂના' કેવી રીતે અને શા માટે કહ્યા હશે તે હકીકત સમજાતી નથી. ખરી હકીકત તો એ છે કે દુનિયાના દંભો અને અજ્ઞાની જીવનું મિથ્યાભિમાન જોઈ, ભોજા ભગતનો પુણ્યપ્રકોપ ભભૂકી ઊઠે છે અને તેથી જ વૈરાગ્યનાં આ પદોની ભાષા દઝાડે તેવી ઉગ્ર છે.

પરંતુ પ્રેમભક્તિની વાત કરતાં પ્રભાતિયાંમાં અને શૃંગાર વૈરાગ્યના પરસ્પર વિરોધી રસોને એકત્ર મિલાવતી હોરીઓમાં, સૌમ્ય અને સુંદર ભાષામાં વહી જતાં સેલૈયા આખ્યાનમાં, અને મોહનને મળવા ઘેલી બનેલી ગોપીઓની દશાનું વર્ણન કરતાં શૃંગારનાં પદોમાં ભોજા ભગતની ભાષા નવીન રંગરૂપ ધારણ કરે છે. સરળતા અને રસાળતાનું મિલન થાય છે. ચાબખાનો માર ખાઈ ત્રાસેલો અને તત્ત્વજ્ઞાનના વનને વટાવી થાકેલો મનુષ્ય, આ લલિત પદાવલીના હરિયાળા ઉપવનમાં પ્રવેશ કરી, આનંદ અને શાંતિ અનુભવે છે. જે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પરમતત્ત્વને જાણવાથી આ દુનિયામાં કશું જાણવાપણું રહેતું નથી, એવો આત્મસાક્ષાત્કાર કરનાર યોગી ભોજા ભગતની વાણી તેને આધીન થઈને રહે છે, અને તેથી જ અભણ હોવા છતાં, તેનામાં બહુમુખી પ્રતિભાનાં દર્શન થાય છે. એક તરફ 'ખલા ખાવા', 'એક રાશે રહેવું', 'પીળે પાને કરવું', 'ઘમતળિયે ઘાલવું', 'ખેલખાના' જેવા ગ્રામ્ય રૂઢપ્રયોગો તેની ભાષામાં જોવા મળે છે, તો બીજી બાજુ પસાય, વપુ, સુકૃત, વદન સુકોમલ, અઘઓઘ, તરણિતત્વ જેવા શુદ્ધ સંસ્કૃત શબ્દોનો ઉપયોગ પણ ઠેરઠેર થયો છે.

તેમ જ બંદા, કલમા, નૂર, તખત, તમાસા, કલેજુ, સાહેબ, ખાવિંદ જેવા ઉર્દૂ શબ્દો પણ સહજ રીતે તેની ભાષામાં વણાયેલા છે. તો વળી ઘણે સ્થળે 'શ્વાસ'ને બદલે 'સવેસા', 'ક્ષણ'ને માટે 'ખનુ', 'પર'ને સ્થાને 'પિયાર', 'પાતાળ'ની જગ્યાએ 'પિયાળ' અને 'વૃત્તિ'ને બદલે 'વરતિ' જેવા પ્રાકૃત શબ્દો તો અસંખ્ય છે. આ ઉપરાંત ભોજા ભગત હિંદી મિશ્રિત ગુજરાતી ભાષાનો પણ ઉપયોગ કરે છે. तेरा, मेरा, जैसे, कायसे, (कैसे) लिजे दीजे, जायेगो अब, कर्म केरी, सोई अनुका (उनका) વગેરે શુદ્ધ-અશુદ્ધ હિન્દી શબ્દો અને પ્રત્યયોનો પ્રયોગ, ભોજા ભગતની ભાષાને મોહક વિલક્ષણતા આપે છે. આમ હોરીનાં પદો વ્રજભાષામાં છે, છતાં પણ પંચામૃતના જેવું મધુર ભાષાનું આ મિશ્રણ, કાવ્યરસનું ઘાતક નહિ પણ પોષક બને છે.

'ગુરુ ગમ વિના ગાલ બજાવે, હું તું ખેલે હોરી;
ઉપર રંગ ગુલાલ ભયો હે, ભીતર ખાખ ભરો રી;
કૈસે મીલે નંદકિશોરી.'

તેમ જ

'ફાગકો રાગ સુની સબ ગ્વાલન અનહદ થઈ અનુરાગી,
એક એકની સાન સમજકે જાહેર હોકર જાગી,
ગઈ સબ તન, ધન ત્યાગી.'

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉપરની પંક્તિઓમાં હિન્દી અને ગુજરાતી એકરૂપ બની જાય છે. ભાષા એકબીજાની વિરુદ્ધ નથી જતી પરંતુ બન્નેનો સુભગ સમન્વય વાણી અને અર્થને અધિક રમણીય બનાવે છે. આમ એકંદરે ભોજા ભગતના શબદપ્રયોગો ઘણે સ્થળે वज्रादपि कठोराणि । વજ્રથી પણ કઠોર છે તો મૃદૂની कुसुमादपि । પુષ્પ કરતાં પણ કોમળ છે. શૈલી ક્લિષ્ટ છે તો સરળ પણ છે. અખાની માફક ભાષા તીખી, ઉગ્ર અને વેધક છે તો અંતમાં કલ્યાણ કરનારી પણ છે. ભોજા ભગત જે હાથે વૈરાગ્યની ધારદાર તરવાર ચલાવે છે તે હાથે પ્રેમનું મધુર અમી પણ છાંટે છે.

'લગની લાલનસે લાગી, લાગી રે લગની લાલનસે,
રિતુ વસંતને રમવા ચાલી, જેને વચનગલોલી વાગી;
કામણગારે કોઈ પેર દાગી.'

તેમ જ

'ગોકુળિયું તો ગોવિંદ વિના ખોરડા ખાવા ધાય રે,
જીવન વિના જીવવું એ તો જુગ સમો દિન જાય રે.'

તેમ જ

'છોકરડે સરખે રે અમને છેતર્યાં
છળ કરીને કાંઈ છળિયે દીધી છેહ જો.'

વગેરે પંક્તિઓમાં અનાયાસ પ્રગટ થતું શબ્દોનું ઔચિત્ય, ભાષાનું લાલિત્ય અને અર્થોનું રમ્યત્વ, સંતકવિની સર્જકશક્તિનું દર્શન કરાવવા સમર્થ છે. અલંકારશાસ્ત્રનો અભ્યાસ ન હોવા છતાં ભોજા ભગતની કાવ્યદેવીએ બહુ જ સ્વાભાવિક રીતે શબ્દાલંકારો અને અર્થાલંકારોને છૂટથી છતાં શોભી ઊઠે તેવી રીતે ધારણ કર્યા છે. જેઓને અલંકારોનો શાસ્ત્રગત પરિચય ન હોય તેમ જ જેને અલંકારોના નામની પણ માહિતી નથી તેવા કવિના કાવ્યમાં અંતરની પ્રેરણાથી સહજ રીતે વ્યક્ત થતા અલંકારો ઘણી વાર અતિશય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સુંદર અને આકર્ષક હોય છે. ભોજા ભગતની બાબતમાં પણ આમ જ બન્યું છે. તેનાં બધાં જ કાવ્યોમાં એક પણ પંક્તિ એવી નથી જેના અક્ષરોં વચ્ચે સુમેળ ન હોય. વર્ણસગાઈ (ઝમક) દરેક ચરણમાં કર્ણપ્રિય સંગીત ઉત્પન્ન કરે છે. શબ્દાનુપ્રાસ અને અંત્યાનુપ્રાસ અલંકારો પણ એટલા જ મનમોહક છે. આનાં અસંખ્ય ઉદાહરણોમાંથી માત્ર બે-ચાર જ આ હકીકતની સાક્ષી પૂરશે.

'અમે અબળાએ આમ ન જાણ્યું, વાટડી જોતી રહી રે,
માવજી વિના મેળવ્યા રયાં મારા મોંઘામૂલા મહી રે,'
'ભંભેરી જેણે ભોળવી રાખ્યા, ભૂધરજીને ભઈ રે',

તેમ જ *'હતી મારે હૈડે હરજીની હામ ઘણી'*

અને *'પ્રથમ સતયુગમાં પ્રહ્લાદને પીડિયો*
ભીડીયો થંભ તે લોહ તાતો,
(તોય) ધીર નવ ધડકિયો, થંભ બહુ કડકડિયો,
થડકિયો શેષ ત્રૈલોક જાતો.

અર્થાલંકારોમાં દ્દષ્ટાંત, શ્લેષ, રૂપક, ઉપમા વગેરેનો ઉચિત ઉપયોગ, વૈરાગ્યના અર્થને શણગારવામાં સહાય કરે છે. આમાં સર્વથી વધારે ધ્યાન ખેંચે છે દ્દષ્ટાંત અલંકારો. અખાની માફક યોગ્ય દ્દષ્ટાંતો આપી, ગૂઢ અગમ્ય જ્ઞાનની બાબતોને સરલ અને સોહામણી રીતે સમજાવવાની શક્તિ ભોજા ભગતમાં સંપૂર્ણ ખીલી છે. જો કે અખાનાં દ્દષ્ટાંતોનું ફલક ખૂબ વિશાળ અને વૈવિધ્યપૂર્ણ છે, જ્યારે ભોજા ભગત ખાસ કરીને ગ્રામ્યજીવન અને ખેતીકામના પ્રસંગોમાંથી દ્દષ્ટાંતો આપે છે. ઉદાહરણ તરીકે -

'આંકના તૂર જેમ ઊડી જાશે, જેમ વંટોળિયે વાયુ,'
'જેમ પાવકથી દારૂ પરજળે, તેમ અઘેં નામે અઘઓઘ જ જળે.'
'આવાગમનનું એને કાંઈ અડે નહિ, જેમ કાંચળ તજીને ભોરંગ જાવે.'

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'જેમ બળી ચીંદરી અગ્નિમાં જઈ ભળી, આકાર દીસે પણ અર્થ ના'વે.'
'ભોજલ ભક્તિ તણું એવું રૂપ ડોલરિયા જેમ દીપશે રે.'
'દેખવા માત્રમાં દીસે રૂપાળો જેમ રંગ ઘાલ્યો ટેટે રે.'
'જેમ તરુવર પંખી આવી મળે, પ્રાતસમય ઊડી નીકળે.'
'બીજ વાવ્યું જેણે બીડમાં નર નીપજમાં કેદિ ન્હોય.'
'કાલર્યવાવો તમે કાંકરો, ખેતરબીજ ખાવે રે.'

બ્રહ્મજ્ઞાનને પ્રગટ કરતાં પદો, તિથિઓ અને વારમાં યોજાયેલ અલંકારો તો એવા સુંદર છે કે ભોજા ભગતની આ કુશળતા માટે આપણને માન થાય છે. ઉદાહરણ તરીકે વારના પદમાં–

'રવિગુરુ ઊગ્યા ને ગઈ રાતડી, મારું ઘટ અજવાળ્યું'
'સોમે મન સહેજે શીતલ થયું'

અહીં રવિ અને સોમ વગેરે વારના નામની સાથે રવિ એટલે સૂર્ય અને સોમ એટલે ચન્દ્ર વગેરે અર્થો દ્વારા કેવા મનોહર શ્લેષ અલંકાર બને છે! તિથિઓના પદમાં–

'તે-રસ બ્રહ્મ અજર છે, જીરવે સો નર જાગી.'

આ પંક્તિમાં તે રસ શબ્દ દ્વારા તેરશ તિથિ અને બ્રહ્મનો તે રસ એવો દ્વિઅર્થી પ્રયોગ કવિનું અલંકારચાતુર્ય પ્રગટ કરે છે.

સમાજસુધારક

યોગી અને ભગત હવા ઉપરાંત ભોજા ભગત એક સારા સમાજસુધારક પણ હતા. ગુજરાતમાં સમાજસુધારાની મશાલ પ્રગટાવી અખાએ, ભોજા ભગતે તેમાં જ્ઞાનનું તેલ પૂરી સતેજ કરી અને ત્યાર પછી ટૂંક સમયમાં બે મશાલચીઓ નર્મદ અને દલપતરામે તેની જ્યોતિ ગુજરાતના એક છેડાથી બીજા છેડા સુધી ફેરવી અને અજવાળાં પાથર્યાં. ભોજા ભગતનું શ્રેષ્ઠ કાર્ય ગુર્જરસમાજમાં વર્ષોથી પથરાઈ પડેલી પાખંડવિદ્યાની જાળને તોડી નાખવાનું છે. તેમના

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સમયમાં ધર્મના અનેક પંથો અને સંપ્રદાયો થયેલા. સાચી સમજણ વિના જ્ઞાનની લુખ્ખી વાતો કરનારા એ લોકોને એટલી ખબર ન હતી 'કે શું નીપજશે પાણી મથી'. પાણીને વલોવવાથી કાંઈ પ્રાપ્ત થતું નથી. ભોજા ભગતે આવા સ્વાર્થી ગુરુઓ અને તેના પંથો ઉપર ઉગ્ર પ્રહારો કર્યા છે.

'એહી મહીમાં મતિયા ઘણા, પંથ વખાણે પોતા તણા,
એકનું થાપ્યું બીજો હણે, આપોપું અદકેરું ગણે,
સમજ્યા નહિ સનાતન ધર્મ, કદખળિયા થઈ બાંધે કર્મ,
એમાં કો'ક ભક્ત છે કૃષ્ણ તણા, એહી મહીમાં મતિયા ઘણા.'

આ ઉપરાંત ટીલાટપકાં કરી, દુનિયાને છેતરવા માટે, ભક્તિનાં બાહ્ય ચિહ્નો રાખનાર, પરંતુ અંતરમાં રાગદ્વેષના ઝેરથી ભરેલા દયાહીન બાવાઓને તેણે જાહેરમાં ઉઘાડા પાડ્યા છે.

'બાવી ત્રેવી ટીલા કરે, દયા વિનાનું દર્પણ ધરે,
તિલક બનાવી નીરખે તન, જાણે થયો હું હરિનો જન,
વંઠેલ પહેરી બેઠા વેશ, ભક્તિ રહી ભક્તિને દેશ,
મન મત તાણી માયા હરે બાવી ત્રેવી ટીલા કરે.'

ભોજા ભગતના કાળમાં ધર્મભાવના સંપ્રદાયોના તળાવમાં બંધાઈ મલીન થઈ ગઈ હતી. શૈવ, વૈષ્ણવ, શાક્ત ઈત્યાદિ સંપ્રદાયો પોતાના સંકુચિત વાડામાં ધર્મને પૂરી રાખતા. તેઓમાં આકાશના જેવી વિશાલતા, સાગરના જેવી ગંભીરતા કે ધરતીના જેવી સહનશીલતા ન હતી. ભક્તિ સાહિત્યનું ઝાળું પણ ઘણું કરીને સંપ્રદાયોના સિદ્ધાંતોને જ કેન્દ્રમાં રાખી, તેની આસપાસ ગૂંથાતું. આ વખતમાં જ સહજાનંદ સ્વામીનો ઉપદેશ ઝીલી કાવ્યની આરાધના કરનાર ઘણા જ્ઞાની કવિઓના સાહિત્યમાં પણ સંપ્રદાયની જ ઝલક જોવા મળતી. દાખલા તરીકે તેઓના જ સમકાલીન કવિ દયારામના સાહિત્યમાં પણ સાંપ્રદાયિક તત્ત્વ વિશેષ પ્રમાણમાં જોવા મળે છે,

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જ્યારે ભોજા ભગતે સાંપ્રદાયિક લાગણીઓથી સંપૂર્ણ અલિપ્ત રહી, જ્ઞાનભક્તિના સીધા માર્ગે દોરતાં પદો ગુજરાતને આપ્યાં અને તેમાં ધર્મની કૂપમંડૂકવૃત્તિને આગઝરતી વાણીની જ્વાળામાં બાળી નાખી તે તેમની નાનીસૂની સિદ્ધિ ન ગણાય.

ભોજા ભગત સિદ્ધપુરુષ, લોકસમુદાયને રંગ લગાડનાર કવિ, આકર્ષક ઉપદેશક અને પરમ તપસ્વી હતા. તેઓના પ્રત્યે અહોભાવભરી ભક્તિ રાખનાર અનેક હતા. વડોદરા રાજ્યના જાજ્વલ્યમાન દીવાન વિઠ્ઠલરાવ દેવાજી તેમના સેવક અને આરાધક અનુયાયી હતા. તેમનો પડતો બોલ ઝીલવા તૈયાર હતા. રાજ્યાશ્રય, લોકચાહના અને આત્મશક્તિની આવી સર્વ પ્રકારની અનુકૂળતા હતી એટલે ભોજા ભગતે ધાર્યું હોત તો સહજાનંદ સ્વામીની માફક એક સ્વતંત્ર સંપ્રદાય કે પંથ સરસ રીતે ચલાવી શકત.

પરંતુ સંપ્રદાયોમાં અનિષ્ટો ઊભાં થાય છે, તે હકીકત તેઓ જાણતા હતા. માયામાંથી મુક્ત કરવાને અને થવાને બદલે તેમાં દૃઢ રીતે બાંધવાના એ તો રસ્તા હતા. કબીરસાહેબના જ્ઞાની પુત્ર કમાલનું સંપ્રદાયો અંગેનું દૃષ્ટિબિંદુ અહીં નોંધવા જેવું છે. તેઓએ કહ્યું છે : 'સંપ્રદાય એ તો સત્યદર્શી મહાપુરુષોનું કબસ્તાન છે. ચેલાઓ જાણ્યે કે એ સ્થાન ઉપર ગુરુને નામે સંગેમરમરની અડાળીઓ ઊભી કરવા ઈચ્છતા હોય છે. કદાચ ગુરુ ન મરી ગયા હોય, તોય આ લોકો તેમનો અને તેમના સત્યનો વધ કરીને, એ સ્મારકો ખડા કરવાના. આ છે સંપ્રદાય!' તેથી આ વિચારમાત્રથી જ તેઓ દૂર રહ્યા છે. અને 'રે રા રામ રસનાએ' કે 'મિથ્યા વાત તું મેલી દે' એ વાતનું પોતે પૂરેપૂરું પાલન કર્યું છે અને લોકોને તેમ કરવાનો બોધ આપ્યો છે.

શ્રીરામ, શ્રીકૃષ્ણ અને શંકર એ તો પરમ તત્ત્વના નામભેદે એક અને અવિભક્ત સ્વરૂપો છે પરંતુ ભોજા ભગતનાં શબ્દોમા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કહીએ તો 'કહેવાય છે ડાહ્યા પણ જાણતા કૈં નથી' એવા લોકો પોતાના પંથના ઈષ્ટદેવને જ સર્વોપરી ગણી 'જ્યાં ત્યાં ઝઘડો કરતા ફરે' છે. ધર્મવિવાદના આ કાળમાં શંકરને ભજનારા શૈવમાર્ગીઓ અને વિષ્ણુની પૂજા કરનારા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો વચ્ચે તકરારની હોળી ખેલાતી. સહુ પોતપોતાના દેવને જ મહાન ગણતા. એક પિતાનાં બે સંતાનો ઝઘડતાં હોય અને સામસામા એક બીજાના પિતાને ભાંડતા હોય તેવી રમૂજી છતાં કરુણ પરિસ્થિતિ હતી. વિષ્ણુ અને શિવ બન્ને એક જ છે એમ પ્રતિપાદન કરવા ભોજા ભગત 'હરિ હરસે ખેલે હોરી' એવું સુંદર પદ રચે છે. તેમાં આ બન્ને દેવોને આનંદથી હોળી ખેલતા અને એકબીજા ઉપર ગુલાલ ઉડાડતા બતાવ્યા છે.

'શિવજી સખા પીચકારી ચલાવે, મોહનકે મન ભાવે,
કૃષ્ણ ગુલાલકી ઝોરી ભરકે શંકરપે ચલી આંવે,
પરસ્પર ધૂમ મચાવે.'

અને આ પદ દ્વારા એવું ગૂઢ સૂચન કર્યું છે કે આ બ્રહ્માંડનું સર્જન કરનાર વિષ્ણુ અને વિસર્જન કરનાર શંકર વચ્ચે સંવાદી એકતા છે, તો તમે વગર સમજ્યે આ દેવોના નામે મિથ્યા વિવાદ કરો છો તે તમારી નરી મૂર્ખતા છે. (જુઓ હોરી-પદ પાંચમું-ભોજા ભગતની વાણી)

અજ્ઞાની લોકસમુદાયમાં પ્રત્યેક કાળે તીર્થાટનનું વિશેષ મહત્ત્વ રહ્યું છે. બધાં તીર્થોની યાત્રા કરવાથી પાપ ધોવાઈ જાય છે અને પ્રભુ મળે છે એવી માન્યતા પ્રબળ હોય છે. તેથી મનમાંથી કામક્રોધ દૂર ન કર્યો હોય તેવા અનેક લોકો તીર્થોમાં વર્ષો સુધી ફર્યા કરી, પોતાની શક્તિનો વ્યય કરે છે. મનની વિશુદ્ધિ અને એકાગ્રતા એ જ મુખ્ય વસ્તુ છે એવો ઉપદેશ આપી, ભોજા ભગતે લોકોને ચેતવ્યા છે કે મહામૂલું માનવજીવન નિરર્થક તીર્થયાત્રામાં વેડફવું ન જોઈએ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'દદ્દા દિલમાં રાખે દયા, ન જાજે કાશી ને ગયા,
ઘેર બેઠા તું નહાની ભાઈ! કરી લે સંત સાથ સગાઈ.'

તેમ જ 'તીરથ વ્રત એ ચરણે જાણ' એમ કહી સદ્‌ગુરુનાં ચરણોમાં જ સર્વ તીર્થો સમાયેલાં છે એવો સ્પષ્ટ અભિપ્રાય ઉચ્ચાર્યો છે. 'मुदमंगलमय संतसमाजू । जिमि जग जंगम तीरथराजू । આનંદ અને મંગલ આપનાર સંતસમાજ જ આ જગતમાં ચેતનવંત તીર્થરાજ પ્રયાગ છે.' એવું વિધાન કરી સંત તુલસીદાસે સંતની જે મહત્તા બતાવી છે તે જ સંતમહિમા ભોજા ભગતના કાવ્યોમાં વ્યક્ત થાય છે. સંતસેવા અને તેમાંથી પ્રાપ્ત થતી કૃપાને આ ભક્તકવિએ દિવ્ય સિદ્ધિની ચાવી રૂપ ગણાવ્યા છે. ઉદાહરણ તરીકે નીચેની કાવ્યપંક્તિઓ જોઈએ –

'સંત સેવી લે સાચે મને, સર્વે સુધરશે કામ.'
'જો છૂટ્યાનો કર ઉપાય, સદ્‌ગુરુ સંતને મળીએ ધાય'
'સંતચરણમાં રહો સમાઈ, તો વૈકુંઠે પહોંચો ભાઈ.'
'સંતચરણ છોડીશ મા ભાઈ, ઢઢ્ઢા તું ઢૂંઢીશ મા કાંઈ'
'સદ્‌ગુરુ સંતને જેણે સેવ્યા તેની ધન્ય ધન્ય કમાયું.'

સર્વજીવોમાં રામ જોનારા આત્મદર્શી ભોજા ભગતે જાતિભેદ અને અસ્પૃશ્યતાની કડક નિંદા કરી છે. તેના સમયમાં છૂતાછૂતનું આ દૂષણ રાક્ષસી સ્વરૂપ ધારણ કરી, સમાજની સ્વસ્થતા અને માનવતાને ગળી જઈ વિકરાળ બનતું જતું હતું. તેણે જાતિ અને કુળના ભેદો દૂર કરવા લોકોને બોધ આપ્યો, અને આવા ક્ષુદ્ર તફાવત છોડી, સર્વજ્ઞાતિના લોકોને પોતાના શિષ્યમંડળમાં સમાવ્યા.

અને નરસિંહ મહેતાની જેમ જ વૈષ્ણવજનની સુયોગ્ય વ્યાખ્યા આપી, 'હરિજન હોય તેણે હેત ઘણું રાખવું, નિજ નામ ગ્રહીને નિર્માન રહેવું.' ઉચ્ચકુળમાં અવતરે તે વૈષ્ણવ નથી, પરંતુ જે સહુને પ્રેમ કરે, હરિનું સ્મરણ કરે, સત્યવચન ઉચ્ચરે અને જગતમા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નિર્માની થઈને ફરે તે જ સાચો વૈષ્ણવજન છે. આથી 'રમતારામ પરખ લે પ્યારે! સબઘટ સમતા દોરી', 'ઊંટમાં વાંક ને ઘોંક બહુ ભાતનો (પણ) આતમા પાંસરો એમ જોવું' અને 'વરતવું નહિ વરણમાં જી રે' એમ કહી ભોજા ભગતે જાતિભેદની જડને મૂળમાંથી જ કાપી નાખી છે.

જે અજાતશત્રુ ભક્તનું જીવન આદર્શમય પવિત્ર અને પરોપકારી હોય તેનું કવન પણ લોકપ્રિયતાને વરે છે. ભોજા ભગત આ રીતે ગુજરાતના લોકસમુદાયના પ્રીતિપાત્ર હતા. તેથી તેના ચાબખાને વિશિષ્ટ માન અને મહત્ત્વ અપાય છે. તેમનાં પદોનો એક સંગ્રહ આપણે આગળ જોયું તે પ્રમાણે ઈ.સ. ૧૮૯૦માં પ્રગટ થયો હતો, છતાં પણ આપણા ભજન સાહિત્યમાં આ ભજનકાવ્યો મોખરાનું સ્થાન લઈ લે છે. નાથબાવા, તંબૂરિયા, રાવણહથ્થાવાળા, વિરાગીઓ અને ભજનિકોના કંઠે ભોજા ભગતના ચાબખાઓ તેમની હયાતીથી માંડીને આજદિન સુધી મધુર સૂરમાં ગવાતા સંભળાય છે. સર્વનું શ્રેય કરનાર સત્ય ઉપદેશ, આત્માજ્ઞાનનું સરળ નિરૂપણ, નિરામ્બડરી વાણી, તાલ અને લયનું માધુર્ય અને નીતર્યા નીર જેવું નિર્મળ કથન, આ પદોને ગાનારને તથા સાંભળનારને રસમાં તરબોળ કરી દે છે.

'ગુજરાતના સંતકવિઓ અને બાઉલ પંથ' નામના પોતાના પુસ્તકમાં જયંતિલાલ આચાર્યે કહ્યું છે : 'ભોજાને આપણે 'ચાબખા' મારનારો ગણ્યો છે. મારા શાંતિનિકેતનના અભ્યાસકાળમાં મેં ગુજરાતના મરમી સંતકવિઓન એકસો આઠ કાવ્યોની માળાનું અંગ્રેજી કરીને શ્રી રવીન્દ્રનાથને અર્પણ કરવાનો વિચાર કર્યો હતો. એમાં ભોજાનું મેં એક ગાન પસંદ કર્યું હતું. એ ગાન મારા ગુરુ આચાર્ય ક્ષિતિમોહન સેનને ગમ્યું હતું. પછી એકવાર જ્યારે પોંડીચેરી જવાનું થયું ત્યારે પૂ. અંબુભાઈને લખી આપીને અંગ્રેજી સાથે શ્રી અરવિંદની પાસે અભિપ્રાય માટે મોકલાવ્યું હતું. તેમનો અભિપ્રાય અંબુભાઈએ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મને જણાવેલો જે મૌખિક હતો કે ભાષાની અભિવ્યક્તિ અને અનુભૂતિને પૂર્ણ રીતે અનુરૂપ છે અને જે અનુભવ વર્ણવાયો છે તે એક ઉચ્ચ કોટિનો છે.

રવીન્દ્ર સાહિત્યના ઊંડા અભ્યાસી અને વિશ્વના આત્મજ્ઞાની મરમી સંતકવિઓના આંતરતત્ત્વને પીછાણનાર આચાર્ય ક્ષિતિમોહન સેન તથા ભારતીય તત્ત્વજ્ઞાનના પ્રખર ઉપાસક શ્રી અરવિંદ ભોજા ભગતના કાવ્ય વિષે આવો સુંદર અભિપ્રાય આપે તે તેની લોકપ્રિયતા સાબિત કરે છે. ભોજા ભગત તેના જીવનકાળ દરમિયાન જ સમગ્ર ગુજરાતમાં એક સિદ્ધહસ્ત કવિ તરીકે પંકાઈ ગયેલા. વર્તમાનપત્રો કે ઝડપી વાહનો વિનાના એ અંધકાર યુગમાં પણ કોઈ પણ પ્રકારની જાહેરાત કે પ્રચાર વિના તેના પદો ગુજરાતના ખૂણે ખૂણામાં ગવાતાં અને સંભળાતાં, આ હકીકત તેની વિશાળ પ્રસિદ્ધિ પુરવાર કરે છે.

ઈ.સ. ૧૮૫૦માં જ્યારે ભોજા ભગતનો દેહવિલય થયો ત્યારે ગરવી ગુજરાતના વીર ગાયક કવિ નર્મદની ઉમ્મર સોળ વર્ષની હતી. નર્મદે તેના પુસ્તક 'મારી હકીકત'માં ભોજા ભગતના ચાબખાનો ઉલ્લેખ કર્યો છે. સૌરાષ્ટ્રમાં આવેલા અમરેલી શહેર પાસેના ફત્તેપુર જેવા નાના ગામમાંથી પ્રચારના કોઈ પણ જાતનાં સાધનો વિનાના એ કાળમાં ભક્તકવિનાં પદો દૂર સુરત સુધી ગવાતાં હોય તે એમની લોકપ્રિયતાની લાંબી યાત્રા દર્શાવે છે. સંસ્કૃતના અલંકારશાસ્ત્રી રાજશેખરે કહ્યું છે : 'કોઈ કવિનું કાવ્ય માત્ર તેના ઘરમાં જ રહે છે. તો બીજા કોઈનું કાવ્ય મિત્રના ગૃહ સુધી જ જાય છે. પરંતુ કોઈક જ એવા પ્રતિભાશાળી ધન્ય કવિનું કાવ્ય કીર્તિની પાંખ ઉપર સવાર થઈ વિશ્વના કોણે કોણે ઘૂમી વળે છે. ભોજા ભગત આવા પ્રતિભાસંપન્ન ધન્ય કવિ છે, જેનાં કાવ્યો ગુજરાતની ધરતીને ખૂંદી વળ્યાં છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અખો અને ભોજાભગત

ભોજા ભગતની પ્રતિભા વિવિધરંગી હતી તેથી તેઓને ગુજરાતના અનેક મધ્યયુગી સંતકવિઓ સાથે સરખાવી શકાય છે. તેની તુલના નરસિંહ મહેતા, મીરાંબાઈ, ધીરો વગેરે સાથે સારી રીતે કરવામાં આવી છે. પરંતુ જીવનમાં અલ્પ પ્રમાણમાં અને કવનમાં વિશેષ પ્રમાણમાં સમાનતા હોવાને લીધે તેને ભક્તકવિ અખાની સાથે વધારે સુયોગ્ય અને સરસ રીતે સરખાવી શકાય તેમ છે. સૂક્ષ્મ અવલોકન કરીએ તો ભોજા ભગત અખાની એક નાનકડી પ્રતિકૃતિ હોય તેવા દેખાય છે. અખા પહેલાં અગમનિગમની વાતો અનેક કવિઓએ લખી છે. કોઈએ વેદશાસ્ત્રો કે ઉપનિષદોનો અભ્યાસ કરીને તો કોઈએ ગુરુમુખી વાણી સાંભળીને, પરંતુ સ્વાનુભવની ભૂમિ ઉપર આત્મસાક્ષાત્કાર થયો હોય તેવા મરમી સંતકવિઓ તો આંગળીના ટેરવે ગણી શકાય તેટલા જ થયા છે. કવિ મકરન્દ દવેના શબ્દો લઈને એમ કહી શકાય કે 'ખંડમાંથી અખંડમાં, હદથી બેહદમાં, લક્ષથી અલક્ષમાં, કાળથી અકાળમાં કે મૃત્યુથી અમૃતમાં જવાની જુક્તિ અને પછી એ બન્નેથી પર થઈ જીવનમાં ચોધારે ખેલવાની કળા' હાથ કરનાર મરમી લોકસંતોમાં ભોજા ભગત અને અખાની કવિ-બેલડી ગુજરાતી કાવ્યસાહિત્યને શોભાવે છે.

અખો અને ભોજા ભગત બન્ને આત્મતત્ત્વને ઓળખનાર વેદાંતી કવિઓ છે. બન્નેના સિદ્ધાંતો સમાન છે. કર્મ અથવા ધર્મ અગર સત્કર્મ અને વિકર્મ બન્ને નકામા છે. આ વાત નિર્ગુણ બ્રહ્મના આ બન્ને ઉપાસકો બરાબર સમજ્યા છે. અખો કહે છે:

'ઉત્તમ મધ્યમ બે ય વ્યસન,
જ્યમ મદ્ય કપૂર બે ય ઘેરે તન;
સત્કર્મ વિકર્મ બે ય વિકાર,
અખા નિજ રૂપ રહે નિર્ધાર.'

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તો ભોજા ભગત પણ કર્મ અને ધર્મને બંધનમાં નાખનાર આંટી ગણી તેમાંથી મુક્ત થવાનો ઉપદેશ આપે છે.

'બે આંટી તો છૂટે કેમ, કર્મ ધર્મ બંધાણા એમ',

તેમ જ

'મોટું મીંડું વિધિ-નિષેધ, ભણે ભણ્યા નવ જાણે ભેદ.'

આપણે જાણીએ છીએ કે અખો તેના જીવનના પ્રારંભમાં માયાવી જીવ હતો. પરંતુ સ્વાર્થી સંસારના આઘાત-પ્રત્યાઘાત ઝીલી તે બ્રહ્મજ્ઞાની થયો. જ્યારે ભોજા ભગત તો પૂર્વજન્મના યોગી હોવાથી, શુકદેવજીની જેમ, ગર્ભમાંથી જ આત્મજ્ઞાની હતા. અખાએ અને ભોજા ભગતે પોતાનાં પદોમાં ગુરુમહિમા અને ગુરુભક્તિ સમાન રીતે અને સમાન પ્રેમથી ગાયાં છે. ગુરુકૃપા વિના ચિત્તશુદ્ધિ થતી નથી અને ચિત્તશુદ્ધિ વિના પરમતત્ત્વની અનુભૂતિ થતી નથી તેવો બન્નેનો દૃઢ મત છે.

અખો ગુરુ શોધવા અનેક સ્થળોએ પરિભ્રમણ કરે છે, તેને સાચા ગુરુ મળતા નથી. જેમ જેમ ભ્રમણ કરે છે તેમ તેમ ભ્રમણા વધે છે. આથી 'ગુરુ કીધા મેં ગોકુળનાથ, નુગરા મનને ઘાલી નાથ.' એવા નિરાશાના સૂર કાઢે છે. છેવટે કાશીનગરમાં તેને એક પ્રતાપી ગુરુ મળે છે, જ્યારે ભોજા ભગતને ગુરુ શોધવા ભટકવું નથી પડ્યું. પરંતુ ગુરુએ શિષ્યને શોધી કાઢ્યો છે. 'न हि रत्नमन्विष्यति मृग्यते हि तत् । રત્ન કોઈની શોધ નથી કરતું, બીજા દ્વારા તેની શોધ થાય છે. રામેતવન નામના સિદ્ધયોગીએ ભોજા ભગતને ઘેર પધારી તેને ગુરુદીક્ષા આપી હતી. ગુરુપ્રાપ્તિ અને જ્ઞાનપ્રાપ્તિ માટે અનેક સ્થળોએ ફરતા અખાજીના જીવનનો મોટો ભાગ તીર્થયાત્રા અને પર્યટનમાં જ પસાર થાય છે છતાં પણ અહંતાની હિમશિલા ઓગળતી નથી અને જ્ઞાનપિપાસા ટળતી નથી. 'તીરથ ફરી ફરી થાક્યા ચરણ' એમ અખાજીને કહેવું પડ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે. જ્યારે ભોજા ભગત એક વાર પણ તીર્થયાત્રામાં જતા નથી, 'જેને સાહેબ છે સદ્‌ગુરુજી માંહી' એવા આ ભગત તો ફત્તેપુરના તેના આશ્રમમાં રહી સર્વેમાં સમતા રાખી 'ભાવે ભક્તિ કરે એકાંત'. તેઓ સ્પષ્ટ માને છે કે 'જેમ જેમ ભટકે ભરમે તેમ.'

અખો જ્ઞાનની એરણ ઉપર તેની આખાબોલી ભાષાના હથોડા મારી સમાજના દંભો, અનિષ્ટો, ધર્મના સડા, પાખંડ, વહેમો અને કુરૂઢિઓને તોડી-ફોડી નાખે છે. તેની ભાષામાં જોમ છે. શૈલી મર્મવેધક છે. ગહન વૈરાગ્યજ્ઞાનના વિષયને એ ઉચિત દૃષ્ટાંતો દ્વારા સરળ અને આસ્વાદ્ય બનાવે છે. તો ભોજા ભગત પણ એવા જ વેધક અને દાહક ચાબખાના મારથી દુનિયાના દંભને ભેદી નાખે છે. તેઓ પણ વેદાંતજ્ઞાન સમજાવવા માટે ઉચિત દૃષ્ટાંતોનો આધાર લે છે. તેના 'બાવનાક્ષરી' પદમાં છપ્પાના જેવી જ રચના દ્વારા ભક્તિનો ડોળ કરનાર, દ્રવ્ય હરનાર ઢોંગી ગુરુઓ, તીર્થોમાં જીવન વેડફી દેતા અજ્ઞાની જીવો, મતપંથો, માયા, શાસ્ત્રોના વિવાદો અને દુનિયાની કહેવાતી મોટાઈ વગેરેની અસારતાને ભોજા ભગતે અખાના જેવી જ ભાષાચાતુરીથી ખુલ્લી પાડી છે.

ભોજા ભગત અખાની જેમ જ આખાબોલા છે. બન્નેની જીભ ઉપર કાતિલ કઠોરતા છે તો હૃદયમાં પ્રેમાળ વૈષ્ણવની મધુરતા છે. બન્નેની એક આંખમાં પાખંડવિદ્યાને પ્રજાળનાર પુણ્યપ્રકોપનો અગ્નિ બળે છે, તો બીજીમાં નિર્મળ જ્ઞાનનું અમી ઝરે છે. આ બન્ને કવિઓ ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય એ ત્રણેય માર્ગે મોક્ષ મેળવવામાં માને છે. બન્નેનાં ઘણાં બધાં પદોમાં વ્રજભાષાની છાંટ છે. જો કે ભોજા ભગતની વાણી, અખાની વાણી જેટલી પ્રવાહી, રસાળ કે તેજધારાથી વહેતી નથી. અખાનું સાહિત્ય વિપુલ પ્રમાણમાં છે તેની સંખ્યાબંધ કૃતિઓ, છપ્પા, સાખી, દુહા, સોરઠા વગેરેને ધસમસતા વર્ષાપૂર સાથે સરખાવીએ તો ભોજાભગતના પ્રમાણમા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

થોડાં પદોને શાંત અને નિર્મળ રીતે ઝરતી અમૃતમીઠી સરવાણી સાથે સરખાવી શકાય!

ભોજા ભગતના પદોમાં કેટલાંક દૃષ્ટાંતો યોગાનુયોગ અખાનાં દૃષ્ટાંતો સાથે ઘણાં મળતાં આવે છે. સિદ્ધાંતો અને ભાષાનું અદ્‌ભુત સામ્ય, આ સંતકવિને અખાની સાવ સમીપ લઈ જઈને બેસાડે છે. નીચેનાં થોડાંક ઉદાહરણો આ વિધાનનું સમર્થન કરવા પર્યાપ્ત છે.

'પાલો અખા જ્યમ થાયે તોય'

– અખો

'જેમ પાલો ઉદકથી જામ્યો
તેને શબ્દ–સૂરજથી ચોય દિશ ધામ્યો,
પોતે પોતાના સ્વરૂપને પામ્યો,
ભોજલ સદ્‌ગુરુ ભેટતા રે.'

– ભોજા ભગત

'અખા ભજી ન જાણ્યા નાથ,
ચારે પડિયા ભોંયે હાથ'

– અખો

'અંતે ચારે પડિયા ભોંયે હાથ જો'

– ભોજા ભગત

'ભણ્યે ગણ્યે હરિ ના'વે હાથ'

– અખો

'ભણ્યે ભણ્યાં નવ જાણે ભેદ'

– ભોજા ભગત

'ધણી થયામાં સઘળો ધંધ,
જ્યમ રૂપ ન દેખે જન્માઅંધ'

– અખો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'ધણી થવાનું શું છે કામ
એમાં રાજી નથી રામ.'

– ભોજા ભગત

'બાવનનો સઘળો વિસ્તાર
અખા ત્રેપનનો જાણ્યે પાર.

– અખો

'સમજવું બાવનની બા'ર
ત્રેપનમો ઊતારે પાર'

– ભોજા ભગત

'મરતા પહેલા જા ની મરી,
પાછળ જે રહેશે તે હરિ.'

– અખો

'પ્રથમ કંટારિયું, પહેરીને નીસર્યાં
મરી મટ્યા તેહને કોણ મારે.'

– ભોજા ભગત

આમ સમગ્ર રીતે જોતાં અખો એ જ્ઞાનની મહાજ્વાળા છે તો ભોજા ભગત તેનો એક તેજસ્વી તણખો છે. નાના-મોટાનો ભેદ બાદ કરતાં બન્નેના ગુણધર્મો સમાન–પાપના પુંજને બાળવાંના અને અંધારાને ઉજાળવાના!

આપણે અગાઉ જોયું કે ભોજા ભગત નૈષ્ઠિક બ્રહ્મચારી હતા. જે અવધૂત ત્યાગીની દશામાં હોય એવા લોકોત્તર પુરુષ સંસારના પરિગ્રહમાં કદાપિ પડતા નથી. તેથી તેઓએ લગ્ન કર્યું ન હતું. પરંતુ 'પ્રાચીન કાવ્યમાળા'ના સંપાદકોએ ભોજા ભગતના નામે ચડેલ અને સ્ત્રીપરિગ્રહની ઉપાધિનું વર્ણન કરતા એક ચાબખા ઉપરથી એવું અનુમાન કર્યું છે કે 'જે ભોજા ભગતે અતીત ગુર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રામેતવનની આજ્ઞાથી અન્ન ખાવાનું શરૂ કર્યું હતું, તેણે તેની જ આજ્ઞાથી કદાચ લગ્ન કર્યું હોય.' પછી આ વિધાન ઉપરથી જયસુખરાય જોષીપુરાએ પોતાની પુસ્તિકા 'ભક્ત કવિ ભોજલ'માં આ વિષયની વિસ્તૃત ચર્ચા કરી છે. તેમ જ ઉપરના ચાબખાનો આધાર લઈ, પાંગળી દલીલો કરી, 'ભોજા ભગત પરણેલા હતા અને પછી તેની પત્નીને પિયર વળાવી દીધી હતી.' એવું પુરવાર કરવા પ્રયાસ કર્યો છે. (જુઓ 'ભક્ત કવિ ભોજલ', પૃષ્ઠ ૧૧ થી ૧૬)

પરંતુ જેના ઉપરથી ભોજા ભગતના લગ્નજીવનની કલ્પના કરી છે તે ચાબખો 'મેં દુઃખ દુનિયાના ભાળી, પરણી નારી પિયર મેલી વાળી', ભોજા ભગતે રચેલ છે જ નહિ. તેની મૂળપ્રતમાં આ ચાબખો નથી. વળી તેની ભાષા અને શૈલીમાં ઘણો તફાવત છે. ભોજા ભગતના પદોનું ઊંડું પરિશીલન અને અધ્યયન કરનાર કોઈ પણ વ્યક્તિને આ ચાબખા ભોજા ભગત રચિત નથી તેની પ્રતીતિ થયા વિના રહેશે નહિ. કાવ્યતત્ત્વરહિત અને અતિ સામાન્યં કોટિનો આ ચાબખો કોઈ કાચી કવિત્વશક્તિવાળાએ રચીને ભોજા ભગતના નામે ચડાવી દીધો લાગે છે. જ્યારે આ પદ જ ભોજા ભગતનું નથી પછી તેનો આધાર લઈ ભક્ત કવિ પરણેલા હતા તેવું સાબિત કરવા માગતા જોષીપુરાની બધી જ દલીલો બૂઠી થઈ જાય છે. અને કદાચ એમ માની લઈએ કે આ ચાબખો ભોજા ભગતનો જ રચેલો છે તોપણ કેવળ તેના ઉપરથી જ તેઓએ લગ્ન કર્યાં હતાં તેમ કોઈ પણ સંજોગોમાં માની શકાય નહિ, કારણ કે ઉપદેશ આપતી વખતે કવિઓ ઘણીવાર આત્મલક્ષી બનતા હોય છે.

ભોજા ભગતને બીજા બે ભાઈઓ પણ હતા, કરમણ ભગત અને જસા ભગત. આમાં કરમણ ભગતને સંતાન થયાં ન હતાં, જ્યારે ભોજા ભગતના શુભાશિષથી જસા ભગતને એક પુત્ર થયા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેનું નામ અરજણ ભગત. સંત ભોજા ભગતે તેને દત્તક લઈ પોતાના ગાદીવારસ બનાવ્યા હતા. આ અરજણ ભગતના પુત્ર લક્ષ્મણરામ સમગ્ર કાઠિયાવાડમાં તુલસીકૃત રામાયણના સમર્થ વિદ્વાન તરીકે ખૂબ પ્રખ્યાત થયેલા. ફત્તેપુરની ભોજા ભગતની જગ્યાએ તેણે રામાયણના અધ્યાપન માટે પાઠશાળા સ્થાપેલી અને ઘણા શિષ્યો તેમની પાસેથી રામાયણનો અભ્યાસ કરતા. કાઠિયાવાડમાં રામાયણનો પ્રચાર કરનારા તેઓ પ્રથમ કથાકાર હતા.

ધીરગંભીર અને મધુર સૂરે રામાયણની ચોપાઈઓનું ગાન કરી જ્યારે તેઓ કથા કરતા ત્યારે હજારો શ્રોતાઓ મંત્રમુગ્ધ બની તેને સાંભળી ધન્ય બનતા. તેમના શિષ્યો તેમને મહાત્મા તુલસીદાસનો અવતાર માનતા. આ ઉપરાંત તેઓ એક નિપુણ લહિયા પણ હતા. તેના મરોડદાર હસ્તાક્ષરોમાં લખાયેલા ઘણા ગ્રંથો, ફત્તેપુરની જગ્યામાં સાચવી રાખવામાં આવ્યા છે. દર ચાતુર્માસમાં લક્ષ્મણ ભગત ફત્તેપુર આશ્રમમાં રામકથા વાંચતા ત્યારે એક પંક્તિનો વારંવાર ઉલ્લેખ કરતા :

'જ્ઞાન વિનાની ભક્તિ રાંડ,
ભક્તિ વિનાનું જ્ઞાન તે દાંડ.'

જ્ઞાન વિનાની અથવા સાચી સમજણ વિનાની એકલી ભક્તિ રાંડીરાંડની જેમ અભાગણી ગણાય છે, તો ભક્તિ વિનાનું એકલું જ્ઞાન તોફાની અને લુચ્ચું મનાય છે. નિર્મલ જ્ઞાન અને અનન્ય ભક્તિનું મિલન જ પૂર્ણ પુરુષોત્તમની પ્રાપ્તિ કરાવે છે. લક્ષ્મણ ભગતની કથાકાર તરીકેની ખ્યાતિથી આકર્ષાઈને તે વખતના વડોદરા રાજ્યના મહારાજાએ, શાહી કુટુંબને રામાયણની કથા સંભળાવવા તેમને વડોદરા બોલાવેલા. અને ત્યાં પોતાની આગવી કથાશૈલીથી સહુને પ્રભાવિત કરી, રાજ્યસન્માન પ્રાપ્ત કર્યું હતું.

લક્ષ્મણ ભગતના લઘુબંધુ રામજી ભગત પણ રામકથાનાં ઉપાસક અને ગાયક હતા. લક્ષ્મણ ભગતના પુત્ર કરશન ભગત

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

થયા. તેમના બે પુત્રો માવજી ભગત અને લવજી ભગતની સેવાની સુવાસ જનસમાજમાં ફેલાયેલી છે. માવજી ભગતમાં કુશળ નાડીવૈદ્ય તરીકેની ઈશ્વરદત્ત શક્તિ હતી, અને નાડીપરીક્ષા દ્વારા રોગનિદાન અને સારવાર માટે આખા અમરેલી પંથકમાં જાણીતા હતા. લવજી ભગત સંસ્કૃતના પ્રખર વિદ્વાન, કવિ અને લેખક હતા. આખું રામચરિતમાનસ' તેને કંઠસ્થ હતું. લક્ષ્મણ ભગતે સ્થાપેલી રામાયણની પાઠશાળા તેણે પુનર્જીવિત કરી હતી અને અસંખ્ય શિષ્યોને રામાયણ ભણાવી હતી. પાણિનિના સંપૂર્ણ સંસ્કૃત વ્યાકરણને તેણે ગુજરાતીમાં કવિતામાં ઉતાર્યું છે. આ ઉપરાંત 'ભોજલ ગુણાનુવાદ', 'ભોજલ સુયશાવલી', 'ઋતુચર્યા', 'માંગલિક ગીતમાળા', 'સુભાષિત ત્રિશતીનો સમવિષમશ્લોકી અનુવાદ' વગેરે અનેક ગ્રંથો અને કાવ્યો તેણે રચ્યાં છે. હાલમાં માવજી ભગતના પુત્ર શાંતિરામજી, ભોજા ભગતની જગ્યાના ઉત્તરાધિકારી મહંત છે, તેની ગાદી શોભાવે છે અને જગ્યાની વ્યવસ્થા સંભાળે છે.

ફત્તેપુર ગામ, અમરેલીથી માત્ર બે માઈલ જ દૂર છે, ત્યાં ભોજા ભગતના જીર્ણોદ્ધાર કરેલા ઓરડામાં પોતે જ ઉપયોગમાં લીધેલ ઢોલિયો રાખવામાં આવેલ છે. તેના ઉપર ભોજા ભગતના પાઘડી, માળા અને ચરણપાદુકાને પાવન સ્મૃતિચિહ્નો તરીકે પધરાવવામાં આવ્યાં છે. તેનું સવાર-સાંજ ભક્તિભાવે પૂજન થાય છે. આ જ ઓરડામાં ભોજા ભગતની ભક્તિથી પ્રસન્ન થઈ સાક્ષાત દ્વારકાધીશ તેને દર્શન દેવા પધાર્યા હતા. એકી સાથે એક હજાર સૂરજ ઊગી નીકળ્યા હોય એવું ચર્મચક્ષુઓને આંજી નાખતું અજવાળું ઓરડામાં પથરાઈ ગયું. પ્રભુ જ્યાં ચાલ્યા ત્યાં કંકુનાં પગલાં પડી ગયાં. દ્વારકાધીશે સ્વહસ્તે ભોજા ભગતની ભુજાઓ પર શંખ, ચક્ર, ગદા અને પદ્મની છાપ મારી. પ્રભુના દર્શન થતા ભક્તનું જીવન ધન્ય બની ગયું. ભોજા ભગત સ્વમુખે જ આ રોમાંચક પ્રસંગનું આલેખન કર્યું છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'પ્રથમ આવ્યા પત રાખવા, ગુરુ તણે જ્ઞાન,
ભોજો ભગત કહે ચાલી આવ્યા છાપું દેવા શ્યામ.'

અને

'ભાગ્ય મોટા ને હરિ મારે ભવન પધાર્યા,
ધન્ય ધન્ય દાડો મારે આજ રે.'

ઈશ્વર સાક્ષાત્કારના આ ઓરડાની બાજુમાં શ્રીરામનું મંદિર છે. ભોજા ભગત અને તેના શિષ્ય જલારામે સ્વહસ્તે માટીના ઓરડા ત્યાં ચણ્યા હતા, જેનો હાલમાં પુનરુદ્ધાર કરવામાં આવ્યો છે. ભોજા ભગતના શિષ્યમંડળમાં બે શિષ્યો મુખ્ય હતા. એક તો 'જલા જગમેં ઝગમગે જિમિ ગગનમંડલમેં સૂર' એવી જેની પ્રશસ્તિ થયેલ છે તે વીરપુર નિવાસી સંતશિરોમણિ જલારામ અને બીજા તે ગારિયાધારના ભગત વાલમરામ. જલારામ મહારાજ દેશવિદેશમાં 'જલ્લા સા અલ્લા' તરીકે પૂજાય છે.

ગારિયાધારના ભગત વાલમરામની ગુરુભક્તિ અપાર હતી. તેમને સ્વપ્નમાં ગુરુદર્શન થયેલું અને ભોજા ભગતને પ્રત્યક્ષ જોતાં પૂર્વજન્મના સંસ્કારો જાગી ઊઠ્યા. ભોજા ભગત પાસે ગુરુદીક્ષા લીધી, ચરણસેવાથી ગુરુને પ્રસન્ન કર્યા, અને એક વચન માગ્યું કે ગુરુદેવની જગ્યામાં કાયમ માટે ધજા ગારિયાધારની ચડે. ભોજા ભગતે શિષ્યનો સ્નેહ જોઈને માગણી સ્વીકારી લીધી. આજે પણ જન્માષ્ટમીના ઉત્સવમાં ફત્તેપુરની ગુરુની જગ્યામાં વાલમરામ બાપાની જગ્યામાંથી આવેલી ધજા ચડે છે.

વીરપુર અને ગારિયાધર આ બન્ને સ્થળે શિષ્યોની ધાર્મિક જગ્યાઓમાં ભોજા ભગતની દયાથી આજે પણ માનવકલ્યાણની જ્યોત અહોનિશ જલે છે. જલારામ મહારાજને સદ્‌ગુરુ ભોજા ભગત ઉપર અનન્ય શ્રદ્ધા અને અવિચલ પ્રેમભાવ હતો. તેઓ અવારનવાર ગુરુદેવને વીરપુર લઈ જતા, અને પોતાની સેવાવૃત્તિ અને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રેમભક્તિથી તેમને પ્રસન્ન કરી, તેમની કૃપા મેળવતા. જલારામે તેઓની પાસેથી એક વચન લઈ લીધું હતું કે તેના અંતકાળે તેઓ શિષ્યને દર્શનનો લાભ આપી કૃતાર્થ કરશે.

યોગી પુરુષોને પોતાના દેહાવસાનનો ખ્યાલ અગાઉથી જ આવી જાય છે. ભોજા ભગતને પણ પોતાના દેહાવસાનની માહિતી અગાઉથી જ હતી. આથી શિષ્ય જલારામને આપેલ વચન પાળવા માટે ફત્તેપુરમાંથી વિદાય લઈ, ભોજા ભગત તેના અંતિમ દિવસોમાં વીરપુર શિષ્યના સાન્નિધ્યમાં આવીને વસ્યા હતા. ફત્તેપુરમાંથી વિદાય લેતી વખતે તેઓએ સ્વજનો અને શિષ્યોને કહ્યું હતું કે આ અંતિમ વિદાય છે અને હવે પછી તેઓ ફત્તેપુર આવશે નહિ. આ સમયે તેઓએ 'હવે છેલ્લી વેળાના રામરામ રે' એવું એક પદ પણ રચ્યું છે. વીરપુર ગયા પછી, પોતાના સમર્થ શિષ્ય સંત જલારામના સાન્નિધ્યમાં આ મહાપ્રતાપી ગુરુદેવનો દેહવિલય થયો ત્યારે વિક્રમ સંવત ૧૯૦૬ (ઈ.સ. ૧૮૫૦) નું વર્ષ ચાલતું હતું. સંતો, મહંતો, મરમીઓ અને મહાત્માઓ પાસે આવીને મોત તેઓનું શું લઈ જઈ શકે છે? મને સૈય્યદ મીર ખ્વાજા 'દર્દ'નો એક સુંદર શેર ટાંકવાનું મન થાય છે :

ए मौत! तुझे फकीरोंसे क्या लेना है
मरनेसे आगे ही ये लोग मर जाते है ।

ભોજા ભગતે પણ ગાયું જ છે :

'પ્રથમ કંટારિયું પહેરીને નિસર્યાં,*
મરી મટ્યા તેહને કોણ મારે?'

વીરપુર ગામની ભાગોળે જ્યાં તેમનો અગ્નિસંસ્કાર કરવામાં

---

* કંટારિયુ = કટારી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આવેલો ત્યાં ફૂલસમાધિના ઓટા છે અને જલારામ મહારાજની જગ્યામાં રામજી મંદિરની સામે ફૂલસમાધિ ઉપર ભોજા ભગતની ચરણપાદુકા હૃદયમાં સાચવીને દેરી ઊભી છે. આ રીતે જેતપુર પાસેના દેવકીગાલોલમાં પ્રગટેલી, ફતેપુર આશ્રમમાં સતત ચાર દાયકા સુધી પ્રકાશતી રહેલી અને સમગ્ર ગુજરાતની ધરતી ઉપર જ્ઞાનનાં અજવાળાં પાથરતી આ દિવ્ય જ્યોતિ વીરપુરમાં આવી બ્રહ્મની મહાજ્યોતિમાં મળી ગઈ. नमः शान्ताय तेजसे । આ શાંત તેજને નમસ્કાર.

હજુ પણ હાથમાં રાવણહથ્થો કે રામસાગર લઈ મધુર ભજનની ધૂન રેલાવતા નાથબાવા, તંબૂરિયા કે ભજનિકોના મુખે 'પ્રાણિયા! ભજી લેને કિરતાર, આ તો સપનું છે સંસાર' એવો, ભીતરની ચેતના જગવતો અને શેરીઓને ભરી દેતો અલખનો આરાધ જ્યારે આપણે સાંભળીએ છીએ ત્યારે, કામક્રોધરૂપી ભોરિંગને વશ કરનાર ગારુડી, કર્મના પાસલા કાપી નાખનાર મહાજ્ઞાની, પ્રેમની વાત પીછાણનાર પ્રભુભક્ત, ત્રિ-કુટિમાં તાલ મિલાવનાર અવધૂત યોગી અને રાધામાધવની જોડીનો અખંડ રાસ નિહાળનાર દીવાના દાર્શનિક ભોજા ભગતની ભવ્ય મૂર્તિ આપણી મનોભૂમિમાં ખડી થાય છે અને દિવ્ય શ્રદ્ધાથી આપણું મસ્તક નમી પડે છે.

– મનસુખલાલ સાવલિયા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભોજા ભગતના ચાબખાની મહાત્મા ગાંધી ઉપર અસર

જીવને શ્વાસ તણી સગાઈ

સાત દિવસના ઉપવાસને આશરે દોઢેક મહિનો વીત્યો હશે, ત્યારે એક બપોરે દેશમાંથી તાર મળ્યો. તેમાં બાપુજી (ગાંધીજી)ના વચેટ ભાઈ કરશનદાસકાકા ગુજરી ગયાના સમાચાર હતા. એ સમાચાર આવ્યા તે વખતે બાપુજી છાપખાનાંનાં કાર્યાલયમાં હતા, તેમણે તાર જોઈ લીધો અને પોતાને કામે વળગી ગયા. સાંજે કામનો વખત પૂરો થયો અને અમે રમવા ઊપડ્યા ત્યારે દેવદાસકાકાને બોલાવવામાં આવ્યા, અને કરશનદાસબાપુજીનું સ્નાન કરાવવામાં આવ્યું. કરશનદાસબાપુજીને મેં પોરબંદરમાં એક જ વાર જોયેલા. મને એમનું કાંઈ વિશેષ આકર્ષણ ન હતું. દેવદાસકાકાને આ ખબરથી દિલગીરી થઈ આવી. થોડા જ મહિનામાં દેશ જઈને પોતાના કાકાને જોવાની એમને આશા હતી. એમની ગમગીનીએ મને પણ ઉદાસ કર્યો. સાંજે પ્રાર્થનાનો સમય થયો અને અમે રોજની મુજબ ગોઠવાઈ બેઠા.

હું બાપુજી પાસે જ બેઠો. એમની સ્થિતિ જાણવાને હું ઉત્સુક હતો. મેં ધારી ધારીને એમના ચહેરા સામું જોવા માંડ્યું. તેઓ પ્રસન્ન ન હતા. પ્રાર્થનામાં આવીને બેસનારા ભણી એક નજર નાખી જવાની એમની આદત છતાં આજે તેઓ આંખ ઊંચકતા જ ન હતા. તેમના હાથમાં એક કાગળ હતો. તેના ઉપર મીટ માંડીને બેઠા હતા. થોડીવારે મેં એમની આંખમાંથી પાણીનાં ટીપાં ખરતાં જોયાં. બાપુજીને મેં ઉદાસ ભાગ્યે જ જોયેલા, તેમાં વળી એમને આંસુ સારતા જોયા એટલે હું વ્યાકુળ બની ગયો. દેવદાસકાકા તો ધ્રુસકે ધ્રુસકે રોવા લાગ્યા. બે-ચાર આંસુ ખર્યા, પછી પાછા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બાપુજી સ્વસ્થ થઈ ગયા અને આંખો લૂછીને એમણે પ્રાર્થના શરૂ કરાવી દીધી. પ્રાર્થના પૂરી થયા પછી તેમણે ભોજા ભગતના બે ભજનો ગવરાવ્યાં. પહેલું,

'પ્રાણિયા! ભજી લેને કિરતાર, આ તો સપનું છે સંસાર.'

અને બીજું,

'જીવને શ્વાસ તણી સગાઈ, ઘરમાં ઘડી ન રાખે ભાઈ.'

બન્ને ભજનો મારી બાએ ગાયાં. એમના સુમધુર કંઠમાં એ વખતે એવો કંપ હતો કે એ સાંભળતાં હૈયાં પીગળી જાય. અમે ગળગળા થઈ ગયા. કરુણાનું પૂર વહ્યું. પરંતુ સાથે સાથે મોતની સાથે જાણે અમે દોસ્તી બાંધી. ભજન પૂરું થયા પછી બાપુજીએ એ ભજનો ઉપર વિવેચન કર્યું.

'સાચે જ એકબીજાની સગાઈ કહેવા પૂરતી જ છે. બાકી આ શરીરની સગાઈ તો શ્વાસ છે ત્યાં સુધીની જ છે. શ્વાસ છૂટ્યો અને જીવ ગયો એટલે આ શરીરની સગાઈ પણ ફોક. છતાં દુન્યવી સંબંધો જાળવ્યા વિના આપણે નથી રહી શકતા. મારી અને એ ભાઈની વચ્ચે ભારે હેત હતું. અમે સરખે સરખા હોઈ રાતદિવસ સાથે જ રહેતા. ભાઈનો સ્વભાવ મારાથી સાવ જુદો જ હતો. મને ન રુચે એવી વસ્તુમાં હું એનો સાથ ન પુરાવતો, તેથી તેને બહુ દુ:ખ થતું, પણ એણે તો મારા ઉપર સદાયે પ્રેમ જ વરસાવ્યો છે. સગા ભાઈને અનુકૂળ ન થવું એ ઓછા ખેદની વાત નથી, પણ કમનસીબે મારા ભાગે સદાયે એ ખેદ રહ્યો. મારે ભાઈને દુભાવ્યા વિના ચાલે એમ જ ન હતું. છેવટ સુધી મારે એને દુભાવ્યા જ કરવો પડ્યો, અને એ દુભાયેલો જ ચાલ્યો ગયો. મનમાં હતું કે હવે દેશમાં જઈ એને પગે પડીશ અને એકબીજાનો અંતરાય દૂર કરવામાં ફાવીશ. પણ ઈશ્વરે કાંઈક બીજું જ ધાર્યું હશે.'

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આટલું માંડ માંડ બોલી શક્યા. બોલતાં બોલતાં બે-ત્રણ વાર અટક્યા અને વળી પાછા આંખમાં આવેલ આંસુ લૂછ્યાં અને ફરી બોલ્યાં : 'આ મારી આંખમાંથી આંસુ પડે છે તે ખોટું છે. આપણાથી શોક થઈ જ ન શકે. મરેલાના ગુણોનું સ્મરણ કરવું એ આપણો ધર્મ છે. પણ એની પાછળ રોવું એ પાપ છે. ઈશ્વર જે કરે એ વિષે માઠું કેમ લગાડાય? મરવાનું તો સૌને છે. આપણે ગાયાં એ ભોજા ભગતના ભજનો આપણે ઘડીભર પણ ન ભૂલવા જોઈએ. આટલું કહી બાપુજીએ પોતાનો શોક સાવ ખંખેરી નાખ્યો, અને એમનો શોક જોઈને અમને જે ઉદ્વેગ થયો હતો તે પણ ઓસર્યો. આ રીતે બાપુજીના મોટા ભાઈ કરશનદાસબાપુજીને શ્રદ્ધાંજલિ અર્પીને અમે સૌ વિખરાયા અને બાપુજી રોજની જેમ પોતાના કામમાં ગૂંથાયા.

– પ્રભુદાસ ગાંધી

'જીવનનું પરોઢ' (પ્રકરણ-૧૫, પૃષ્ઠ ૧૬૦)

*

- પ્રભુદાસ ગાંધી ફીનીક્ષ જતાં 'સોમાલી' સ્ટીમરમાં મુંબઈથી બેઠા. તેઓ લખે છે કે સાંજ પડ્યે બધા ભેગા મળી ભજનકીર્તન કરતાં. સુરતના પટેલ ભાઈઓ (જેમનાં નામ હવે યાદ નથી) ધીરા ભગત અને ભોજા ભગતના સુંદર ભજનો સંભળાવી આનંદ રેલાવતા.
- ફીનીક્ષ આશ્રમ વિષે લખતા પ્રભુદાસ ગાંધી લખે છે કે પરોઢના પાંચ વાગ્યે નરસિંહ, ભોજા વગેરેનાં પદોનું સામૂહિક ભજન કરવામાં આવતું. એનું સંચાલન રાવજીભાઈ કરતા.

– 'જીવનનું પરોઢ'

*

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રિતમપદ, ગરબી દયા, કાફી ધીરા મુખ,
પ્રભાતિયાં નરસી તણા તિમિ ભોજલ ચાબૂખ.

(પ્રિતમના પદ, દયારામની ગરબી, ધીરાની કાફી નરસિંહના પ્રભાતિયાંની જેમ ભોજા ભગતના ચાબખા લોકપ્રિય છે)

*

પદ નવીન એકથી એક ચડતાં વચન સખ્ત પ્રહારતાં,
અવિશ્રાન્ત વાણી પ્રવાહ, વળી બહુ 'મૂર્ખ' સંબોધન હતાં;
છે નામ જેનું 'ચાબખા' મન મારવા અભિમાનને,
સજ્જન સભા સન્મુખ કહ્યાં પદ દોઢસો દીવાનને.

*

જેથી કહે છે જગત, ભોજલરામના છે ચાબખા,
સદ્બોધ માટે સરસ શૈલી તમામના છે ચાબખા;
પ્રભુ સાથ પ્રીતિ બાંધવા પરિણામમાં છે ચાબખા,
સંસારમાં સર્વે જનોને કામના છે ચાબખા.

– લવજી ભક્ત

('ભોજલગુણાનુવાદ'માંથી)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચાબખો - ૧

ભક્તિ શૂરવીરની સાચી રે, લીધા પછી નહીં મેલે પાછી રે. - ટેક
મન તણો જેણે મોરચો કરીને, વઢિયા વિશ્વાસી રે,
કામ, ક્રોધ, મદ, લોભ તણે જેણે ગળે દીધી ફાંસી રે. ...૧

શબ્દના ગોળા જ્યારે છૂટવા લાગ્યા, મામલો ગાઢ માચી રે,
કાયર હતાં તે કંપવા લાગ્યા, એ તો નિશ્ચે ગયા નાસી રે. ...૨

સાચા હતા તે ચૂરા ચૂરા હરિરંગે રહ્યા રાચી રે,
પંચ પચીશથી પરા થયા, એક બ્રહ્મ રહ્યા ભાસી રે. ...૩

કર્મના પાસલા કાપી નાખ્યા ભાઈ! ઓળખ્યા અવિનાશી રે,
અષ્ટ સિદ્ધિને ઈચ્છે નહીં, ભાઈ! મુક્તિ તેની દાસી રે. ...૪

તન મન ધન જેણે તુચ્છ કરી જાણ્યા અહોનિશ ઉદાસી રે,
ભોજો ભગત કહે ભાઈડા એ તો વૈકુંઠના વાસી રે. ...૫

વિવરણ

૧. ભક્તિના માર્ગમાં અનેક વિઘ્નો આવે છે. પરંતુ સાચા શૂરવીર ભક્તો એ વિઘ્નો સામે ઝઝૂમે છે અને વિજય પામે છે તે વાત ભક્તકવિ આ પદમાં કરે છે. આત્મજ્ઞાન અથવા ઈશ્વરપ્રાપ્તિ, ચંચલ ચિત્તવાળા કાયર માટે અશક્ય છે. ઉપનિષદ પણ કહે છે : 'नायमात्मा बलहीनेन लभ्यः ।' (આ આત્મા, બલહીનથી મેળવી શકાતો નથી.) કવિ પ્રીતમે પણ એક પદમાં આ જ વાત કરી છે; 'હરિનો મારગ છે શૂરાનો નહિ કાયરનું કામ જોને.'

મન તણો ઇ. - જેઓ મનનો મોરચો માંડી - ચિત્તવૃત્તિને સ્થિર કરી, પૂરા વિશ્વાસથી પ્રભુ પ્રત્યે પ્રેમવાળા થઈ, વઢિયા = લડ્યા. કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે છ શત્રુઓ સાથે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૨. મામલો = સત્ અને અસત્ વચ્ચેના ધિંગાણાનો પ્રસંગ. માચી = મચ્યો, જામ્યો. ગઢ = દેહરૂપી કિલ્લો, કાયાનો ગઢ.

૩. ચૂરા ચૂરા = ચૂરેચૂરા થઈ, સંપૂર્ણ લીન બની. પંચ = પાંચ મહાભૂતો (પવન, પાણી, પ્રકાશ, આકાશ, પૃથ્વી). પચ્ચીશ = સાંખ્યશાસ્ત્રમાં દર્શાવેલ પચ્ચીશ તત્ત્વો. ભજનવાણીમાં પણ કહ્યું છે; 'પાંચ-પચ્ચીશકે ઝઘડેમેં તેરો હીરો હરાયો કચરેમેં.' આ તત્ત્વોની મિથ્યા ચર્ચામાં, સાધક હરિરૂપી હીરાને ગુમાવી બેસે છે. પરા = વેગળા.

૪. પાસલા = પાશ, ફાંસલો. અષ્ટ ઇ. આવા ભક્તિના રંગે રંગાયેલ શૂરવીર ભક્તો અષ્ટ સિદ્ધિ (અણિમા, મહિમા વગેરે આઠ સિદ્ધિઓને) ઇચ્છતા નથી. અને મુક્તિ = મોક્ષ તો તેની દાસી બની છે, તેને આધીન છે. સરખાવો : 'દૂબળાં ઢોરનું કુશકે મન ચળે, ચતુરધા મુક્તિ તેઓ ન માગે.' - નરસિંહ મહેતા.

૫. ઉદાસી = ઉદાસીન વૃત્તિવાળા, સ્થિતપ્રજ્ઞ અનાસક્ત.

ચાબખો - ૨

મોજું કોઈ મરજીવા માણે રે, શીશ સાટે સોંઘા હરિ જાણે રે. - ટેક.

રણખેતરમાં રીડ્યું થયું, તન વેધ્યું વ્રેહને બાણે રે,
સત્યના મારગે ચાલિયા તેને વેરી વખાણે રે. ...૧

પોતાના દેહનું પેજ્યું રોપ્યું કે'ની મનમાં ભય ના'ણે રે,
ધર્મધિંગાણે ભળી ગયા, તન ત્રૂટ્યા લગણ તાણે રે. ...૨

પ્રભુના દેશમાં પાખંડ નહિ ચાલે, તમે ચેતી લેજો ટાણે રે,
કૂડિયા હશે તેને કાંઈ જમરાજા ઘાલશે લઈ ઘાણે રે. ...૩

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સદ્‌ગુરુજીના શબ્દ સુણી, રાજ છોડી દીધું રાણે રે,
ભોજો ભગત કહે ભજન કરી, નર નીપન્યા નિર્વાણે રે. ...૪

વિવરણ

૧. મોજું = મોજ, આનંદ. મરજીવા = જીવન્મુક્ત (સંસાર-સાગરમાંથી રામરતન મેળવનારા) શીશ ઇ. - માથું અર્પણ કરીને પ્રભુને મેળવવા એ તેઓને માટે સહેલું છે. રણખેતર = રણક્ષેત્ર, સમરાંગણ. સાંસારિક વિષયો અને વૈરાગ્ય વચ્ચે ચાલતી લડાઈનું મેદાન, રીડ્યું = રીડ, રાડ પડકારા. તેઓનું તન = શરીર, હરિના વ્રેહ = વિરહ રૂપી બાણથી વેધ્યું = વિંધાયું છે.

૨. પેજ્યું = નિશાન, લક્ષ્ય. રોપ્યું = બનાવ્યું, કે'ની = કોઈની. ના'ણે = ન આણે, નથી આણતા. ધર્મધિંગાણા - ધર્મયુદ્ધમાં ભળી ગયેલા આવા ભક્તો પછી દેહભાવથી મુક્ત થઈ જાય છે.

૩. પ્રભુના દેશમાં = ઈશ્વર ભક્તિની બાબતમાં. કૂડિયા = કૂડકપટ કરનારા.

૪. સદ્‌ગુરુ ઇ. જેના સાન્નિધ્યમાં ઈશ્વરનો સાક્ષાત્કાર થાય તે સદ્‌ગુરુ. જેના પ્રત્યેક શબ્દ બ્રહ્મસમાધિમાં લીન કરી દે તે સદ્‌ગુરુ. આવા સદ્‌ગુરુનો મહિમા સંતકવિ ભોજા ભગતે આ પંક્તિમાં બતાવ્યો છે. ગૌડ બંગાળના રાજા ગોપીચંદ, રાજપાટ, ધનદોલતનો ધણી હતો. ગલગોટા જેવા ખીલેલા રૂપ અને યૌવનનો સ્વામી હતો! પરંતુ સદ્‌ગુરુના વચનો સાંભળીને તેને તીવ્ર વૈરાગ્ય પ્રગટ્યો! તેણે સર્વસ્વ તજી દીધું અને પરમ કલ્યાણના માર્ગે પગલાં માંડ્યા. નીપન્યા નિર્વાણે = નિર્વાણ એટલે મોક્ષ પામ્યા.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચાબખો - ૩

મન ચડ્યું મોટપને પેટે રે, તેણે કરી સાહેબસે છેટે રે. - ટેક.

અંતરની કાળપ અજ્ઞાની જીવની, કેમ કરી મેટે રે,
દેખવા માત્રમાં દિસે રૂપાળો, જેમ રંગ ઘાલ્યો ટેટે રે. ...૧

માયાના મદમાં ફરે મસ્તાનો, જેમ ડીલ ઘાલ્યું ઘેટે રે,
હક્ક ન ચાલ્યો ને ખાધું હરામનું બોળ્યું બાપનું કુળ બેટે રે. ...૨

જોબનમાં જીવને જુવતી વા'લી, ફર્યો રાતડિયે રેંટે રે,
ભોજો ભગત કહે ભાવ વિનાના ભૂધર કેમ ભેટે રે. ...૩

વિવરણ

૧. મોટપને પેટે = મોટાઈમાં. સાહેબસે છેટે = ઈશ્વરથી દૂર. કાળપ = કાળાશ, કામ, ક્રોધ અને વાસના રૂપી મેલ. મેટે = મટી જાય, દૂર થઈ જાય. ટેટે = વડના ટેટાએ. જેમ વડના ટેટા ઉપરથી લાલ રંગના સુંદર દેખાય છે પરંતુ અંદર સડેલાં હોય છે. તેમ અજ્ઞાની જીવ, ઉપરથી ગમે તેવો ડોળ કરે પણ અંતરમાં વિષયવિકારની મલીનતા ભરી હોય છે.

૨. ડીલ = શરીર. હક્ક ન ચાલ્યો = નીતિથી ન વર્ત્યો.

૩. રેંટે = રેંટો. જૂના જમાનામાં લાલ રંગનું કાપડ આવતું જે 'રેંટો' નામથી ઓળખાતું. ગ્રામ્ય પ્રદેશના જુવાનિયા એનો સાફો બાંધતા. ભૂધર = પૃથ્વીને ધારણ કરનાર શ્રીહરિ. કવિ કહે છે; 'પરમાત્માના દર્શન માટે અંતરનો સાચો પ્રેમભાવ મહત્ત્વની વસ્તુ છે. એ હોય તો શ્રીહરિ, સામે ચાલીને ભક્તને ભેટવા આવે છે. ભક્તને ભગવાન પાસે જવું પડતું નથી. ભગવાન સ્વયમ્ ભક્તને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આંગણે આવે છે. વિષ્ણુ ભગવાને નારદ ઋષિને ખાત્રી આપતાં કહ્યું છે; 'मद्भक्ताः यत्र गायन्ते तत्र तिष्ठामि नारद ।' (હે નારદ! મારા ભક્તો, જ્યાં મારા માટે કીર્તન કરે છે, ત્યાં હું રહું છું). પરંતુ જો આવો ભાવ ન હોય અને પૂજાની મહામૂલ્યવાન સામગ્રી = ધૂપ, દીપ કે ભાત ભાતના મેવા અને મિષ્ટાન્નના ભોગ લાવવામાં આવે તો પણ ભગવાન એનો ભાવ પૂછતાં નથી.

ચાબખો - ૪

એવી માયા કઠણ બહુ કા'વે રે, સંતો! કેના સમજ્યામાં ના'વે રે. - ટેક.

પોતે બાંધી બેઠી પાસલા, જેમ મંડળ રોક્યું રાવે રે,
કંઈ કંઈ જીવ માંહી મૂંઝાઈ રહ્યાં, પછે ઘણા ગોથાં ખાવે રે. ...૧

હાથ ફેરે ને હેત દેખાડે, ભૂરકી ભરમાવે રે,
તેમ તેમ જીવ માંહી જાડો થાય, પછે પામરબુદ્ધિ પાવે રે. ...૨

હરિ ગુરુ સંત સાથે હેત તોડાવે, ને પોતા ઉપર લાવે રે,
વણદોર્યો જીવ વાંસે ફરે, એને ભક્તિ કેમ ભાવે રે. ...૩

ભોગ દેખાડે ને મન ભમાવે, વા'લામાં વિખ વાવે રે,
કામ ક્રોધનો કરે વધારો પછે નરકે લઈ જાવે રે. ...૪

તેમાં કોઈ કોઈ શૂરવીર ચેતી ગયા, જેને મે'ર કરી માવે રે,
ભોજો ભગત કહે ભજન કરીને, કોઈ ઉગર્યા નિર્દાવે રે. ...૫

વિવરણ

૧. પાસલા = પાશ, ફાંસલો. માયા જીવનો શિકાર કરવા ફાંસલો બાંધીને બેઠી છે તેનું દૃષ્ટાંત કવિ આપે છે. જેવી રીતે કોઈ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રાવે = રાજાએ, મંડળ રોક્યું હોય = કોઈ સ્થળે ઘેરો ઘાલ્યો હોય અને અંદર અનેક જીવો મૂંઝાઈ મરે તેમ માયાના ઘેરામાં અજ્ઞાની જીવ મૂંઝાય છે.

૨. ભૂરકી ભરમાવે = ભૂરકી નાખી મોહિત કરે. માનવમાત્રને માયાનો સૂંવાળો સ્પર્શ ગમે છે.

૪. વા'લામાં = વહાલા સદ્‌ગુરુ અને શ્રીહરિમાં. વિખ વાવે = ઝેરના બીજ રોપે. વહાલા સાથે વેર કરાવે.

૫. મે'ર = મહેર, કૃપા. માવે = માવજીએ, શ્રીકૃષ્ણે. (સંસ્કૃતના 'માધવ' શબ્દ ઉપરથી 'માવ' શબ્દ બન્યો છે) નિર્દાવે = કોઈપણ પ્રકારના દાવા વિના, નિષ્કામ ભક્તિ કરીને.

ભોજા ભગતે માયાને 'કઠણ' કહી છે. કઠણ એટલે એક અર્થમાં 'સમજવી અઘરી'. જેને વિદ્વાનો પણ પોતાની બુદ્ધિથી ઓળખી શકતાં નથી તેવી! માયા પરમાત્માની જ લીલા છે તેથી સ્વાભાવિક રીતે જ કળવી મુશ્કેલ છે. શ્રીકૃષ્ણે જ ગીતામાં કહ્યું છે; 'મમ माया दुरत्यया ।' (મારી માયા દુર્ગમ છે). 'કઠણ' એટલે બીજા અર્થમાં 'કઠે તેવી', 'કષ્ટ આપે તેવી' ઉપર ઉપરથી સુંવાળી લાગતી આ માયાની શય્યા હકીકતે તો કાંટાળી છે! પરંતુ સંકલ્પ-વિકલ્પ વિનાની અનન્ય ભક્તિ, માયાને તરી જવાનો શ્રેષ્ઠ ઉપાય છે.

ચાબખો - ૫

નર જે કરતાં મોટાયું રે તેની ઊપડી ગયું પાયું રે. - ટેક.

જે દિ બાળકનો જન્મ થયો તેદિ વાગિયું વધાયું રે,
અંતે જમરા લઈ ગયા પછે વાંસે રૂવે બાયું રે. ...૧

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નોબત નિશાન ને ચમર ઢળતાં, ફોજું ચોદિશ છાયું રે,
ઊઠી ગયાં ને ઉજ્જડ થયાં એના ગઢ કોઠાં ને ખાયું રે. ...૨

ચાકર આવીને સલામું ભરતાં, કરતાં ઠકરાયું રે,
આંકના તૂર જેમ ઊડી ગયા, જેમ વંટોળિયે વાયુ રે. ...૩

સદ્‌ગુરુ સંતને જેણે સેવ્યા, તેની ધન્ય ધન્ય કમાયું રે,
ભોજો ભગત કહે વૈકુંઠ પૂગ્યાં, દઈ નગારે ઘાયું રે. ...૪

વિવરણ

આ ચાબખો, અમરેલીના તે સમયના શૂરવીર શાસક, દીવાન વિઠ્ઠલરાવ (વિઠોબા)ને ઉદ્દેશીને લખ્યો છે. વાત એમ હતી કે દીવાન વડોદરા રાજ્યથી સ્વતંત્ર બની, અમરેલીને સર કરી લેવું હતું. અને તેટલા માટે તેણે અમરેલી ફરતો એક મજબૂત ગઢ (કિલ્લો) સમારાવી, તેની ચારે તરફ ઊંડી ખાઈ ખોદાવીને નગરને સુરક્ષિત કર્યું હતું. આજે પણ તેના કેટલાંક ભગ્નાવશેષ નઝરે પડે છે. દીવાનની આ યોજનાની જાણ, ગાયકવાડ સરકાર મહારાજાને થતાં દીવાનને વડોદરા બોલાવ્યા. કહેવાય છે કે, મહારાજા, તેને રાજદ્રોહની સજા કરશે એવી બીકે, દીવાન વિઠ્ઠલરાવે, વડોદરા થોડું દૂર હતું ત્યારે માર્ગમાં ઝેર પી લઈને આત્મહત્યા કરી હતી!

૧. જે નર, મોટાયું = મોટાઈ, કરતાં હતાં તેની પાયું = પેઢી ઊપડી ગઈ, અર્થાત્ તેનો જડમૂળમાંથી નાશ થયો. દિ = દિવસ. જમરા = જમ, જમરાજા. બાયું = બાઈઓ, સ્ત્રીઓ.

૨. છાયું = છવાઈ રહી. ખાયું = ખાઈઓ, ખાડીઓ (એ સમયમાં નગરની સુરક્ષા માટે, નગર ફરતી ખાડીઓ ખોદાવવામાં આવતી તથા તેમાં પાણી ભરી રખાતું હતું) ઠકરાઈ કરવી = રાજ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરવું. આંકના તૂર = આંકડાનું રૂ. વંટોળિયે વાયું = વંટોળિયાના વાયુથી.

૩. નગારે ઘાયું = નગારાંના ઘાવ દઈને. નોબતના અવાજ સાથે. સંતકવિ કહે છે જેણે સદ્‌ગુરુ અને સંતોની સેવા કરી છે, તેઓના સાન્નિધ્યમાં સત્યનો સાક્ષાત્કાર કરવાની વૃત્તિ કેળવી છે, તેઓના જીવનભરની કમાણીને ધન્ય છે. કમાણી એટલે ધન રળવાની વાત નથી. કમાણી એટલે સત્કર્મો. કમાણી એટલે પ્રેમભક્તિ દ્વારા કરેલી ઈશ્વર ઉપાસના. આવી અનોખી અને અક્ષય ભંડાર જેવી કમાણી કરનાર ભક્ત, નગારે ઘા દઈને વૈકુંઠમાં વિજયપ્રવેશ કરે છે! સામાન્ય પ્રકારનો વિજય કરે એની આગળ નગારાનો વિજયઘોષ થતો જાય એમ તેની શાહી સવારી નીકળે છે. જ્યારે આ તો ભક્તરાજના વૈકુંઠ પ્રવેશનો અલૌકિક વિજય! તેની શું વાત કરવી?

ચાબખો - ૬

મૂરખા! જનમ ગયો તારો રે, બાંધ્યો પાપ તણો ભારો રે. - ટેક.

નામ સાંભળતા નિદ્રા આવે, લાગે હરિજશ ખારો રે,
અમૃત રસને મેલી કર્યો તેં, વિષ તણો વેપારો રે. ...૧

મોહને પેટે માયા ખર્ચે તેમ સગો કહે સારો રે,
સાધુ દેખીને મોઢું સાંત્યું, તેં ધોયો ગારે ગારો રે. ...૨

હમણા તો તારો હુકમ ચાલે છે, દે છો સહુને ડારો રે,
ધર્મના દૂત જ્યારે ધક્કા દેશે ત્યારે કોઈ નથી આરો રે. ...૩

હરિ તિલ તિલનો હિસાબ લેશે, ને મોકમ દેશે મારો રે,
ભોજો ભગત કહે સદ્‌ગુરુ વિના કોણ છોડાવણહારો રે. ...૪

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિવરણ

૨. મોહને પેટે = મોહ માણવા માટે. માયા = ધન, ખર્ચે છે તેમ સગા કુટુંબ તેને સારો કહે છે. પરંતુ સાધુ જોઈને તેં મોઢું સાંત્યું = સંતાડ્યું. સાધુને માટે. પૈસા વાપરતો નથી અને મોટાઈ મેળવવાં વાપરે છે તેમાં તારું પાપ ધોવાવાનું નથી. એ તો ગારાથી ખરડાયેલાં હાથને ગારાથી ધોવા જેવું થયું! મોટાઈ માટે માયા ખર્ચવાથી માન કે મોટાઈ મળતાં નથી. એનાથી તો માયાની પકડ વધુ મજબૂત બને છે.

૩. ડારો = ડરામણી. ધમકી. આરો = ઉપાય.

૪. તિલતિલનો = તલેતલનો, પૂરેપૂરો. મોકમ = મોઘમ, મૂઢ. મારો = માર. ભોજા ભગત જીવને સંબોધીને કહે છે; ‘પરમાત્મા, તારી પાસેથી તારા કર્મોનો તલેતલનો હિસાબ માગશે. તેને છેતરી શકાશે નહીં. એની પાસે જમા-ઉધારનો હિસાબ, બરાબર બતાવવો પડશે અને જીવનના ચોપડામાં જમા ખાતે જો કુકર્મો વધુ હશે તો એના પરિણામ ભોગવવા પડશે. અને એનો માર તો મોધમ હશે. એ ‘મૂઢમાર’ હશે. બહારથી દેખાશે નહીં, પણ ફરી વાર એવી નીચ યોનિમાં જન્મ આપશે કે જીવનભર ભારે દુઃખો વેઠવા પડશે!

ચાબખો - ૭

મનવા! રે’ની ભજનમાં ભળી, આ તો વેળા જાય છે વળી. - ટેક.

જોબનના દહાડાં જતા રહેશે ભાઈ! જેમ કરમાશે કળી,
જરા પોંત્યે કાંઈ જોર નહી ચાલે, પછે પીંખાશે પળી. ...૧

સંઘરામાં કાંઈ સાથે ના’વે, સધુંય જાશે સળી,
હેત કરી વાવરજે હાથે, બાકી જાશેં બળી. ...૨

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માનવી ઝાડ છે મૂળ વિનાનું ધર્મ વિના જાશે ઢળી,
આગળ ખાવાને અભાગિયા! કાંઈ મૂડી લેની મળી. ...૩

કાળનું દળ તો કારમું આવશે, દેહને નાખશે દળી,
ભોજો ભગત કહે ધર્મ રહેશે, બીજું સર્વે જાશે ટળી. ...૪

વિવરણ

૧. મનવા = હે માનવ! વેળા જાય છે વળી = સમય જતો રહે છે. જરા = ઘડપણ પોંત્યે = પહોંચતા. ઘડપણ આવશે ત્યારે તારું કાંઈ જોર ચાલશે નહીં. અને પછી પળી = પળિયા, ધોળા વાળ પીંખાઈ જશે. શંકરાચાર્યે કહ્યું છે ને; 'अंगम् गलितम् पलितम् मुण्डम् ।' (અંગ ગળી ગયા અને પળિયા આવ્યાં)

૩. માનવી, મૂળ વિનાનું ઝાડ છે. ધર્મનું આચરણ તેનો આધાર છે. તેના વિના તો એ તરત જ ઢળી જશે. આગળ = મૃત્યુ પછી, બીજા જન્મમાં ખાવા માટે ધર્મ રૂપી કાંઈક મૂડી મળી લેજે = મેળવી લેજે.

૪. કાળનું દળ ઇ. - ભોજા ભગતે સર્વનો નાશ કરનાર કાળને દુશ્મનના કારમા દળકટક સાથે સરખાવ્યું છે. એ કારમું છે, ક્રૂર છે. એ જરા પણ દયા રાખતું નથી. કાયાના ગઢને ઘેરી લઈને એના કાંગરા ખેરવી નાખે છે. અને અસહાય બનેલો 'જીવરાજા' ઝડપાઈ જાય છે. આમ મોટા મોટા તારાઓથી માંડીને રજકણ સુધી અને આભને ટેકો આપે એવા માંધાતાઓથી માંડીને મગતરા સુધીના તમામ પ્રાણીઓ મહાકાળની મહા ઘંટીનાં પડમાં દળાઈને નાશ પામે છે. ત્યારે કોણ ટકી શકે છે? ભોજા ભગત કહે છે કે એકમાત્ર ધર્મ જ એવું અવિનાશી તત્ત્વ છે જે સનાતન હોવાથી ટકી શકે છે, અને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ધર્મનું શરણું લેનાર જીવ પણ ટકી શકે છે. જે ધર્મને ધારણ કરે છે એને ધર્મ રક્ષે છે. धर्मो रक्षति रक्षितः ।

ચાબખો - ૮

મૂરખો કાલની વાતું કરે, માથે કાળનું ચક્ર ફરે. - ટેક.

કેને કહેવાનું કહી સંભળાવે, પોતે કરતો નવ ડરે,
વિષયવિકારમાં ફરે વલખતો, પારકા ઘરમાં ઘરે. ...૧

સ્વારથમાં જીવ ચાલે ચોધારો, અસત ઘણું આચરે,
છળ છેતર ને દગાબાજી, પારકા ધનને હરે. ...૨

ધર્મને માર્ગે ઢૂંકડો ના'વે, પાપમાં પગલાં ભરે,
સૂમની માયા સાંતી રે'શે, કાં વેશ્યા નારિયુંમાં વરે. ...૩

તેણે ચોરાશી સહી કરી, જીવ અલ્પ થઈને અવતરે,
ભોજો ભગત કહે ભજન કર્યા વિના, ભૂંડે હાલે મરે. ...૪

વિવરણ

૧. કાલની = આવતી કાલની, ભવિષ્યની વાતું = વાતો. વલખતો = વલખાં મારતો. પારકાં ઘરમાં ઘરે = બીજાના ઘરમાં પ્રવેશ કરે (પરસ્ત્રી ઉપર આસક્ત થવાથી)

૨. પોતાના સ્વાર્થની વાત આવે ત્યારે જીવ, ચોધારો = ચારે બાજુથી ઘણું અસત્ય આચરીને પરધન ગ્રહણ કરે છે.

૩. ઢૂંકડો ના'વે = નજીક આવતો નથી. જે પાપકર્મ કરે છે એવા સૂમ = લોભીની માયા કાં તો સાંતી રહેશે, દટાયેલી રહી જશે અથવા તો વેશ્યા નારીઓ સાથે વિલાસમાં વેડફાઈ જશે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૪. આવા પાપી લોકો ચોરાશી લાખ યોનિ સહી કરે છે = પોતાને માથે નિશ્ચિત કરી લે છે.

મનુષ્યના કર્મો એના જન્મ તથા જીવન માટે નિર્ણાયક બને છે. આપણા શાસ્ત્રોએ ચોરાશી લાખ યોનિની વાત કરી છે, એટલે કે દરેક જીવ ચોરાશી લાખ યોનિમાંથી પસાર થાય છે અને તે પછી ફરી પાછો મનુષ્ય જન્મ મળે છે. જેમાં બુદ્ધિયોગને લીધે સત્ય-અસત્યનો વિવેક કરી એ ઇચ્છે તો પરમતત્ત્વનો સાક્ષાત્કાર કરી શકે છે. અને જો એ પ્રકારની કર્મસાધના ન કરે તો ફરી પાછું ચોરાશી લાખ યોનિના ચક્કરમાં ઘૂમવું પડે!

ચાબખો - ૯

પ્રાણિયા! ભજી લેને કિરતાર, આ તો સપનું છે સંસાર. - ટેક.

ધન દોલત ને માલખજાના પુત્ર ને પરિવાર,
એમાંથી જાશ તું એકલો, પછે ખાશ જમના માર. ...૧

ઊંચી મેડી ને અજબ ઝરૂખા, ગોખ તણો નહીં પાર,
કોટિધ્વજ ને લક્ષપતિ, એના બાંધ્યા રહ્યાં ઘરબાર. ...૨

ઉપર ફરેરા ફરહરે, ને હેઠે શ્રીફળ ચાર,
ઠીક કરીને ઠાઠડીમાં ઘાલ્યો, પછે વાંસે પડે પોકાર. ...૩

સેજ તળાયું વિના સૂતો નહીં, જીવ હૂન્નર કરતો હજાર,
ખોરી ખોરીને ખૂબ જળાયો, જેમ લોઢું ગાળે લૂહાર. ...૪

શ્મશાન જઈને ચેહ ખડકી, ને માથે છે કાઠનો ભાર,
અગ્નિ મેલીને ઊભા રહ્યા, અને નિશ્ચે ઝરે અંગાર. ...૫

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્નાન કરીને ચાલી નીકળ્યો, નર ને વળી નાર,
ભોજો ભગત કહે દશ દિ રોઈને, પછે મેલ્યો વિસાર. ...૬

વિવરણ

૨. કોટિધ્વજ = જેણે કોટિ (કરોડ) રૂપિયા મેળવી, પોતાના મહેલ ઉપર ધજા ફરકાવી હોય એવા કરોડપતિ. લક્ષપતિ = લખપતિ, લાખ રૂપિયાના માલિક.

૩. ફરેરા = નનામી (ઠાઠડી) શબવાહિની ઉપર બાંધવામાં આવતા પતાકા. ફરહરે = ફરકી રહ્યાં છે. 'ફરેરા' શબ્દ ખેતીને લગતો છે. ખેડૂત, જમીનમાં શેરડીના કટકાં વાવે ત્યારે એને જમીનમાં દબાવે છે. તે વખતે એના ઉપર જે પાન ફરકતું રહે છે તેને 'ફરેરા' કહેવામાં આવે છે. એના ઉપરથી તેનો પતાકા અર્થ આવ્યો છે. આ કાઠિયાવાડી તળપદી બોલીનો શબ્દ છે.

૪. હૂન્નર = ઉદ્યોગ, ધંધા, અનેક પ્રકારના કસબ. જળાયો = બાળ્યો.

૫. ચેહે = ચિતા. કાઠ = કાષ્ઠ, લાકડું.

૬. દિ = દિવસ, મેલ્યો વિસાર = ભૂલી ગયા, વિસારી દીધું.

આ પંક્તિઓમાં ભોજા ભગતે સંસારની અસાર અને કઠોર વાસ્તવિકતાને રજૂ કરી છે. સંસારના સંબંધો, સુખ, સંપત્તિ અને સાહ્યબી કેવા ક્ષણભંગુર અને નિરર્થક છે તેનું સચોટ શબ્દચિત્ર કવિએ કર્યું છે. શરીરમાં પ્રાણ હોય ત્યારે શરીર કેવું સોહામણું અને ઉપયોગી જણાય છે. પરંતુ જેવા પ્રાણ પ્રયાણ કરે કે તરત જ એ શરીર બિહામણું અને નિરૂપયોગી બની જાય છે!

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચાબખો - ૧૦

લોભ રહ્યો હૃદયમાં બેસી રે, મૂરખને શિખામણ કેસી રે. - ટેક.

સંતની નિંદા સારી લાગે; જીવ ત્યાં રહે બેસી,
પરમારથથી પાછો ભાગે, જીવ ત્યાંથી ઊઠે ખસી. ...૧

કર્મનું કામ કોઈ કહેવા આવે, તેને સામો ઊઠે ભસી,
રામનામ મેલી બીજું લવે, જીભ કાપી જોઈએ ઘસી. ...૨

પોતાના વખાણ વા'લા લાગે, જીવ તેશુ બોલે હસી,
કેનુંક રૂડુ કાને સાંભળતા, મોઢે ઢાળે મશી. ...૩

માયા સારુ જીવ મૂળગી કામ્યો, પછે કાળે દીધો ઘસી,
ભોજો ભગત કહે ભૂત થઈને, જીવ ભમ્યો મૂવા પછી. :..૪

વિવરણ

૧. કેસી = કેવી (હિંદી શબ્દ કૈસી ઉપરથી)

૨. રામનામ મૂકીને જે બીજું લવે છે, બોલ બોલ કરે છે તેવા અજ્ઞાની મૂર્ખની જીભ તો ઘસીને કાપવી જોઈએ.

૩. મશી = મેશ (સંસ્કૃતમાં મષી શબ્દ છે). બીજાનું રૂડુ સાંભળતાં મોઢે મેશ ઢળે છે, મોઢું કાળુ થઈ જાય છે.

૪. મોહને લીધે જીવ, મૂળગી કામ્યો = મૂળગી મૂડી કમાણો અર્થાત્ ખૂબ મૂડી કમાણો. પણ તેને પરમાર્થ માટે વાપરી નહીં. પછી તો કાળે એને ઘસી દીધો = એનો નાશ કર્યો. પરંતુ અંતકાળે મૂડીમાં જેની વાસના રહી ગઈ છે એવો એ જીવ, મૂવા પછી = મૃત્યુ પામ્યા પછી ભૂત થઈને ભમ્યો. એક લોકકવિ ભભૂતિયાએ સરસ વાત કરી છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ખાટી, પણ બાટી નહીં અને દાટી માટી માંહી,
પછી ફરવું ફળિયા માંહી ભોરિંગ થઈને ભભૂતિયા.

(જીવે, મૂડીને ખાટી = ભેળી કરી, પણ બાટી નહીં, કોઈને વહેંચી નહીં, અને માટીમાં દાટી રાખી. પછી તો એને જ મૃત્યુએ દાટી દીધો. અને વાસનાથી ઘેરાયેલો જીવ, પછી ભોરિંગ થઈને ફળિયામાં, ધનની ચોકી કરતો ઘૂમ્યાં કરે છે.)

ચાબખો - ૧૧

ખૂટલ! ખરખરો થાશે રે, બાજી તારા હાથમાંથી જાશે રે. - ટેક.

કોઈ કહ્યું નથી માનતા, પણ દેહી દુઃખ બહુ સે'શે રે,
ભલા ભલાયું કરી લેજો, આ રંગ જાતો રે'શે રે. ...૧

હક્ક નથી હાલતો, હરિ ભજ્યા વિણ કાળ ગળી જાશે રે,
સોયે દશ્યુના સે ઉપર પછે વાહોલિયા વાશે રે. ...૨

વિચાર કરીને વાવ્યા વિનાના ફળ ક્યાંથી ખાશે રે,
ભોજો ભગત કહે ભજન કર્યા વિના, નીર ખારે ન્હાશે રે. ...૩

વિવરણ

૧. ખૂટલ = વિશ્વાસઘાતી. ખરખરો = પસ્તાવો. આ ઉત્તમ મનુષ્ય જન્મ મળ્યો છે, તેમાં તું ઈશ્વરને નહિ ભજે તો બાજી તારા હાથમાંથી ચાલી જશે. દેહી = દેહધારી જીવ. ભલાયું = ભલાઈ.

૨. હક્ક હાલવું = નીતિથી વર્તવું. સરખાવો; 'હક્કે હાલો, ધરમ પાળો વચન ગુરુજીના માનજો' - પ્રાચીન ભજન. સોયે = ચો યે = ચારે ય, દશ્યુના = દિશાઓના. સે = ચેહ, ચિતા. વાહોલિયા = વાયુ. અર્થાત્ તારી ચિતા ખુલ્લામાં બળશે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૩. વિચાર કરીને નહિ વાવ્યું હોય તો તેના ફળ ક્યાંથી ખાશે? અથવા સત્કર્મો નહીં કરે તો તેનું ફળ મળવાનું નથી. નીર ખારે ન્હાશે = ખારા પાણીએ નહાશે. ખારા પાણીએ નહાવું = સર્વસ્વ ગુમાવવું (રૂઢ શબ્દપ્રયોગ) જગતના વ્યવહારોમાં પણ મનુષ્ય, જેવું વાવે તેવું લણે છે. અંગ્રેજીમાં પણ કહેવત છે; As you sow, so you reap. (તમે જેવું વાવશો તેવું લણશો) વગર વિચાર્યે કોઈ વાવેતર કરે તો એના પાક નુકસાનકારક થાય છે. ભોજા ભગતે તેના એક પદમાં કહ્યું છે; 'બીજ વાવ્યાં જેણે બીડમાં, નર નિપજમાં કેદિ ન્હોય.' (જો બીજ, વેરાન ભૂમિમાં વાવવામાં આવે તો ઊગતા નથી). માણસ જેવું આચરણ કરે તેવું ફળ પામે. જે લીંબોળી વાવે એને આમ્રફળ ક્યાંથી મળે? સંસારના ક્ષેત્રમાં આવી ઘટના ઘટે છે તો જ્ઞાનના ક્ષેત્રમાં પણ એમ જ છે.

ચાબખો - ૧૨

મૂરખા! માહી રહ્યો મારું રે, એમાં કાંઈ નથી તારું રે. - ટેક.

સાત સાગર જેની ચોકી કરતાં ને ફરતું નીર ખારું રે,
ચૌદ ચોકડીનું ચાલ્યું ગયું, જોની રાજ રાવણવાળું રે. ...૧

દુઃખને કોઈ નથી દેખતું, ને સુખ લાગે સારું રે,
ઘેર વેળાની છાંયડી હમણા વળી જાશે વારું રે. ...૨

પૂરણ પદવી પામ્યો નથી ને આ તન ઉધારું રે,
ભોજો ભગત કહે રાખો હૃદેમાં પ્રભુભજન પ્યારું રે. ...૩

વિવરણ

૧. ચૌદ ચોકડી ઈ. ચોકડી = ચાર યુગનો સમૂહ. (સત્યુગ,

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ત્રેતા, દ્વાપર અને કળિયુગ) આવી ચૌદ ચોકડી વીતી ગઈ ત્યાં સુધી રાવણે નિષ્કંટક રાજ્ય કર્યું. ઘણા વર્ષો સુધી રાજ્ય ચાલ્યું એમ દર્શાવવા અતિશયોક્તિમાં 'ચૌદ ચોકડી' શબ્દ યોજ્યો છે.

૨. ઘેર વેળાની = ઘર જવાની વેળા, સાયંકાળની. (હમણા તારી જીવનસંધ્યાની છાંયડી વળી જશે, અર્થાત્ મૃત્યુ આવી જશે.)

૩. પૂરણ પદવી = પૂર્ણ બ્રહ્મનું સ્થાન, તું હજુ પામ્યો નથી અને આ તારું તન = શરીર તો ઉધારું = ઉધાર છે. તારું આ શરીર તેં ઉછીનું લીધું છે માટે તેમાં મમત્વબુદ્ધિ રાખ્યા વિના પ્રભુભજન કર. સરખાવો એક લોકગીત :

જીવ! શાને ફરે છે ગુમાનમાં,
તારે રહેવું ભાડાના મકાનમાં.

શરીર એ તો પરમ પિતા પરમેશ્વરે આપેલી દેન છે. માત્ર શરીર જ નહીં આ અખિલ બ્રહ્માંડ પરમ બ્રહ્મનું સર્જન છે. તેથી સમજુ મનુષ્યે દેહનો ઉપયોગ પરમ તત્ત્વની પ્રાપ્તિના માધ્યમ તરીકે જ કરવો જોઈએ. એના ઉપર મોહ ન થવો જોઈએ, કારણ કે તે પોતાની માલિકીનો નથી. એના ઉપર તો જીવનો કબજા-ભોગવટા પૂરતો જ અધિકાર છે. માલિકી હક્ક નથી. જેમ સમજદાર ભાડૂત, મકાનને સાચવે પણ એના ઉપર મોહ ન રાખે, કારણ કે મકાનમાલિક, ગમે ત્યારે મકાન ખાલી કરીને ચાલ્યા જવાનો આદેશ આપે છે. તેમ આ શરીર રૂપી કબજો તેના મૂળ માલિક પરમેશ્વરને સોંપી દેવો પડે છે!

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચાબખો - ૧૩

મનથી ફેરવો માળા રે, મેલી દિયો જગતના ચાળા રે. - ટેક.

અનેક જન્મ થયા અડવડતાં ને કર્મ લાગ્યાં કાળા રે,
જમ લઈ જાશે જીવને ઓલ્યા ટોપિયું વાળા રે. ...૧

ભલિયું ભેટશે ત્યાં નહીં પૂગે પાળા રે,
માલ વાળ્યો ઓલે મરજીવે, તીખી તરવાર્યું વાળા રે. ...૨

ઈન્દ્ર સરખા ઊઠી ગયા ભાઈ! તેના કોઈ ટાળા રે,
ભોજો ભગત કહે થિર ઠેરાવો અધર ઉચાળા રે. ...૩

વિવરણ

૧. મનથી = મનની એકાગ્રતાથી માળા ફેરવો = હરિનું સ્મરણ કરો. જગતના ચાળાં = દુનિયાના મિથ્યા અને દાંભિક વ્યવહારો. અડવડતાં = આથડતાં, કાળા કર્મ = કાળા કામ-પાપકર્મો લાગ્યા છે. ટોપિયું વાળા = ટોપ ધારણ કરેલા.

૨. ભલિયું = સૌરાષ્ટ્રની જાતવાન ઘોડીઓનો એક પ્રકાર. જ્યારે ભલિયુંવાળા તને મળશે ત્યારે પાળાં = પગપાળા એવા તમારું કાંઈ ચાલશે નહીં. પરંતુ મરજીવા = સંસાર સાગરમાં ઊંડે ડૂબકી મારી રામરતન મેળવનારા ભક્તો, માલ વાળે છે = લૂંટાઈ ગયેલો માલ પાછો લઈ આવે છે, કારણકે તેમની પાસે વૈરાગ્ય રૂપી તીખી તરવારો હોય છે.

૩. ઈન્દ્ર જેવા મહાપ્રતાપી લોકો પણ ઊઠી ગયા = નાશ પામ્યા છે. તેનો કોઈ ટાળા = તાળો-મેળ મળતો નથી. અર્થાત્ આવા અસંખ્ય મહારથીઓ પણ મોતને આધીન થયા છે. તેથી તમારા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અધર ઉચાળા છે તેને થીર ઠેરાવો = સ્થિર કરો. જ્યાં સુધી બ્રહ્મપ્રાપ્તિ નથી થતી ત્યાં સુધી જીવ, અગણિત યોનિઓમાં ભટક્યા કરે છે. જીવનના ઉચાળા લઇને ઘૂમ્યા કરે છે. ઈશ્વર પ્રાપ્તિ થાય ત્યારે જ એ સ્થિર થાય છે.

આ દુનિયામાં બધું જ અસ્થિર છે. વિનાશ એ જાણે કે પ્રાણીમાત્ર અને પદાર્થમાત્રનો સ્વભાવ છે. સંસારનો અર્થ જ જે સરી જાય છે તે. મામૂલી માનવી હોય કે મોટા મોટા માંધાતા, કાળ બધાને ભરખી જાય છે. ભોજા ભગતે એના એક સરસ પદમાં કહ્યું છે;

ઊઠીને ટેકું દેતાં આભને,
ફરતી નવખંડમાં જેની જાળ રે લો;
જેની ફૂંકે પર્વત ફાટતાં,
એવાને લઈ ગયો કાળ રે લો!

(જે મહારથીઓ આભને ટેકો દે એવા સમર્થ હોય તેને પણ કાળ ગળી જાય છે)

ચાબખો - ૧૪

મનની મોટાયું મેલો રે આ તો અવસર છે છેલ્લો રે. - ટેક.

નહીં રહ્યાનું નિશ્ચય કરી જાણજો, કુટુંબ કબીલો રે,
સિદ્ધ સાધક કંઈ ચાલ્યા ગયા, તેનો વાધ્યો નહીં વેલો રે. ...૧

દુ:ખથી ભોમ દેવતાએ મેલી, તમે સુખથી ઉપર ચાલો રે,
ઓછે વાસે નહીં ઉગરિયે, તમે ઠેકાણે ઠેલો રે. ...૨

ધારણ ધરતી, અખંડ વરતિ, હરખ કરી હાલો રે,
ભોજો ભગત કહે ગુરુ પ્રતાપે, ખરી નીતસે ખેલો રે. ...૩

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિવરણ

૧. છેલ્લો અવસર = મનુષ્યજન્મ મળવા રૂપ છેલ્લો સમય, વેલો = વિસ્તાર, વંશવેલો.

૨. ભોમ્ય = ભૂમિ. દેવોએ આ સંસારની ભૂમિ ઉપર દુઃખ જોઈને એને છોડી દીધી છે. જ્યારે તમે તો એના ઉપર આનંદથી ચાલો છો તે ઠીક નથી. ઓછે વાસે = મૃત્યુ લોકના અધમ વાસમાં, તમારો ઉદ્ધાર નહીં થાય. માટે તમે, ઠેકાણે ઠેલો = યોગ્ય સ્થાને નિવાસ કરો. અર્થાત્ પ્રભુધામને પામવા પ્રયાસ કરો.

૩. ધારણ ધરતી = ધરતીના જેવી સ્થિર ધારણા-ધીરજ અને અખંડ વરતિ = વૃત્તિની એકાગ્રતા, ચિત્તવૃત્તિનો નિરોધ, જેને યોગ કહેવામાં આવે છે તે મેળવી, ખરી નિતસે ખેલો = સાચી નીતિથી પરમ આનંદમાં રમમાણ રહો.

ધીરજ, મનની એકાગ્રતા અને આનંદ, આ ત્રણ બાબતો એવી છે જેનાથી કોઈ પણ ધ્યેયને સિદ્ધ કરી શકાય. આ ત્રણ ગુણો જેનામાં હોય એ સાધક, જે ખેલ ખેલે છે એમાં નિયમોનું પાલન સહજ રીતે થતું આવે છે અને પરિણામે તે વિજયપ્રાપ્તિમાં પરિણમે છે. આ સંસારને સમરાંગણ ગણીને લડવાનું ચાલુ રાખે, કે તેને ક્રીડાંગણ સમજીને ખેલવાનું ચાલુ રાખે, અથવા તો ધર્મક્ષેત્ર માનીને પરમતત્ત્વને જાણવાનું ચાલુ રાખે, કોઈ પણ પરિસ્થિતિમાં ધીરજ, એકાગ્રતા અને આનંદથી જ સિદ્ધિ મળે છે!

ચાબખો - ૧૫

મૂરખા! મતિ ફરી તારી રે, મેલ્યા વિઠ્ઠલ વિસારી રે. - ટેક.

જનમ થયા મો'ર જઠરામાં તું કે'તો પોકારી. રે,
બા'ર આવ્યા પછી બુદ્ધિહીણા! હરિ હીરો ગયો હારી રે. ...૧

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દોલત ભાળી જીવ થયો દીવાનો, બોલે અવળું અહંકારી રે,
પુણ્ય કર્યા વિના પછે તો થાશ, ભવોભવનો ભિખારી રે. ...૨

ભાત ભાતના ભોજન તજીને થયો અખજનો યારી રે,
ચોરી, છીનાળી ને સુરાપાને ગયા નરકે નરનારી રે. ...૩

સાચો થઈ જાશ સદ્‌ગુરુ ચરણે લેશે ઉગારી રે,
ભોજો ભગત કહે ગુરુપ્રતાપે માન શિખામણ મારી રે. ...૪

વિવરણ

૧. મો'ર = અગાઉ, પહેલા (કાઠિયાવાડી તળપદી પ્રયોગ)

૩. અખજ = અખાદ્ય, ન ખાવા જેવું હતું તે. યારી = ચાહનારો. સંસારના ભોગવિલાસો મીઠાં તો લાગે છે, પણ તે અખાદ્ય છે. ભાત-ભાતના ભોજન = શ્રીહરિના ગુણોના સ્મરણ રૂપી મિષ્ટાન્ન. સુરાપાન = શરાબનું પાન.

આ સંસારને મહાસાગર કહ્યો છે. એમાં મોહ માયાના મોટાં મોટાં મોજાં ઉછળે છે. એમાં તરવાનું ન જાણનાર જીવ ડૂબકાં ખાય છે. સદ્‌ગુરુ તરવરિયા તરવૈયા છે. એ તરે છે અને જીવને હાથ ઝાલીને તારે છે! ગુરુની શક્તિ અને સન્નિધિમાં શિષ્ય સલામત છે. પરંતુ સવાલ એટલો જ છે કે શિષ્યે સાચા થઈને સદ્‌ગુરુના ચરણે જવાનું છે. સાચા શિષ્યના ત્રણ મુખ્ય લક્ષણો છે; સેવા, શ્રદ્ધા અને શરણાગતિ!

ચાબખો - ૧૬

દેખો દેહ ધરી દેવા રે કરી લિયો સંતુની સેવા રે. - ટેક.

સજના હસના પાર પહોંચાડ્યાં, પારધિ જેવા રે,
કર્મના બંધન કાપી નાખ્યા, ભાઈ! અલખધણી એવા રે. ...૧

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભૂપનું નોતરું ભાવ વિનાનું મૂકીને મેવા રે,
ખરી ખબર આવ્યા વિદુરને ત્યાં લક્ષ્મીવર લેવા રે. ...૨

જરણા કરીને જાળવજો ભાઈ! પ્રેમરસ પીવા રે,
ભોજો ભગત કહે ભાવે ભજજો, રામચરણે રે'વા રે. ...૩

વિવરણ

૧. દેહ ધરી, મનુષ્યદેહ ધારણ કરીને દેખો દેવા = દેવોનું દર્શન કરી લો માનવજીવનમાં બે જ લક્ષ્યો છે, દેવદર્શન અને સંતસેવા. સજના અને હસના નામના બે કસાઈ ભક્તો હતા, તેઓને તથા પારાધિ જેવાને પણ પ્રભુએ પાર પોંચાડ્યા = તાર્યાં હતાં, ઉગાર્યાં હતા. અલખ = અલક્ષ્ય, ઈન્દ્રિયોથી ન જાણી શકાય તેવા 'અલખધણી' તો સમર્થ છે. ગમે તેવો નીચ વ્યવસાય હોય પરંતુ ઉંચ પ્રકારની અવિચળ ભક્તિ હોય તો પ્રભુ તેને તારે છે. જુઓ ભગવદ્ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણનું વચન : 'स्त्रियो वेश्या स्तथा शूद्रास्तेऽपि यान्ति पराम् गतिम् ।' (હે અર્જુન! જે પાપકર્મ કરવાવાળા છે તેવી વેશ્યા સ્ત્રીઓ અને શૂદ્રો પણ મારું ભજન કરીને પરમગતિ પામે છે.)

૨. ઈશ્વર પ્રેમને આધીન છે તેનું મહાભારતમાંથી દષ્ટાંત આપતાં કહે છે, ભૂપનું = રાજા દુર્યોધનનું નોતરું = નિમંત્રણ, ભાવ વિનાનું હતું તેથી તેના ભાત-ભાતના મિષ્ટ ભોજન તજીને ભગવાન શ્રીકૃષ્ણ, ભક્ત વિદુરના ઘેર રોકાવા અને ભાજી આરોગવા ગયા હતાં. મહાભારતનું યુદ્ધ ન થાય તે માટે વિષ્ટિ કરવા શ્રીકૃષ્ણ જ્યારે આવતાં હતાં ત્યારે તેને પોતાના પક્ષમાં લેવા દુર્યોધને અનેક પ્રકારના મેવા તૈયાર રાખ્યા હતાં. પરંતુ આમ કરવામાં તેનો પ્રેમભાવ ન હતો. પરંતુ દુર્ભાવ હતો. લક્ષ્મીવર તેનું કપટ સમજી ગયા હતા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેથી તેનું આવું રાજાશાહી સ્વાગત ન સ્વીકાર્યું અને પ્રેમભક્તિથી ભીંજાયેલા વિદુરના મહેમાન બન્યાં.

૩. જરણા = ધીરજ. ઈશ્વર પ્રાપ્તિ માટે ધીરજ અનિવાર્ય છે. ઉપનિષદ્ પણ કહે છે : 'धीराः अमृतत्त्वम् विन्दन्ति ।' (ધીરજવાન પુરુષો જ અમૃતત્ત્વ પ્રાપ્ત કરે છે.) જરણાનો અર્થ 'પચાવવાની શક્તિ' એવો પણ થાય છે. શ્રીહરિનો પ્રેમરસ કોઈ વિરલ સંતો જ પચાવી શકે છે. પ્રેમરસ એવો દિવ્ય છે કે એને પીતા આવડવો જોઈએ અને પચી જાય પછી પરમ કલ્યાણ કરનાર છે. પરંતુ તેને ઝીલવા માટે હૃદય રૂપી પાત્ર અત્યંત વિશુદ્ધ હોવું જોઈએ. ભજન, કીર્તન, શ્રવણ અને સ્મરણ દ્વારા હૃદયનું પાત્ર સ્વચ્છ બને છે અને પછી જ તેમાં પ્રેમરસ સ્થિર થાય છે. આ જ સંદર્ભમાં અન્ય પદમાં ભોજા ભગતે કહ્યું છે :

પાત્ર વિણ સિંહણનું પય કેમ જામશે?
લોહના પાત્રમાં લાગ ન્હોયે!

એવી માન્યતા છે કે સિંહણના દૂધને સાચવવું હોય તો એને સોનાના પાત્રમાં રાખવું જોઈએ. લોઢાના વાસણમાં એ રહેતું નથી. એને તોડીને બહાર ઢોળાઈ જાય છે. ભક્તનું હૃદય આવું સુવર્ણપાત્ર છે. એમાં પ્રેમરસ રૂપી સિંહણનું પય ટકે છે અને શોભે છે!

ચાબખો - ૧૭

એવિયું વસમિયું વાટું રે, ભક્તિ શીશ તણું સાટું રે. - ટેક.

એક સમય તો આવી બની'તી, મોરધ્વજને માથે રે,
કાંધે ચઢાવી કરવત મેલ્યા હરિજનને હાથે રે. ...૧

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સંતને કારણ શીર ઊડાવ્યું તારાદે રાણી રે,
રૂખિને ઘેર રાજા વેચાણો, ભરવાને પાણી રે. ...૨

સગાળશા શેઠ ને સંધાવતી, જેણે એવું વ્રત લીધું રે,
સેલૈયાનું શીશ કાપીને, સાધુને દીધું રે. ...૩

પે'રો કટારાં પ્રેમના તમે શૂરવીર થઈ ચાલો રે,
ભોજો ભગત કહે ગુરુપ્રતાપે અમરાપુરમાં મા'લો રે. ...૪

વિવરણ

૧. વસમિયું = વસમી, મુશ્કેલ. વાટું = વાટ, માર્ગ, ભક્તિનો માર્ગ અતિ કઠિન છે. કઠોપનિષદમાં કહ્યું છે; 'ક્ષુરસ્ય ધારા નિશીતા દુરત્યયા ।' (જ્ઞાન અને ભક્તિનો માર્ગ છરીની ધાર જેવો તીક્ષ્ણ છે, તેને પાર કરવો મુશ્કેલ છે) ભક્તિના માર્ગે ચાલતા કયા ભક્તોએ કેવા સંકટો સહન કર્યાં તેના દૃષ્ટાંતો આપે છે. પાંડવાશ્વમેધ વખતે શ્રીકૃષ્ણે મયૂરધ્વજ રાજાના સત્યની પરીક્ષા અર્જુનને દેખાડવા, તેની પાસેથી અર્ધું શરીર માગ્યું અને મયૂરધ્વજે કરવતથી પોતાનું અર્ધું અંગ કાપી આપ્યું.

૨. સત્ય માટે રાજા હરિશ્ચન્દ્ર તેની રાણી તારામતીનું મસ્તક ઊડાવી દેવા તૈયાર થયો અને પોતે રાજા હતો છતાં રૂખિ = ઋષિ વિશ્વામિત્રને ઘેર વેચાણો. અર્થાત્ રૂખિ = ભંગી (આ શબ્દ ભંગી માટે પણ વપરાય છે) ભંગીને ઘેર વેચાણો હતો.

૩. શેઠ સગાળશા અને તેની સતી સ્ત્રી સંઘાવતીનો બહુ જાણીતો પ્રસંગ છે. પોતાની પ્રતિજ્ઞા પાળવા અને સંતને જમાડવા, તેઓએ પોતાના પુત્ર સેલૈયાનું માથું ખાંડણીમાં ખાંડ્યું હતું.

૪. કટારા = કટારીઓ. અમરાપુર = સ્વર્ગ. પ્રેમકટારી ખાવી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એ શૂરવીર ભક્તનું કામ છે. સરખાવો : 'પ્રેમકટારી આરંપાર નિકસી મારા નાથ કી' અહીં 'કટારી પહેરવી' એટલે ભેટમાં કટારી બાંધવી એવો અર્થ નથી. પરંતુ કટારી ખાવી કે કટારી પેટમાં ખોસી દેવી એવો અર્થ સમજવાનો છે. 'કટારી ખાવી' એટલે મરી જવું. સંસારના પદાર્થોમાં મરી જવું, અર્થાત્ વાસનામાત્રથી મુક્ત થઈ જવું. અને જે ભક્ત, સંસારના વિષયોમાં મરે છે તે જ પરમાત્માના વિષયમાં જીવે છે. ભોજા ભગતે જ તેના એક અન્ય પદમાં ગાયું છે;

પ્રથમ કંટારિયું પહેરીને નિસર્યા
મરી મટ્યાં તેહને કોણ મારે?

ચાબખો - ૧૮

એણે તો અમરફળ વેડ્યું રે, પાકિયું પૂરવની ખેડ્યું રે. - ટેક.

પાખરિયા તો પૂગી ગયા, થયું રણખેતરમાં રીડ્યું રે,
ઘટમાં ઘા જેને વાગિયા તેને પૂરણ થઈ પીડ્યું રે. ...૧

ભલા ધિંગાણે જઈને ભળ્યા, ઊડે રક્તની છોળ્યું રે,
સંસાર સાગર મથી કરીને ખૂબ રામરતન ખોળ્યું રે. ...૨

સદ્ગુરુ વચને જઈને પૂગાડ્યાં, ભાલિયે પડ ભેળ્યું રે,
ભોજો ભગત કહે, શરીરને પછે નિશ્ચય નિવેડ્યું રે. ...૩

વિવરણ

૧. જેની પૂર્વની ખેડ્યું = પૂર્વ જન્મમાં કરેલી સત્કર્મો રૂપી ખેતી પાકી છે તેવા ભક્તોએ મુક્તિ રૂપી અમરફળ વેડ્યું છે, આ સંસાર તજી વિરાગી થવું એ શૂરવીર ભક્તોથી જ થઈ શકે છે. તેથી વૈરાગ્ય રૂપી રણખેતર = રણભૂમિમાં રીડ્યું = પડકારા થતાં, જે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પાખરિયા = ઘોડેસવાર, જ્ઞાન-વિવેક રૂપી ઘોડાવાળા હતાં તેઓ તરત જ પહોંચી ગયા. અને જેને સદ્‌ગુરુનાં વચન રૂપી ઘા ઘટ = અંતરમાં વાગ્યા છે તેને તેની પૂરી પીડ્યું = વેદના, થઈ. ગુરુના વચને ઘાયલં થવાથી અંતરમાં પ્રભુપ્રાપ્તિની તાલાવેલી જાગી.

૨. ભલા = સત્પુરુષ, વિવેકશક્તિવાળા. સંસાર અને વૈરાગ્ય વચ્ચેના ધિંગાણામાં તેઓ ઝંપલાવે છે અને આનંદ રૂપી રક્તની છોળો ઊડવા માંડી. સંસાર સાગરનું મંથન કરીને તેઓએ રામરતન શોધી કાઢ્યું.

૩. ભલિયે = ભલાએ, વિવેકી પુરુષે. પડ = પટાંગણ, રણક્ષેત્ર ભેળ્યું = ખૂંદી નાખ્યું. અર્થાત્ વૈરાગ્ય રૂપી રણક્ષેત્રમાં ખૂબ ઝઝૂમ્યાં અને અંતે આ શરીરને નિવેડ્યું = શરીરને તજી દીધું. અર્થાત્ જીવન્મુક્ત બની ગયા. ‘ભલિયે’ શબ્દનો બીજો અર્થ પણ છે. ‘ભલી’ એક પ્રકારના જાતવાન અશ્વનું નામ છે. વૈરાગ્ય રૂપી વેગીલા અશ્વ ઉપર સવાર થઈને વિવેકી પુરુષે રણભૂમિમાં વિજય મેળવ્યો!

ચાબખો - ૧૯

આ છે પંખીનો મેળો રે, ભાઈ! કોઈ ભવ નહીં ભેળો રે. - ટેક.

ચારે દિશાથી ચાલી મળ્યાં ને ખૂબ બન્યો ખેળો રે,
જૂજવા જૂજવા ઊડી જાશે પછે દઈને દૂમેળો રે. ...૧

નર જાણે હવે નિરભે થયા ને અવસર અધૂરો રે,
હરિ ભજ્યાં વિના હાણ ઘણી છે, ડહાપણ શું ડોળો રે? ...૨

જન્મ ધર્યો હરિ જાણ્યા વિના ને આખર ઊભેળો રે,
ભોજો ભગત કહે ઉવટી જાશે પતંગરંગ પીળો રે. ...૩

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિવરણ

૧. ભવ = સંસાર. ભેળો = સાથે. ખેળો = ખેલ. દુમેળો = દુમેળ, કમેળ.

૩. હરિનું ભજન કર્યા વિના, આ મનુષ્યજન્મ ધારણ કર્યો એ તો છેવટે ઊભેળો = દોરડું વણાઈ રહ્યાં પછી પાછું ઉખેળવું તેના જેવું છે. પ્રભુભજન વિના જન્મ ધર્યો તે નિરર્થક છે, એવો અર્થ અભિપ્રેત છે. ઉવટી જાશે = ઊડી જાશે. મનુષ્યદેહ તો પતંગના પીળા રંગ જેવો છે તેને ઊડી જતાં વાર નથી લાગતી.

મનુષ્યો, પતંગ ઉડાડવાની રમત રમતાં હોય છે ત્યારે એને ધ્યાનથી જોજો. પતંગ રંગબેરંગી છે. હવામાં ઊંચે ચડે છે. આમતેમ ડોલે છે નીરખવામાં એમ લાગે કે એ સંપૂર્ણ સ્વતંત્ર છે. પરંતુ ખરેખર તો એ પાતળી દોરીથી બંધાયેલો છે, જે નઝરે પડતી નથી. પરંતુ એ દોર નીચે ઊભેલાં મનુષ્યના હાથમાં છે અને તેની ઇચ્છા પ્રમાણે પતંગ ઊંચે ચડે, નીચે ઊતરે અથવા હવામાં ગોથાં ખાય! આ પતંગનું આયુષ્ય કલાક, બે કલાકનું અને એનાં રંગ તો વળી વધારે અસ્થાયી! મનુષ્યના જીવનરૂપી પતંગની કથા એનાથી અવળી છે. પતંગનો માલિક પરમેશ્વર ઉપર આસમાનમાં છે અને આયખાનો પતંગ નીચે ધરતી પર ઊડે છે! મનુષ્ય પણ પતંગની જેમ ઘૂમે છે, ઊંચે ચડે છે, પડે છે, અને અનેક પ્રકારનાં ગોથાં મારે છે. એ પોતાની જાતને સ્વતંત્ર માને છે પરંતુ હકીકતે દોર તો શ્રીહરિના હાથમાં છે. માણસના રૂપ, રંગ, અભિમાન, બળ, બુદ્ધિ વગેરે એના કાચા અને પીળા રંગો છે. એને ઊડી જતાં વાર નથી લાગતી!

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચાબખો - ૨૦

નર! તમે શું રહ્યા નાચી રે, આગળ સરવાળે સાચી રે. - ટેક.

નરે નારાયણની દેહ ધારી, ને ગળામાં ફાંસી રે,
ગુરુ ગમ વિના ઘણા ગોથાં પછે ખૂટલ જીવ ખાશી રે. ...૧

સ્વપ્નાંતરનાં સુખમાં બધી જગત રહી રાચી રે,
મનગમતાં મર મંદિર બનાવો, ફેરવણી પાછી રે. ...૨

અત્યાર પછી તો ઊઠી જાવું આ દેહ ઘરી કાચી રે,
ભોજો ભગત કહે અમર કરી લિયો, જીવનને જાચી રે. ...૩

૧. નર એ નારાયણનું જ સ્વરૂપ છે. પણ તેના ગળામાં માયાની ફાંસી છે. ખૂટલ = બેવફા, વિશ્વાસઘાતી. ખાશી = (ગોથાં) ખાશે (અંત્યાનુપ્રાસ મેળવવા 'ખાશે' ને બદલે 'ખાશી' શબ્દ પ્રયોજ્યો છે)

૨. સ્વપ્નના જેવા ક્ષણિક સુખમાં જગત રાચી રહ્યું છે. મર = ભલે (કાઠિયાવાડી ગ્રામ્ય પ્રયોગ) આ દેહરૂપી દેવળ ભલે ગમે એટલું સુંદર બનાવો, પણ તેની ફેરવણી તો છે જ, કારણ કે એ નાશવંત છે.

૩. ઊઠી જાવું = મરી જવું. જીવન = શ્રીકૃષ્ણ, પરમાત્મા.

રાજા હોય કે રંક, મહામૂલી હજૂર હોય કે મામૂલી મજૂર, ઈશ્વરનો અવતાર હોય કે ગામનો ઊતાર, પ્રબુદ્ધ સંત હોય કે બુદ્ધ દુષ્ટ-બધાને જીવન પૂરું થાય એટલે ઊઠીને ચાલ્યા જવું પડે છે, કારણ કે દેહની આ માટલી તો કાચી છે એને ભાંગી જતાં વાર નથી લાગતી! માટે ભોજા ભગત કહે છે કે જ્યાં સુધી ઝીન્દગી હોય ત્યાં સુધી જીવનદાતા પરમાત્માને ભજીને અમરત્વ મેળવી લેવું.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પરમાત્માના હજારો નામમાં તેનું એક પ્યારું નામ છે, 'જીવન'. ભક્તોએ, વાણીમાં આ નામ બહુ જ લડાવ્યું છે. જડ-ચેતન તમામ સૃષ્ટિના તેઓ જીવન આધાર છે માટે 'જીવન'!

ચાબખો - ૨૧.

રહો છો જગમાં મા'લી રે, ભરાણી પાપ તણી પાલી રે. -ટેક.

ભામની મળી જાણે ભગવાન મળ્યાં એવી અંતરમાં વા'લી રે,
કામની કોઈ તારે કામ નહીં આવે, સુખ જાશે ચાલી રે. ...૧

અલખ ધણીના ઓળગુડાં એની ખેપ નહીં જાય ખાલી રે,
ભરમે થકી જીવ ભૂલી ગયા, તેને જમ જાશે ઝાલી રે. ...૨

પેટ ચોળીને શૂળ નિપાયું જીવને ઘાત ઘાલી રે,
ભોજો ભગત કહે ભજન કર્યા વિના, ઠકરાઈ છે ઠાલી રે. ...૩

વિવરણ

૧. પાલી = પ્રાચીન સમયમાં અનાજ વગેરે માપવાનું એક પ્રકારનું પાત્ર. ભામની = ભામિની, સ્ત્રી.

૨. અલખ = અલક્ષ્ય (પરમાત્મા)ના જે ઓળગુડાં = ભક્તો છે તેઓની ખેપ = ફેરો (સંસારમાં જન્મ લેવા રૂપી) ખાલી નહીં જાય. ભરમે થકા = ભ્રમ થકી. મોહમાયાના ભ્રમમાં

૩. પેટ ચોળીને શૂળ ઇ. જીવ, મમત્વબુદ્ધિથી અસત્યને સત્ય માને છે અને તેથી દુઃખી થાય છે. તે પેટ ચોળીને પીડા ઉત્પન્ન કરવા જેવું છે. અને તેથી જ જન્મમરણ રૂપી ઘાત = પ્રહાર લાગે છે. ભજન કર્યા વિના ઠકરાઈ = સત્તા ઠાલી = નિરર્થક છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સંસારમાં જન્મ ધારણ કરીને વ્યવહારની ઝંઝાળમાં પડી જવું એ હાથે કરીને વહોરી લીધેલી ઉપાધિ છે. પેટમાં દુઃખતું ન હોય તો પણ કોઈ મૂરખ પેટ ચોળીને શૂળ ઊભું કરે તેના જેવી આ વાત છે. જીવ તો પોતાની જાતે જ પોતાની હત્યા કરવા તૈયાર થયો છે. આવા જીવને 'આતમ ઘાતી' કહેવાય. આવો જીવ, ભજન નથી કરતો પરંતુ 'ઠાલી ઠકરાઈ' નિરર્થક પંચાતમાં જીવન વીતાવી દે છે.

ચાબખો - ૨૨

રહેજો નેહ તણે નાતે રે, વાલો મારો નહીં આવે વાતે રે. - ટેક.

રિદ્ધિ ઘણી હતી રાવણને, કેણે જાણી નહીં જાતે રે,
છળ છેતર કરો સામટો, તો ય ઘણું નહીં થાય ધાતે રે. ...૧

આવો તે અવસર જાય છે, જો દીધા વિના દાતે રે,
ઊગ્યો તે હમણા આથમશે પછી રવડશો રાતે રે. ...૨

પ્રીત પ્રગટ થઈ પૂર્વ જન્મની, ભૂલીશ મા ભ્રાન્તે રે,
ભોજો ભગત કહે નયને હરિ નિરખ્યાં, શામળિયો સ્વાંતે રે. ...૩

વિવરણ

૧. મારો વાલો (ઈશ્વર) વાતે = વાતો, કરવાથી નહિ આવે. એની સાથે તો નેહ = પ્રેમના નાતાથી રહેવાનું છે. રાવણ પાસે ઘણી રિદ્ધિ હતી, પણ એને જાતે = જાતા, કેણે = કોઈએ, જાણી નહિ. સામટો = ઘણો બધો, છળકપટ કરો તો પણ, 'ઘણું નહિ થાય ધાતે' = બહુ ઠીક નહિ થાય. ધાતે થવું = ઠીક થવું, બરાબર થવું (કાઠિયાવાડી ગ્રામ્ય પ્રયોગ)

૨. મનુષ્ય જન્મ રૂપી આવો અવસર, દાતે = દાત = દાન,

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દીધા વિના વ્યર્થ જાય છે. આ મનુષ્ય જન્મ રૂપી જે સૂરજ ઊગ્યો છે તે હમણા આથમી જશે. પછી પશુ વગેરે યોનિઓમાં જન્મ લેવા રૂપ રાતના અંધકારમાં રવડશો = આથડશો.

૩. ભ્રાન્તે = ભ્રમણામાં. સ્વાન્તે = અંતરમાં.

હે ભાઈ! પરમાત્મા સાથે તારો જે નાતો જોડાયેલ છે તે તારી પૂર્વ જન્મની પ્રીત પ્રગટ થઈ છે અને તેથી તો આ મોંઘામૂલનો મનુષ્ય અવતાર મળ્યો છે. હવે તું સાવધ રહેજે. ભ્રમણામાં ભટકીને ભૂલતો નહિ. ભોજા ભગત કહે છે કે 'હું સ્વાનુભવની વાત કરું છું. મેં સ્વયં મારા નયનોથી શ્રીહરિને નીરખ્યા છે. આ શામળિયો આપણા અંતરમાં જ વસે છે, પરંતુ આપણે તો બહાર દૃષ્ટિ ઘૂમાવ્યા કરીએ છીએ. જો અંતર્દૃષ્ટિ કરીએ તો તરત જ એના દિદાર થાય.'

ચાબખો - ૨૩

દુનિયા ડોલવાને લાગી રે, જીવ તમે જુવોને જાગી રે. - ટેક

ચળી ગયેલા તો સમજે નહીં, એને લત કોઈક લાગી રે,
ઓછા કુળમાં અવતરી, પછે મરી જશો માગી રે. ...૧

ગડે નગારા મારા નાથના, નોબત પણ વાગી રે,
અલખ ધણી જ્યારે આંકશે ત્યારે નહીં ઊગરો ભાગી રે. ...૨

રે'ણી વિના રામ રીઝે નહીં આ તો અમથી લે' લાગી રે,
ભોજો ભગત કહે ગુરુ પ્રતાપે રહે તૃષ્ણાને ત્યાગી રે. ...૩

વિવરણ

૧. હે જીવ! જો તમે જાગીને (મોહનિદ્રા તજીને) જુઓ તો આ દુનિયા ડોલવા લાગી છે, એવી તમને પ્રતીતિ થશે અથવા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દુનિયા અસ્થિર છે એવું તમને સમજાશે. ચળી ગયેલ = ચલિત થયેલ, ચંચલ મનોવૃત્તિવાળા માયાવી જીવ સમજતાં નથી. એને વિષયોની કોઈક લત લાગી છે પણ એનું પરિણામ ઓછા કુળમાં = હલકાં કુળમાં જન્મ લઈ માગીને મરી જવામાં આવશે.

૨. અલખધણી = પરમાત્મા, જ્યારે આંકશે = નિશાનમાં લેશે ત્યારે તેમાંથી ભાગીને નહિ ઊગરી શકાય. (આંકવું = બળદને ડામ દેવો) આ રીતે ઈશ્વર જ્યારે તમને આંકશે (કાળની કોશ ધગાવી ડામ દેશે) ત્યારે નહિ ઊગરી શકો.

૩. રે'ણી = રહેણી, સદાચાર, અમથી = નિરર્થક, લે = લેહ = લગની. પરમાત્માની સાચા દિલથી પ્રાર્થના કરવી, અને માનવસેવા કરવી એ જ મહત્ત્વની વાત છે. કોઈ વ્યક્તિ મુખથી રામરામ રટે અથવા રામનામની ચદરિયા ઓઢીને ફરે, કે પછી રામકથા કરે અથવા રામકથાનું કોરું શ્રવણ કરે તેનાથી રામ રીઝતાં નથી. રામનામનો જંપ ભીતરમાંથી આવતો હોય, પોતે રામમય બની ગયા હોય એના રોમરોમમાંથી રામનામનો ધ્વનિ પ્રગટતો હોય, પછી કર્મકાંડની સાકાર ઉપાસના કરે અથવા ન કરે, કશો ફરક પડતો નથી. એટલે બહારના વર્તન કરતા ભીતરમાં રહેલી ભક્તિ, મહત્ત્વના છે અને આવી રહેણી વિના રામ રીઝતાં નથી.

ચાબખો - ૨૪

સેજે સૂતા નર જાગો રે, મુક્તિ હરિ કને માગો રે. - ટેક.

બ્રહ્મના દેશમાં ભાવ બીજો નહીં, સંતચરણે લાગો રે,
અનુભવે રામને ઓળખો, તમે તૃષ્ણાને ત્યાગો રે. ...૧

ચાબખડો સદ્‌ગુરુ તણો જેને વ્રેહે ઘણો વાગ્યો રે,
શુધ વિચારી સંસારિયાની ભ્રમણાને ભાંગો રે. ...૨

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સેજ તળાયું છોડી દો, ભાઈ! ધર્ય નો'તો ધાગો રે,
ભોજો ભગત કહે ભજન કર્યા વિના, નર જાશે નાગો રે. ...૩

વિવરણ

૧. સેજે = શય્યામાં, પથારીમાં (અજ્ઞાન રૂપી પથારીમાં). જ્યાં બ્રહ્મ છે ત્યાં બીજો ભાવ નથી.

૨. ચાબખડો = ચાબખો, ચાબૂક (સદ્દબોધ રૂપી). વ્રેહે = વિરહમાં ઈશ્વરથી જીવને થયેલ વિરહની દશામાં.

૩. સેજ અને તળાઈઓમાં સૂવાનો મોહ ન રાખ, કારણ કે ધર્ય = મૂળમાં પહેલા (જન્મ સમયે) તો તારી પાસે એક ધાગો (દોરો) પણ ન હતો. અર્થાત્ જન્મ વખતે તું જે નિર્વસ્ત્ર સ્થિતિમાં હતો એવી જ સ્થિતિમાં અંતે તારે જાવું પડશે. માનવ, આ પૃથ્વી ઉપર જન્મ ધારણ કરીને આવે ત્યારે એનું શરીર બિલકુલ અનાવૃત (નગ્ન) હોય છે. સાથે સૂતરનો એક તાંતણો પણ લાવતો નથી અને અંત સમયે આ સંસારમાંથી જ્યારે વિદાય લે છે ત્યારે પણ એના શરીર ઉપરથી બધું ઉતારી લેવામાં આવે છે અને જે દિગમ્બર સ્વરૂપમાં એ આવ્યો હતો તે જ સ્વરૂપમાં એ જાય છે. જન્મ સમયે પણ નગ્ન, મૃત્યુ વખતે પણ નગ્ન! પરંતુ જન્મ અને મૃત્યુ વચ્ચેના ટૂંકાં સમયગાળામાં એ આખી ઝાળ ગૂંથે છે. ધન, દોલત, માલખજાના, પુત્ર ને પરિવાર, મોજશોખના અનેક પ્રકાર અને શરીરના અપરંપાર શણગાર - આ બધું મેળવે છે અને મોહના નશામાં ભગવાનને ભૂલી જાય છે!

ચાબખો - ૨૫

હરિજન હરખ કરી હાલો રે, આ તો ઠઠરો છે ઠાલો રે. - ટેક.

ગોપીચંદને ગુરુએ જ્ઞાન બતાવ્યું સેજ તળાઈ છોડી રે,
માન મેલી દિયો માનવીઓ! ભાઈ! આવરદા થોડી રે. ...૧

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સોળસે નગર જેને ગામ ગરાસા, ફકીરી ફરવા રે,
ઓળગ લીધી અલખ ધણીની, આપ ઊગરવા રે. ...૨

દેહની ઉપર ડાંગ ફરે છે, મરણ તણી માથે રે,
ભોજો ભગત કહે જોર નહીં ચાલે, આ જનમથી જાતે રે. ...૩

વિવરણ

૧. ઠઠારો = ઠાઠ, વૈભવ. ઠાલો = વ્યર્થ, નકામો.

૨. સમ્રાટમાંથી સંત બનેલા રાજા ગોપીચંદની વાત કહે છે. ઓળગ = સેવા, ચાકરી. કહેવાય છે કે રાજા ગોપીચંદ સોળસો નગરનો ધણી હતો. દોમદોમ સાહ્યબી હતી, એ તજીં ગુરુના આદેશ પ્રમાણે અલખધણીનો સાક્ષાત્કાર કર્યો.

૩. આ જનમથી જાતે = આ જન્મ ગયા પછી, આ ભવ વીત્યા પછી કશું જોર ચાલવાનું નથી, કારણ કે મનુષ્ય જન્મ જ મોક્ષપ્રાપ્તિનો ઉત્તમ અવસર છે.

મનુષ્ય, જન્મ ધારણ કરે કે તરત જ મરણ તરફની ગતિ શરૂ થઈ જાય છે. જન્મ, એ હકીકતે તો મરણની મંઝીલે પહોંચવાનો પ્રારંભ છે. એ પ્રથમ પગથિયું છે. માનવીની ઝીન્દગી, સો વરસની ગણવામાં આવે છે. પ્રત્યેક વરસને એક ડગલું ગણીએ તો જન્મ ધારણ કર્યાં પછી, માણસ માટે એનું મોત, માત્ર સો ડગલાં જ દૂર ઊભું છે! એક વરસ પૂરું થાય અને મોત એક ડગલું નજીક આવે! મનુષ્ય, પોતાની વર્ષગાંઠ (બર્થ-ડે) ઉજવે છે. ખરેખર તો વર્ષગાંઠે, મોત એનાથી એક વરસ નજીક આવ્યું છે. મનુષ્યના દેહ માથે મોતની ડાંગ ફરે છે. એ એના માથા ઉપર ક્યારે ઝીંકાશે એની એને ખબર નથી. પરંતુ એ એક દિવસ અચૂક ઝીંકાશે. તેથી ધર્માચરણ અને ભજન, આત્મકલ્યાણના ઉપાય છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચાબખો - ૨૬

મન! તું રહ્યું માયામાં મોહ્ય, જીવ! તું જાગી જગતમાં જોય. - ટેક.

ભ્રમણા નથી ભાંગી, લે' નથી લાગી, તો નહીં રીઝે ઓય,
વાત અગોચર રહી તે માંહી ભૂલી ગયા સહુ કોય. ...૧

રત્ન અમૂલ્ય તને માંડ મળ્યું છે, તેં ખૂટલ! નાખ્યું ખોય,
આ જનમ તો એળે ગયો, તેં સમરણ ન કર્યું સોય. ...૨

બીજ વાવ્યાં જેણે બીડમાં નર! નિપજમાં કેદિ નો'ય,
ભોજો ભગત કહે ભજન કર્યા વિના, કામી ન ગયા કોઈ. ...૩

વિવરણ

૧. લે' લાગવી = લગન લાગવી. ઓય = એ (પરમાત્મા) અગોચર = ઇન્દ્રિયોથી ન જાણી શકાય તેવી. બ્રહ્મજ્ઞાન અગોચર વાત છે તેને ભૂલી બધા માયામાં મોહી રહ્યાં છે.

૨. ખૂટલ = વિશ્વાસઘાતી. એળે ગયો = નકામો ગયો. સોય = તે (ઈશ્વર).

૩. જે માણસ, બીડ = જેમાં કેવળ ઘાસ ઊગે તેવી વેરાન જમીનમાં બીજ વાવે છે તેને કાંઈ નીપજ = ઉપજ મળતી નથી. તે જ રીતે આ સંસારની માયામાં જે મથ્યા કરે છે તેને પ્રભુ પ્રાપ્તિ થતી નથી.

ભોજા ભગત ખેડૂત હતાં. ખેતીકામનો પ્રત્યક્ષ અનુભવ હતો. તેથી અધ્યાત્મજ્ઞાનની ગહન વાતને પણ ખેતીકામના બધાને સમજાય તેવા રૂપક આપીને સરળતાથી સમજાવે છે. ખેડૂતો બે પ્રકારનાં છે. ચતુર ખેડૂત અને મૂરખ ખેડૂત. ચતુર ખેડૂત વરસાદની મોસમ શરૂ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

થાય તે પહેલાં જ ખેતર ખેડીને સાફ કરી રાખે, ઉત્તમ બિયારણ તૈયાર રાખે, અગાઉથી જરૂરી આયોજન કરે, સમયે વાવણી કરે, અને અનાજ ઊગે તેની સાથે નિંદામણ ઊગે તેને કાઢી નાખે. આવો ખેડૂત જ મબલખ પાક મેળવી શકે.

જ્યારે મુરખ ખેડૂત પ્રમાદમાં ડૂબેલો રહે છે. અગાઉથી કાંઈ તૈયારી કરતો નથી. ખેતર ખેડીને તૈયાર રાખતો નથી. વરસાદ વરસ્યા પછી મોડો મોડો જાગે છે. એણે કરેલી વાવણીમાં બિયારણ બરાબર ઊગતું નથી. આવા પ્રમાદી ખેડૂતના નસીબમાં ખેતીની નીપજ ક્યાંથી મળે?

અધ્યાત્મ જ્ઞાનનું ખેતર પણ જે સાવધાનીથી જાળવે, વાવે અને ધ્યાન રાખે તે જ જ્ઞાનનો પાક લણી શકે છે! ભજન વિનાનું જીવન એ વેરાન ખેતર જેવું છે, એમાં કર્મોના બીજ ઊગતાં નથી!

ચાબખો - ૨૭

મૂરખને કઈ પેરે સમજાવું, ભાઈ! એને નિશ્ચે નરકમાં જાવું. - ટેક.

સવળું કે'તા અવળું લાગે, કહીને મદઈ થાવું,
વાદ કરે ને વઢવા ધોડે એને અમૃત તજીને વિષ પાવું. ...૧

ખાટકી વાંસે ઘેટો ચાલ્યો જાય, મા'જન જાણે મુકાવું,
ઈન્દ્રિયસ્વાદે અવળો હાલે, તેને ઊંધે મસ્તક ટીંગાવું. ...૨

સનેપાતનો ચાળો થયો એને ઝાઝું ઓસડ શું પાવું,
ભોજો ભગત કહે પ્રગટ પારખું પિત્તળમાં શું તાવું. ...૩

વિવરણ

૧. મદઈ = શત્રુ, દુશ્મન.

૨. ખાટકી ઇ. કસાઈની પાછળ ઘેટો ચાલ્યો જતો હોય તો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દયાથી પ્રેરાઈને મહાજન, તેને મોતમાંથી ઉગારવા પ્રયાસ કરે છે પરંતુ ઈન્દ્રિયોના સ્વાદે (લીલું ઘાસ મળશે એ આશાએ) અવળો હાલે છે. મહાજન સાથે ચાલતો નથી. કસાઈની પાછળ જાય છે. આ સંસારમાં જીવની પણ આવી દશા છે. તે ઈન્દ્રિયોના વિષયોનાં સ્વાદમાં, બ્રહ્મપ્રાપ્તિનો મહાજને બતાવેલ માર્ગ તજીને અવળે માર્ગે જાય છે, કારણ કે તેને ઊંધે મસ્તક ટીંગાવું છે, અર્થાત્ પુનર્જન્મ પામવો છે. (માતાના ઉદરમાં જીવ ઊંધે મસ્તક રહેલ હોય છે.)

૩. સનેપાત = સન્નિપાત જેવો અસાધ્ય રોગ થાય તેને કોઈ પણ ઓસડ અસર કરતું નથી. એ જ રીતે જેને માયા રૂપી સનેપાતનો અસાધ્ય રોગ લાગુ પડે છે તેવા જીવને જ્ઞાનની વાતો રૂપી ઓસડ નકામું છે. ભોજા ભગત કહે છે કે પિત્તળ તો જાહેર રીતે જ પિત્તળ છે તેને અગ્નિમાં તપાવીને પારખું કરવાની શું જરૂર છે?

મૂર્ખ માણસનું મુખ્ય લક્ષણ એ છે કે તેને હિત-અહિત સમજાતું નથી. તે પશુથી પણ બદતર છે, કારણ કે પશુ પણ પોતાનું હિત શેમાં છે અને અહિત શેમાં છે તે જાણી જાય છે. હાથમાં લીલું ઘાસ જોઈને પશુ પાસે આવે છે, અને દંડો ભાળીને દૂર ભાગે છે. જ્યારે અજ્ઞાની મૂર્ખમાં આટલો પણ વિવેક નથી. જેને પોતાનું કલ્યાણ કેવી રીતે થશે તે ન સમજાય તેવો અબૂધ જીવ એવો રોગી છે જેને સનેપાત થયો છે. તેને કથા, વાર્તા, ઉપદેશ કે સત્સંગ રૂપી અનેક ઔષધો આપવામાં આવે તો પણ તેનો રોગ મટતો નથી. એટલે એને પછી ઓસડ આપવાનું છોડી દેવું જોઈએ. મહાયોગી ભર્તૃહરિએ કહ્યું છે;

'શાસ્ત્રોમાં સહુનો ઉપાય મળશે, મૂર્ખાઈનો નહિ મળે.'

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચાબખો - ૨૮

ઉત્તમ જન્મ આવ્યો છે, જીવ! તું વેળા વરતી લે. - ટેક.

વેળે વળ્યો'તો કાચબો સાયર છાંડી ને,
આંધણમાંથી ઉગારિયા, એને માથે વૂઠો મે. ...૧

ભવની ભાંગી, મટ્યું અંધારું, દિનકર ઊગ્યો દી,
ધન્ય ગોકુળિયું, ધન્ય ગોવર્ધન, ધન્ય ગોપિયુના ને. ...૨

તન મન ધન સદ્‌ગુરુના ચરણે દયા કરીને દે,
ભોજો ભગત કહે ભાંગી જશે, ભવસાગરનો ભે. ...૩

વિવરણ

૧. વેળા = સમય, વરતી લે = જાણી લે. કાચબો, સાયર = સમુદ્ર છોડીને વેળે વળ્યો'તો = ભોજાંમાં તણાઈને આવ્યો હતો. વુઠો = ત્રૂઠ્યો, પ્રસન્ન થયો (કાચબો પ્રભુભક્ત હતો. તેને શિકારીએ પકડીને ઊના આંધણમાં નાખ્યો. પ્રભુ તેની વહારે આવ્યા. ધોધમાર વરસાદ વરસાવ્યો અને કાચબાને ઊના આંધણમાંથી ઉગાર્યો. આ પ્રસંગને આલેખતું ભોજા ભગત રચિત 'કાચબા-કાચબીનું ભજન' બહુ જાણીતું છે.

૨. ભવની ભાંગી = દુનિયાની (ભ્રમણા) ભાંગી. ને = નેહ, પ્રેમ .

૩. ભે = ભય.

પ્રભુને પામવાના ત્રણ પંથો જાણીતા છે; ભક્તિ, જ્ઞાન અને યોગ. પરંતુ એક ચોથો માર્ગ પણ છે. તે સરલ અને ટૂંકો છે. તે છે સદ્‌ગુરુની કૃપા. આથી ભોજા ભગતે અવારનવાર એની વાણીમાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ગુરુનો મહિમા ગાયો છે. 'મળ્યા ગુરુદેવ મુક્ત ઘર પાયા', 'ગુરુપ્રતાપ બડો હે ભાઈ', 'મને દયા કરી ગુરુદેવ', 'સચરાચર સદ્‌ગુરુજી ભાળ' વગેરે પંક્તિઓમાં તેમણે સદ્‌ગુરુનું સ્મરણ કર્યું છે, ગુરુની કૃપાદષ્ટિથી કોઈ પણ પ્રકારની સાધના વિના કુંડલિની શક્તિ જાગૃત થાય છે અને જીવનું શિવ સાથે મિલન થાય છે. સદ્‌ગુરુ સ્વયમ્ મહાઉર્જાનો 'ડાયનેમો' છે એમાંથી જ્ઞાનનો 'કરંટ' વહ્યા જ કરે છે. જો શિષ્યમાં આ કરંટને ઝીલવાની શક્તિ હોય તો એ તરત જ ઝળહળી ઊઠે છે! દાસી જીવણે ગાયું છે;

'અજવાળું મારે અજવાળું, ગુરુ! તમે આવ્યા ને મારે અજવાળું.'

ચાબખો - ૨૯

મન! તું હજી શિખામણ માન, એક દી ચાલવું છે સમશાન. - ટેક.

લખ ચોરાશીમાં અવતર્યાં ને ખરી તેં ભોગવી ખાણ,
એ તો અવગુણ અતિ ઘણો એક હરિ ભજ્યા વિણ હાણ. ...૧

ભજન કરો તો ભય મટે સંતશબ્દ ધરજો કાન,
અમરદેવને આરાધી લેજો, સમજી સદ્‌ગુરુની સાન. ...૨

શુધ વિચારીને ચાલજો ભાઈ! રહેવું પડશે રાન,
મૂવા પછી નથી માણવું, વાંસે સગા કરશે સ્નાન. ...૩

રાજા પરીક્ષિત પામિયો, ભુવનપતિ ભગવાન,
સાત દિવસ સાંભળ્યું એવું ગોવિંદ કેરું જ્ઞાન. ...૪

પ્રેમપદને પામવા તું મેલી દે મનની તાણ,
ભોજો ભગત કહે ગુરુ પ્રતાપે ભક્તિ છે નિર્વાણ. ...૫

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિવરણ

૧. ખાણ = ખાઈ (ચોરાશી લાખ યોનિ રૂપી)

૩. હે ભાઈ! તું શુધ વિચારીને = બ્રહ્મસંબંધનો વિચાર કરીને ચાલજે. નહિ તો સ્મશાન રૂપી રાન = જંગલમાં રહેવું પડશે અને મુવા પછી = મૃત્યુ પછી, કાંઈ માણવાનું રહેશે નહિ.

૫. મનની તાણ = મનની મમતા. 'ભક્તિ છે નિર્વાણ' - ભક્તિ એ જ મુક્તિ છે. પ્રભુનું ધામ, પ્રેમપદથી જ પામી શકાય છે. 'પ્રેમભાવ' અને 'મનની ખેંચતાણ' વિરોધી પરિબળો છે. જ્યાં મનની મેલી રમત ચાલતી હોય ત્યાં પ્રેમભાવ પ્રગટતો નથી અને જ્યાં પ્રેમભાવ ઉત્પન્ન થાય ત્યાં મનના ખેલ ખલાસ થઈ જાય છે. પ્રેમ, હૃદયનો વિષય છે, જ્યારે મનના તરંગો મસ્તકનો વિષય છે. એક ઉર્દૂ શાયરે ખૂબ કહ્યું છે :

इश्ककी जिन पर ईनायत हो गई
होश जाईल अक्ल रुखसद हो गई ।

જેના ઉપર પ્રણયમસ્તીની મહેરબાની થઈ જાય છે તેના હોશ ચાલ્યા જાય છે અને અક્કલ વિદાય થઈ જાય છે! આ વાત દુનિયાદારીના પ્રેમમાં જેટલી સાચી છે તેનાથી વધુ પ્રભુના પ્રેમમાં સાચી છે.

ચાબખો - ૩૦

ભવમાં ભજન કરી લેને ભાઈ! અંતરમાં ક્યાં રે રહ્યાં ઉર્જાઈ. - ટેક.

સગાં કુટુંબ ને પરિવારા, એ કૂડી છે સગાઈ,
મૂવા પછી માનવીઓ! વાંસે કર્મની ચડશે કાઈ. ...૧

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કામ ક્રોધ કાયાને ખાશે ભોયંગ ભીતર ભાઈ!
સૂરાપાન જાલંધર મળતાં, ઊઠે અચાનક લાઈ! ...૨

નિર્ભે નાર મંદોદરી મીરાં, ચાલી કરમાબાઈ,
પીપા પ્રહ્લાદ ધ્રૂવ અમરીખા, નરહર સેના નાઈ. ...૩

અતિસુખ આવે શામ સમરતાં મેલી દે મમતા માઈ,
પળ ઘડીમાં પાછું વળવું જેમ વંટોળિયો વાય. ...૪

અવસ્થા પહોંચી ને ઊઠી ચાલ્યા, કંઈ સુરનર ગયા સમાઈ,
ભોજો ભગત કહે ગુરુ પ્રતાપે શામળિયો સુખદાઈ. ...૫

વિવરણ

૧. ઉર્જાઇ = મુંઝાઈ, કાઈ = કાટ

૨. ભીતર, અંતરમાં રહેલ કામક્રોધ રૂપી ભોયંગ = ભોરિંગ-સર્પો, કાયાને ખાઈ જશે. જાલંધર = બાળનાર. કામક્રોધ રૂપી સર્પો તો કાયાને ખાય છે તેમાં મોહરૂપી સુરાપાન (શરાબપાન) કરવાથી, અચાનક લાઈ = આગ, લાગશે. મોહને કારણે જ જીવ, ત્રિવિધ તાપ (આધિ, વ્યાધિ, ઉપાધિ)માં બળે છે.

૩. ભજન કરીને તરી જનાર ભક્તોનાં નામ આપે છે; અમરીખા = અમરીષ, નરહરિ, સેનાનાઈ = સેનો વાણંદ વગેરે.

૪. મમતા માઈ = માઈ (અંતરની) મમતા.

ભોજા ભગત કહે છે કે જીવનમાં જ્યારે અવસ્થા (ઘડપણ) આવી પહોંચે છે ત્યારે દેવો હોય કે માનવો, સહુ કોઈને સંસારમાંથી ચાલ્યા જવું પડે છે. કારણ કે એ દેહના ધર્મો છે. જેને દેહ છે તેનો અંત હોય જ છે. એટલે જગત અને તેના સુખમય લાગતાં અનિત્ય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પદાર્થોમાં મોહ ન રાખવો. એ ક્ષણિક સુખ છે. અથવા એને સુખ કેમ કહેવું? એ તો સુખની માત્ર ભ્રાન્તિ છે. સાચું સુખ તો ગુરુપ્રતાપે જેનું મિલન થાય તે શામળિયો જ આપે છે.

ચાબખો - ૩૧

જીવનું જતન કરી જાણો રે આત્મા દુઃખે દુભાણો રે. - ટેક.

વિભીષણને હરિ ભેટ્યાં જો સાચવિયો ટાણો રે,
હુંપદ કરીને હારી ગયો, રાવણ ત્યાં રાણો રે. ...૧

માંડ્યું હશે તે નહીં મટે, શ્યામધણી શાણો રે,
સર્વે પહેરામણી પે'રી ગયાં, વડસાસુને પાણો રે. ...૨

ચંચલ મનવો ચો દિશે ચાલે તેને એક ઘરે આણો રે,
ભોજો ભગત કહે.ગુરુ પ્રતાપે એ ઠરવા ઠેકાણો રે. ...૩

વિવરણ

૧. ટાણો = ટાણું, અવસર. હુંપદ = અહંતા, અભિમાન.

૨. જે માંડ્યું હોય છે તે મટતું નથી. થનાર વસ્તુ થયા જ કરે છે. શ્યામધણી = ઈશ્વર તો શાણો = અતિ સમજદાર છે. તે જ્ઞાનીને અને અભિમાનીને એને લાયક વસ્તુ આપે છે. જેમકે કુંવરબાઈના મામેરા પ્રસંગે, બધાને જુદી જુદી પહેરામણી મળે છે, જ્યારે તેની વડસાસુને તો પાણો જ મળે છે (કારણ કે તેણે અભિમાનમાં કહ્યું હતું કે કુંવરબાઈનો ગરીબ બાપ, પહેરામણીમાં શું આપવાનો? પાણો આપશે.)

૩. ચંચલ મનવો = ચંચલ મન. ચો દિશે = ચારે ય દિશામાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એક ધરે આણો = એક સ્થળે લઈ આવો, અર્થાત્ ઈશ્વરમાં સ્થિર કરો. ઠરવા ઠેકાણે = સ્થિર થવાનું સ્થાન છે. મન, અતિ ચંચલ છે. પવનમાં થરથરતા પીપળાના પાન જેમ તે ફરકે છે. જેમ કાનખજૂરો અનેક પગથી દોડે છે તેમ મન પણ અસંખ્ય વૃત્તિઓ રૂપી પગ વડે વિષય વિલાસમાં ભટક્યાં કરે છે. આવા ચંચલ મનને સ્થિર કરવું તેનું નામ યોગ! તેનું નામ સમાધિ! ભોજા ભગત કહે છે કે ઘેર ઘેર આથડતા આ ચિત્તને એક ઘરમાં આણો. રૂપ, રસ, ગંધ, સ્પર્શ જેવા રૂપાળાં ઘરોમાં ઘૂસવું એને બહુ ગમે છે. ત્યાંથી એને પાછું વાળી પ્રભુના ધામમાં લાવવાનું છે.

ચાબખો - ૩૨

સુરતિ શામસુ સાંધો રે, રક્ષા રામની બાંધો રે. - ટેક.

નામ સ્વરૂપી નાવ બન્યું છે, ઊતરવા કાંધો રે,
બહુનામીશું બાળપણાની બેલ લઈ બાંધો રે. ...૧

મનખા પદારથ માંડ મળ્યું છે, હવે નથી વાંધો રે,
આ અવસર છે અભે થવાનો, નાંગળ નૂરતના નાંધો રે. ...૨

પરીક્ષિત કથા કાને સાંભળતાં કાળે ન ખાધો રે,
ભોજો ભગત કહે ગુરુપ્રતાપે, દલની મત દાખો રે. ...૩

વિવરણ

૧. સુરતિ = સુરતા, લગની. શ્યામસુ = શ્યામ (ઈશ્વર) સાથે. ઉતારવા કાંધો = કિનારો ઊતરવા. સંસાર સાગરની પાર ઊતરવા ભગવાનના નામ રૂપી નાવ તૈયાર છે. બહુનામી = ઈશ્વર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સાથે બાળપણથી જ બેલ = મિત્રતા બાંધો, અર્થાત્ ઈશ્વરમાં એકાકાર બનો.

૨. અભે = અભય. નાંગળ = લંગર. નાંધો = નાખો, નૂરત = જ્ઞાન રૂપી તેજ. આ સંસાર-સાગરમાં જ્ઞાનરૂપી તેજના લંગર નાખીને સ્થિર બનો એવો અર્થ અભિપ્રેત છે.

૩. પરીક્ષિત રાજાએ કથા કાને સાંભળી તો કાળે તેને ખાધો નહિ તે અમર બની ગયો. દલની = દિલની, અંતરની, મત દાખો = ન કહો. તમે તમારું ગાણું ન ગાયા કરો. હરિકથા ઉપર હેત રાખો. મહાભારતમાં રાજા પરીક્ષિતનો પ્રસંગ છે. કળિયુગના પ્રભાવથી પરીક્ષિતની બુદ્ધિ ભ્રષ્ટ થઈ. સત્તાના મદમાં અંધ બનેલ તેણે, તપસ્વી શમીક ઋષિના ગળામાં મરેલો સાપ પહેરાવ્યો. આ અપમાનથી ક્રોધે ભરાયેલ શમીકઋષિના પુત્રે પરીક્ષિતને શાપ આપ્યો; 'સાત દિવસમાં તક્ષકનાગ તને કરડશે અને તું મૃત્યુ પામીશ.'

પરીક્ષિતને પશ્ચાત્તાપ થયો. અને આ પાપમાંથી અને સર્પદંશના શાપમાંથી બચવા એ રાજપાટ છોડી, ગંગાકિનારે તપ કરવા લાગ્યો. અનેક ઋષિમુનિઓ એને મળ્યાં, કર્મકાંડ અને વિધિઓ કરાવી પણ કોઈ તેના શાપનું નિવારણ ન કરી શક્યા. છેવટે શુકદેવજી ત્યાં પધાર્યાં અને તેમણે પરીક્ષિતને શ્રીકૃષ્ણની લીલાઓની કથા સંભળાવી અને તેના શાપનું નિવારણ કર્યું.

પ્રત્યેક જીવ પરીક્ષિત છે. અઠવાડિયામાં કોઈ એક દિવસે તો કાળ રૂપી તક્ષક નાગ આવીને એને દંશ દે છે. પરંતુ જે હરિકથા શ્રવણ કરે તેને કાળ મારી શકતો નથી. એ અમર બની જાય છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચાબખો - ૩૩

રે'ણી હ્રદયમાં રાખો રે, નાંગળ નિશ્ચયના નાખો રે. - ટેક.

બાંધી હોય તે લક્ષ લિયે, ભાઈ! ઉઘાડી કાં નાખો રે,
બોલિયે એટલું બહાર પડે છે, દલની મત દાખો રે. ...૧

અવળું બોલ્યે અપરાધ પડે છે, અસત્ય કાં ભાખો રે,
પૂરણ હરિને પામવા, તમે પ્રેમરસ ચાખો રે. ...૨

પેટ ચોળીને શૂળ ઉપાયું, જીવને કર્યો જોખો રે,
ભોજો ભગત કહે ભૂલી ગયા, તેનો ધરિયે નહીં ધોખો રે. ...૩

વિવરણ

૧. રેં'ણી = રહેણી, વર્તન. નાંગળ = લંગર, 'બાંધી મૂઠ્ઠી લાખની' એ કહેવત પ્રમાણે, બોલવાથી કાંઈ અર્થ સરતો નથી. રહેણી એ તો હ્રદયમાં રાખવાનો વિષય છે.

૨. ઈશ્વરના સ્વરૂપને પામવા માટે જુદી જુદી વાતો કરવાથી કાંઈ વળતું નથી. એને પામવામાં વાણીનો ગજ ટૂંકો પડે છે. એને કેવળ પ્રેમરસથી પામી શકાય છે.

૩. ઉપાયું = ઉત્પન્ન કર્યું. જોખો = જોખમ, મુશ્કેલી. ધોખો ધરવો = અફસોસ કરવો.

ચાબખો - ૩૪

પિયાલો પીને થયા ચકચૂર, ત્યારે તનમાં વાગ્યા તૂર. - ટેક.

મનથી ન ડરે મૂવા થકી, મર ઘોડે દીધાં ઘૂર,
અચાનકના ઊતર્યા પછે દળ કીધું લઈ દૂર. ...૧

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દળ કોપે મર દૈત્યું તણુ તો ય પ્રેમતરવારે પૂર,
પાછા પગલાં કદિ ન્હોય પૂરાના, એ તો હાલશે ધણી હજૂર. ...૨

અગ્નિમાં ઓર્યા ઊગરે એને શું કરે કળિયુગનું પૂર,
ભોજો ભગત કહે ગુરુપ્રતાપે નયણે વરસે નૂર. ...૩

વિવરણ

૧. બ્રહ્મજ્ઞાન રૂપી પિયાલો પીને ચકચૂર બન્યા ત્યારે તનમાં શરીરમાં તૂર = તૂરી (એક પ્રકારનું વાદ્ય) વાગે છે, અર્થાત્ બ્રહ્મનો અનાહત નાદ ગુંજી રહે છે. મર = ભલેને (કાઠિયાવાડી ગ્રામ્ય પ્રયોગ) ઘૂર = ઘૂરકવું તે, અશ્વોનો હણહણાટ. અશ્વદળ ભલેને હણહણાટ કરતું આવતું હોય પણ જેણે પ્રેમપિયાલો પીધો છે એવો જ્ઞાની જીવ, મૂવા થકી = મરવાથી ડરતો નથી. એ તો કામક્રોધના અશ્વદળને દળી નાખે છે.

૨. દઈતું = દૈત્યો, રાક્ષસો (કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે દૈત્યો). પ્રેમ તરવારે પૂર = પ્રેમ રૂપી તરવારથી લડવા પૂર = પૂરો સમર્થ છે. તેઓ પાછી પાની નહિ કરે. પરંતુ તેઓ ધણી = પરમાત્માની હજૂર = સમક્ષ જશે.

ભક્તમાળમાં ભક્તોના જીવનની એવી કથાઓ છે, જેમાં અગ્નિમાં બળતાં ભક્તોને બચાવ્યા હોય, પૂરમાં તણાતા હોય એને તાર્યાં હોય, બાણથી વીંધાયા હોય એને ઊગાર્યા હોય, અને મગરની વિકરાળ દાઢમાં ઝડપાણા હોય એને જીવાડ્યાં હોય! જેને રામ રાખે એને કોણ મારી શકે? નિંભાડાની ધગધગતી આગમાંથી પ્રભુએ બિલાડીનાં બચ્ચાને બચાવ્યાં હતાં. સમરાંગણમાં હાથી, ઘોડા અને રથમાં બેસીને મહારથીઓ ધમસાણ યુદ્ધ કરતાં હોય ત્યારે ટીટોડીના

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઈંડાની, શ્રીહરિએ સંભાળ રાખી હતી. ઈંડા હતા તેના ઉપર હાથીના ગળામાં બાંધેલો મોટો ઘંટ પડીને એવી રીતે ગોઠવાઈ ગયો જાણે એને કોઈએ કાળજીથી ઢાંક્યા હોય. આ રીતે, ભગવાન એના ભક્તોની રક્ષા કરે છે. શ્રીકૃષ્ણે, ગીતામાં અર્જુનને ખાત્રી આપતાં કહ્યું છે; 'न मे भक्तो प्रणश्यति ।' (મારા ભક્તનો કદિ નાશ નથી થતો.)

ચાબખો - ૩૫

મૂરખો મોહને ઘોડે ચડે, માથે કાળ નગારા ગડે રે. - ટેક.

હરિજન હોય તેની હાંસી કરે, જીવ અવળું બોલી લડે,
એકલો હોય તો ય અભાગિયો નવગ્રહની ઘોડ્યે નડે. ...૧

પરતરિયાશું પ્રીતિ કરું એવા ઘાટ ખોટાં ઘડે,
ભોગ દેખીને જીવ થાય ભૂરાયો જેમ પતંગ દીપકમાં પડે. ...૨

ત્રણે અવસ્થા ગઈ તૃષ્ણામાં પછે કાળે કીધો કડે,
ભોજો ભગત કહે ભજન કર્યા વિના, જમના જોડા જડે. ...૩

વિવરણ

૧. મોહને ઘોડે = મોહ રૂપી ઘોડા ઉપર. ઘોડ્યે = ની જેમ, તેની જેમ (ગામઠી શબ્દપ્રયોગ)

૨. પરતરિયા = પરસ્ત્રી. ઘાટ ઘડવા = યોજના કરવી. ભોગ = વિલાસ, વિષયવિકાર. ભૂરાયો = રઘવાયો, બહાવરો.

૩. ત્રણ અવસ્થા = બાલ્યાવસ્થા, યુવાવસ્થા, વૃદ્ધાવસ્થા (અથવા જાગૃત, સ્વપ્ન અને સુષુપ્ત એ ત્રણ અવસ્થા). કાળે કીધો કડે = કાળે કાબૂમાં કરી લીધો. કડે કરવું = કાબૂમાં લેવું (ગામઠી શબ્દપ્રયોગ).

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દેહની તથા દેહમાં વસતા જીવની ત્રણ અવસ્થા મુખ્ય છે; બાળપણ, જુવાની અને ઘડપણ. આ ત્રણે ય અવસ્થાના પોતપોતાના કર્મો છે. એ કર્મો કરતાં કરતાં ધીમે ધીમે જો મનને વૈરાગ્યના રંગે રંગતા આવડે તો જીવન સાર્થક થાય, નહિ તો તૃષ્ણા વધતી જ જાય છે. અવસ્થા પ્રમાણે તૃષ્ણાના પ્રકાર બદલે પણ તૃષ્ણા ઘટે નહિ. બાળપણમાં રમકડાંની તૃષ્ણા હોય, જુવાનીમાં જર-ઝવેરાત અને જોરૂ (સ્ત્રી)ની તૃષ્ણા જાગે અને ઘડપણ તો અનેક પ્રકારની તૃષ્ણાનું ઘર! આમ જ્યારે જીવે ઊભું કરેલું એનું આખું જીવન તૃષ્ણામાં વીતી જાય છે પછી કાળ આવીને એને ઝડપી લે છે અને તેને જમદૂતો જોડાનો માર મારે છે. જોડાંનો માર એ સહુથી હલકા પ્રકારના અપમાનનો માર છે. આવા અપમાનથી મુક્ત થવાનો માર્ગ એટલે હરિભજન! આદિ શંકરાચાર્ય કહે છે :

શ્રી હરિની જે કરશે અર્ચા,
તેની જમડાં કરે ન ચર્ચા.

ચાબખો - ૩૬

જગમાં મે તણી માયા રે, જેણે નવખંડ નિપાયા રે. - ટેક.

પૃથ્વી ઉપર પરજન્ય મોટો, જે થકી કાયા રે,
સગાં કુટુંબી કોઈ કોના નથી, બહેન ને ભાયા રે. ...૧

કર્યું ન થાય કોઈનું, પણ દુર્મતિ ડાયા રે,
ધરાનું ધોંસરૂં કાંધે ધર્યું, ધન્ય ગો તણા જાયા રે. ...૨

સર્વે ભિખારી શામળિયાના રંક ને રાયા રે,
ભોજો ભગત્ત કહે ભેદ સમજ્યાં તે ધર્મને ધાયા રે. ...૩

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિવરણ

૧. મે = મેઘ, વરસાદ. નવખંડ = નવખંડ પૃથ્વી. નિપાવ્યા = નિપજાવ્યા પરજન્ય = પર્જન્ય, વરસાદ.

૨. ગો તણા જાયા = ગાયના સંતાનો, બળદો. દુર્મતિ = દુષ્ટબુદ્ધિવાળા.

રાજા હોય કે રંક, બધા જ ભગવાનના ભિખારી છે. નિર્ધન લોકો પ્રભુ પાસે માગણી કરે છે; 'હે ભગવાન! મને ધન દેજે.' તો જેની પાસે પુષ્કળ પૈસા છે તે પણ પ્રભુ પાસે માગણી કરતાં હોય છે. જે થોડા પ્રદેશોનો સ્વામી છે તે ઇશ્વર પાસે એનું રાજ્ય વધારી આપવાની ભીખ માગે છે. તો વિશ્વવિજેતા સમ્રાટ પણ તેની પાસે યાચના કરતો હોય છે. આમ શામળિયાની સામે બધા જ ભિખારી!

કહેવાય છે કે સમ્રાટ અકબરના એક સૂફી સંત ગુરુ હતા. અકબરને તેમના ઉપર અનન્ય શ્રદ્ધા અને અપાર પ્રીતિ હતી. સૂફી સંત, જે ગામ બહાર આશ્રમ બાંધીને રહેતા હતાં ત્યાંના લોકોએ તેને વિનતિ કરી; 'બાબા! બાદશાહ અકબર આપના શિષ્ય છે, તો એની પાસે જઈને થોડી રકમ લઈ આવો તો આપણા ગામમાં બાળકો માટે નિ઼શાળ બાંધી શકાય.'

સૂફી સંત અકબરના મહેલમાં ગયાં. અકબર ઈબાદતખા઼નામાં બેસીને ખુદા઼ની ઈબાદત કરતો હતો; 'યા અલ્લાહ! મારા રાજ્યની સીમા વધારી દેજે.'

તરત જ બાબા ત્યાંથી પાછા ફરી ગયાં. ગુરુ આવ્યા હતા અને પાછા ચાલ્યા જાય છે તે જાણીને અકબર પાછળ દોડ્યો, પગમાં પડીને વિનતિ કરવા લાગ્યો; 'ફરમાવો, બાબા! મારું શું કામ હતું?'

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બાબાએ કહ્યું : 'આવ્યો હતો તો તારી પાસે માગવા, પણ તું તો ખુદા પાસે માગી રહ્યો હતો. તું પોતે જ ભિખારી છો, હું તારી પાસે શું માગું?' અને શું કામ માગું? વળી, તું જે ખુદા પાસે માગી રહ્યો છે, તેની પાસે હું પણ શું કામ ન માગું?' સંત કબીરે ઠીક કહ્યું છે : 'જિનકો કછુ ન ચાહિયે વો શાહનકે શાહ.'

ચાબખો - ૩૭

હવે હું તો માન ગયો મેલી રે, વા'લા મારી વા'ર કરો વેલી રે. - ટેક.

તમે મળ્યાં વિના મરી ગયા, કરો આનંદની હેલિ રે,
કર્મનાં બંધન કાપી નાખ્યાં, થાવ દયા તણી ડેલી રે. ...૧

તમે તમારું બિરૂદ સંભાળો, હું ખરું નથી ખેલી રે,
બાના તણી પત રાખજો, કાંઈ પ્રીત નથી પેલી રે. ...૨

સાચા તણી પત રાખો શામળિયા! થાજો બૂડતલના બેલી રે,
ભોજો ભગત કહે આવો અંતકાળે હવે સનદ છે છેલ્લી રે. ...૩

વિવરણ

૧. માન = અભિમાન. વાર = વહાર, સહાય. ડેલી = હવેલી, મોટું મકાન. થાવ દયાતણી ઇ. હે પ્રભુ! તમે દયાની ડેલી બનો, મારા માટે દયાનું ધામ થાઓ.

૨. બિરૂદ = ટેક. જીવ, ઈશ્વરને કહે છે; 'આ સંસારમાં મેં જે ખેલ કર્યો છે તે ખરો નથી. અને જીવની શિવ સાથેની પ્રીત કાંઈ પહેલી નથી. એ અનેક જન્મોની છે.

૩. બૂડતલ = બૂડનાર. (સંસાર સાગરમાં બૂડતાં) સનદ = પરવાનો. આ માનવ જન્મ એ છેલ્લી સનદ છે. મુક્ત થવા માટે છેલ્લો પરવાનો છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આ ચાબખામાં ભોજા ભગતે સાચા ભક્તના અંતરની આરઝૂ આલેખી છે. ભક્ત હંમેશાં આવી પ્રાર્થના કરતો હોય છે; 'હે નાથ! જો હું સાચો હોઉં તો હવે તમે મારી પત રાખવા આવો. હવે હું બૂડી રહ્યો છું. મારા બેલી બની, બાહુ ઝાલી મને બહાર કાઢો. મને મારો અંતકાળ આવેલો દેખાય છે. આપે મને જે સનદ આપી છે તે અંતિમ છે. એમાં ખાત્રી આપ્યા પ્રમાણે આપ નહિ આવો તો મારો ઉદ્ધાર નહિ થાય.'

અને પરમાત્મા, સાચા ભક્તને ઉગારી લે છે. અનેક જન્મોની ભક્તિના વાવેતર પાકે ત્યારે પરમતત્ત્વનું અમરફળ વેડી શકાય છે!

ચાબખો - ૩૮

રૂડા હૃદે બિરાજે રામ, તેનું નિશ્ચલ જપિયે નામ. - ટેક.

ભીતર થકી જીવ ભેદ્યા નહિ, ને કેમ કરી છૂટશો કામ,
ભોગ ન પામે નિર્ધના જેની ગાંઠે નહીં એક દામ. ...૧

પરથમ પડદા પરા કરીને, ધરો અંતરમાં ધ્યાન,
નયણે નીરખો નરહરિ તમે મેલો ને મનનું માન. ...૨

પરથમ આવ્યા પત રાખવા, ગુરુ તણે જ્ઞાન,
ભોજો ભગત કહે ચાલી આવ્યા, છાપું દેવા શ્યામ. ...૩

વિવરણ

..૧. હે જીવ! તું ભીતર થકી ભેદાયો નથી - વીંધાયો નથી. ત્યારે કામવાસના છૂટે ક્યાંથી? જેની ગાંઠે એક દામ - એક કોડી પણ ન હોય એવા નિર્ધન માણસો ભોગ ભોગવી શકતાં નથી. એ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જ રીતે જેને અંતરમાં લગની નથી તેને બ્રહ્મ ભરથારનો ભોગ મળતો નથી.

૨. પડદાં પરા કરીને = અજ્ઞાન રૂપી પડદા હટાવીને.

૩. પત રાખવા = ટેક રાખવા. આ પંક્તિઓમાં ભોજા ભગતને દ્વારકાધીશનો જે સાક્ષાત્કાર થયો હતો તેનું નિરૂપણ છે. શ્રીકૃષ્ણ ભગવાન, સ્વયં સામે ચાલીને ફત્તેપુરમાં ભોજા ભગતને દર્શન દેવા આવ્યા હતાં. તે સમયમાં દ્વારકાધીશની છાપું (છાપ) જાત્રાળુઓની ભૂજા ઉપર આપવામાં આવતી. કોઈ વાર, એક સંઘ, દ્વારિકા જતો હતો તેણે ભોજા ભગતને સંઘમાં જોડાવાનું આમંત્રણ આપ્યું. પરંતુ ભોજા ભગતે યાત્રામાં જોડાવાની ના પાડી, અને દૃઢ સંકલ્પ કર્યો કે જો મારી ભક્તિ અને શ્રદ્ધા સાચી હશે તો દ્વારકાધીશ મને ઘેર બેઠા છાપનું નિશાન આપી જશે. અને શ્રદ્ધા ફળી. એના ઓરડામાં દ્વારકાધીશ આવ્યા અને તેમની બન્ને ભુજાઓ ઉપર છાપ પાડી દીધી! આ સંતકવિના જેણે પ્રત્યક્ષ દર્શન કર્યાં હતા તેઓ કહેતા કે ભોજા ભગતની બન્ને ભુજાઓ ઉપર દ્વારકાધીશની છાપ હતી.

ચાબખો - ૩૯

શિર પર શિખર લઈ ધાર્યો રે, ઈન્દ્રમાન ઉતાર્યો રે. - ટેક.

બ્રહ્મા ભૂલ્યો ભ્રમે થકી, હુંપદ કરી હાર્યો રે,
મથુરાનગરીમાં માવજી લઈ મામાને માર્યો રે. ...૧

અંબરીષ કારણ અવતરી, ને ત્રિલોચન તાર્યો રે,
અહલ્યા શિલા આળસી, એનો શાપ નિવાર્યો રે. ...૨

ભવસાગર તો મોહજળ ભરિયો, નીર છે ખારો રે,
ભોજો ભગત કહે ગુરુપ્રતાપે, હવે ઊતરિયે આરો રે. ...૩

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિવરણ

આ આખું પદ સ્પષ્ટ છે. દેવોના રાજા ઈન્દ્રનું માનહરણ, બ્રહ્માની અહંતા તથા કંસવધની કથાઓ ભાગવતના દશમ સ્કંધમાં આપેલી છે.

ચાબખો - ૪૦

દુનિયા ભરમાવા ભોળી રે, ચાલ્યો બાવો ભભૂતિ ચોળી. - ટેક.

દોરા ધાગા ને ચિઠ્ઠી કરે, બાવો આપે ગુણકારી ગોળી રે,
અનેક જાતના એવા બને છે, કોઈ કણબી કોઈ કોળી રે. ...૧

નિત્ય નિત્ય દર્શન નિયમ ધરીને આવે તરિયા તૂણી ટોળી રે,
માઈ માઈ કરી માન દિયે પણ હૈયે કામનાની હોળી રે. ...૨

ચેલા ચેલીને ભેળા કરી બાવો ખાય ખીર ખાંડ ને પોળી રે,
ભોજો ભગત કહે ભવસાગરમાં બાવે માર્યા બોળી રે. ...૩

વિવરણ

આ ચાબખો તેમ જ એકતાલીસમો ચાબખો, બન્ને ચાબખાઓ ભોજાભગત કૃત નથી એમ ઘણા વિદ્વાનો માને છે. ભાષા અને શૈલી પણ ભોજા ભગતની જણાતી નથી. વળી ભોજા ભગતની મૂળ હસ્તપ્રતમાં પણ આ ચાબખાઓ નથી તેથી અન્ય કોઈ કવિએ રચીને ભોજા ભગતના નામે ચડાવેલ જણાય છે. આ રીતે ભોજા ભગતના નામે અનેક 'ચાબખાઓ' ચડેલાં છે. જે લોકમુખે પરંપરાથી ગવાતાં હોય છે, પણ હસ્તપ્રતમાં સમાવિષ્ટ નથી. કવિવર દલપતરામે પણ ભોજા ભગતના નામે 'ચબોલા' નામનો કાવ્યપ્રકાર સર્જ્યો છે. જે જોડકણાં જેવા છે. જેમકે,

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'છાયા એટલા છાપરા અને માળ્યાં એટલાં ઘર,
ભોજો ભગત તો એમ કહે કે વાંઢા એટલા વર.'

ચાબખો - ૪૧

જોઈ લ્યો જગતના બાવા, ધર્યો ભેખ ધૂતીને ખાવા રે. - ટેક.

પ્રેમદાઓ ઘણી પાણી ભરે ત્યાં બાવોજી જાય ન્હાવા રે,
રાંડી છાંડી ઘેર નર ન હોય તો બાવોજી બેસે ગાવા રે. ...૧

લોકોનાં છોકરાં તેડી રમાંડે બાવો, પરાણે પ્રીતડી થાવા રે,
ગૃહસ્થની સ્ત્રી જ્યારે રીસાઈ છે ત્યારે બાવોજી જાય મનાવા રે. ...૨

સિદ્ધાઈ દેખાડી શાણા સમજાવે, પણ હવાલ છે હાવા રે,
રાખો ચોળી, પણ રાંડોના રસિયા ખોળે હરામનું ખાવા રે. ...૩

ધૂપ કરીને ધ્યાન ધરે બાવો ભોળાને ભરમાવા રે,
ભોજો ભગત કહે ભાવે સેવો, એને જમપુરીમાં જાવા રે. ...૪

ચાબખો - ૪૨

જીવ! તું જો ને અભાગિયા! જાગી, તારા બાર માથે બે ગયા છે વાગી. - ટેક.

નાનો હતો ત્યારે કાંઈ ન સમજ્યો, મમતા ઘણેરી લાગી,
ધોળા આવ્યા ને ધ્રૂજવા લાગ્યો, પછી ઢીલા તે ઢોલ ગ્યા વાગી. ...૧

જોબનિયું તારું જાશે જખ મારતું, જરા જંજેરવા લાગી,
ઘરના છોકરાં વઢવાડ કરશે, કહેશે ઘરડાંને મેલો કાઢી. ...૨

માલ ખજાના દરિયામાં હોમાશે, વહાણ જાશે તારું ભાંગી,
દરિયામાં ડૂબકાં દેશો પછી તો લોભના લોર ગ્યા લાગી. ...૩

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પાંચ સાત ઘોડે સામટે ચડતો, નોબત નગારાં વાગી,
પાલખીમાં બેસીને પાણી મગાવતો, તારી કાયા લઈ જાશે નાગી. ...૪

આજકાલ કરતાં આવ્યો તારો વાયદો નેણે ન જોયું જાગી,
ભોજો ભગત કહે કાંઈ ન સમજ્યો, શિખામણ નવ લાગી. ...૫

વિવરણ

૧. બાર માથે બે ગ્યા વાગી = તારી ઝીન્દગી અર્ધા ઉપર વીતી ગઈ છે, અને તને સમયનું ભાન નથી રહ્યું.

૨. જરા = વૃદ્ધાવસ્થા જંજેરવા લાગી = ખંખેરી નાખે છે, ઝૂડી નાખે છે. ઘડપણ, શરીરના રૂપ, રંગ, શક્તિ, છટા બધું જ ખંખેરી નાખે છે. એટલે સંસ્કૃતમાં વૃદ્ધાવસ્થાને 'रूपस्थ हन्त्री' (રૂપને હણનારી) કહી છે.

૩. માલખજાના = શરીર અને મનની શક્તિઓ રૂપી. દરિયામાં હોમાશે = કાળ રૂપી મહાસાગરમાં હોમાઈ જશે. વહાણ = જીવનરૂપી નૌકા. લોભના લોર = લોભના ઊંચે ઊંચે ઉછળતા લોઢ. 'લોર' શબ્દ 'લહેર' ઉપરથી થયો જણાય છે.

માણસ ઘરડો થાય ત્યારે અંગ ગળી જાય અને માથા ઉપર પાળિયા આવે. મોઢામાં એક પણ દાંત ન રહે. મોઢું બોખલું અને અંગ ખોખલું! આંખે મોતિયા આવે પણ જીભના ટેરવે ભગવાનનું નામ ન આવે. જેણે આખી ઝીન્દગી લક્ષ્મી મેળંવવા ફાંફા માર્યા હોય એને અંતસમયે લક્ષ્મીવર ક્યાંથી યાદ આવે? વૃદ્ધ માણસ મરણપથારી પડ્યો હોય ત્યારે એકઠાં થયેલાં લોકો એના મુખે 'રામ'નું નામ બોલાવવા ખૂબ પ્રયાસો કરે પણ અભાગિયો જીવ બોલે નહિ.

એટલે વળી કોઈ એને 'રામપાત્ર' બતાવીને પૂછે; 'બાપા!

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આ શું છે? પણ જેણે જીવનમાં કદિ રામસ્મરણ ન કર્યું હોય એ મરણ સમયે રામ ક્યાંથી બોલે? બાપા કહે; 'એ શકોરૂં છે' એમ કહીને દેહ છોડી દે. આવા જીવનો ઉદ્ધાર ક્યાંથી થાય?

ચાબખો - ૪૩

આત્માગુણ હરિના એવા રે, દૂધમાં જેમ સાકર મેવા રે. - ટેક.

નરશીમે'તાની હૂંડી સ્વીકારી દ્વારકા મધે દેવા રે,
ધૂણીધર થઈને રોકડા આપ્યાં નવી જ છાપનાં જેવા રે. ...૧

કુંવરબાઈનું મામેરું પૂર્યું, કાંઈ નવ રાખ્યું કે'વા રે,
સોળસે ગોપીમાં રાસ રમ્યો વા'લો, જ્યાં જોઈએ ત્યાં તેવા રે. ...૨

ભૂપનું નોતરૂં પાછું વાળ્યું, દુર્યોધનના મેવા રે,
એંઠા બોર ભીલડીનાં આરોગ્યા, હજાર હાથ કર્યા લેવા રે. ...૩

પાંડવ ઉપર કૌરવ કોપ્યાં દ્રૌપદીના ચીર લેવા રે,
ભોજો ભગત કહે ભલે પધાર્યા સંતોને દર્શન દેવા રે. ...૪

વિવરણ

૧. આત્માગુણ રહિના ઇ. પરમાત્માના એવા મીઠાં મધુરા ગુણો છે જેવી રીતે દૂધમાં સાકર અને મેવા મેળવવામાં આવે. દ્દષ્ટાંત આપતાં કહે છે કે શ્રી હરિએ દ્વારિકા મધ્યે નરસિંહ મહેતાની હૂંડી સ્વાકારી હતી.

૨. ધુણીધર = ધરણીધર અથવા ધુરંધર. જેણે લક્ષ્મીપતિ બનીને નવી છાપના રોકડાં રૂપિયા ગણી આપ્યાં.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચાબખો - ૪૪

રાવણનું અધૂંધ છે પાણી રે, બોલે વેણ અહંકારના આણી રે. - ટેક.

ગોખે બેઠી બોલે મંદોદરી, રાવણની પટરાણી રે,
જેને સમરિયે પાર ઊતરિયે, તેની શીદ લાવ્યા રાણી રે. ...૧

સાવ સોનાનો મૃગ બનાવ્યો, વાત સીતાએ જાણી રે,
ધનુષ લઈને રામજી દોડ્યાં તીર માર્યું તાણી રે. ...૨

બાવન બજારો ને ચોરાશી ચૌટાં બાર મેઘ ભેર પાણી રે,
અલખધણીએ આવી કરીને કરી નાખ્યું ધૂળધાણી રે. ...૩

ચૌદ ચોકડીનું રાજ ચાલ્યું ગયું કહેવા ન રહ્યું કા'ણી રે,
ભોજો ભગત કહે હરિ ભજી લ્યો, દોહ્યલાં છે દરવાણી રે. ...૪

વિવરણ

૧. અધૂંધ = અંધાધૂંધ, સંપૂર્ણ આંધળું = સાવ વિવેકશૂન્ય. પાણી = બળ, તાકાત. રાવણનું બળ અવળું અને અહંકારી છે. મહાભારતમાં કહ્યું છે; 'अन्धम् जडम् बलम् प्राहुः ।' કોઈ પણ પ્રકારનું બળ, જડ અને આંધળું છે, તેનો ઉપયોગ વિવેકપૂર્વક કરવો જોઈએ.

૪. ચૌદ ચોકડી = ચોકડી (ચાર યુગનો સમૂહ - સત્યુગ, દ્વાપર, ત્રેતા, કલિયુગ) આવી ચૌદ ચોકડી વીતી ગઈ ત્યાં સુધી રાવણે રાજ્ય કર્યું. કાણી = કહાણી, વાત. દરવાણી = દરવાન, જે યમરાજાના દ્વારે ઊભો છે એ દોહ્યલો છે એ તમારી ખબર લઈ નાખશે.

સત્તા, સંપત્તિ અને દોમદોમ સાહ્યબી પણ કેવી ક્ષણ ભંગુર છે તેની વાત ભક્ત કવિ કરે છે. આ બધા 'ચલાચલીના ખેલ' છે. ગંજીપત્તાના મહેલ જેવું ખોખલું છે બધું! પવનની હલકી ફૂંક લાગે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ને પત્તાનો મહેલ પડી જાય! મોટામોટાં સામ્રાજ્યો પણ મહાકાળની થપાટમાં વિલીન થઈ ગયા છે. ઈરાનના શાહે પોતાની રાજમુદ્રામાં એક સોહામણું અને ઉપકારક સૂત્ર કોતરાવ્યું હતું. અને સમય અને સંજોગ ઊભા થાય ત્યારે એ સૂત્ર વાંચીને મનનું સમાધાન કરતો. સૂત્ર આ હતું : `This too shall pass away' (આ પણ પસાર થઈ જશે.) મોજમજા અને આનંદના દહાડાં હોય ત્યારે પણ આ સૂત્ર સંભારવું કે આનંદ પણ વીતી જશે તે જ રીતે દુઃખના દહાડા આવે ત્યારે આ સૂત્ર ધીરજ આપે કે એ પણ પસાર થઈ જશે. આ સૂત્ર માનવમાત્રે યાદ રાખવા જેવું છે.

ચાબખો - ૪૫

મન! તું ફરે છે મદમાતું રે, હરિનું ભજન નથી થાતું રે. - ટેક.

પાંચ તત્ત્વનું પંડ રચાયું, રંગ રાતું માતું રે,
જનમારો કોઈ જીવશે નહીં, ઈ તો કાલે રે'શે જાતું રે. ...૧

નિંદા રૂપી નદી બનાવી, નિત તેમાં ના'તું રે,
એમાં તારું કાંઈ નહિ વળે, હજી ગુરુચરણે જા તું રે. ...૨

ધંધામાં મૂરખાઓ ધ્યાન ધરે છે, ને ધરમ નથી થાતું રે,
આગળ જીવ! આંસૂડા ઝરશે, ભેળું નથી ભાતું રે. ...૩

ચાર દિશે મન ચંચળ ફરે છે, ઝાઝાંને ધાતું રે,
ભોજો ભગત કહે ગુરુ પ્રતાપે, એની આગળ છે વાતું રે. ...૪

વિવરણ

૧. આ પંડ = શરીર, પાંચ તત્ત્વનું બનેલું છે. (આકાશ, પ્રકાશ, પવન, પાણી, પૃથ્વી)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૩. ભાતું = માર્ગમાં ખાવા માટેનું ભોજન. (સત્કર્મો અને પુણ્ય રૂપી ભાતું)

૪. ઝાઝાને ધાતુ = વધુ મેળવવા દોડે છે. ચંચલ મન, ચારે તરફ વસ્તુઓ મેળવવા દોડતું હોય છે. આવા મનવાળાની 'આગળ છે વાતું' એટલે કે તેને પુનર્જન્મનું દુઃખ વેઠવું પડશે.

સંતોએ જ્ઞાનની જે વિચારધારા આપી છે તેમાંથી એક સમીકરણ સ્પષ્ટ છે; મનની ચંચલતા એટલે સંસાર અને મનની સ્થિરતા એટલે આત્મસાક્ષાત્કાર! મનનો સ્વભાવ ઘૂમવાનો અને ભ્રમણામાંથી વસ્તુઓનો સંગ્રહ કરવાનો છે. વસ્તુઓથી એ ભરાતું નથી. એ એવું પાત્ર છે જે ફૂટેલું છે અથવા તે એવી ઝોળી છે જે ફાટેલી છે! તેમાં આખી દુનિયાનો ધનભંડાર, વૈભવ કે અમાપ સંપત્તિ નાખીએ તો પણ એ ભરાતું જ નથી. જે અબૂધ જીવ આવા મનને, વસ્તુઓથી ભરવાના કે સંતુષ્ટ કરવાના પ્રયત્નો કરે છે તે દુઃખી થાય છે. તેનો આ લોક તો બગડે છે, પરલોક પણ બગડે છે. આ જ કારણે મીરાંબાઈએ કહ્યું છે : *'મેરો મન બડો હરામી!'*

ચાબખો - ૪૬

જીવને શ્વાસ તણી સગાઈ, ઘરમાં ઘડી ન રાખે ભાઈ! - ટેક.

બાપ કહે છે બેટો અમારો, માતા મંગળ ગાય,
બેની કહે છે બાંધવ અમારો ભીડ પડે ત્યારે ભાઈ. ...૧

લીપ્યું ને ગૂપ્યું આંગણું ને કાઢ્યા વેળા થઈ,
અડશો મા તમે અભડાશો, એમ લોક કરે ચતુરાઈ. ...૨

ઘરની નારી ઘડી ના વિસરતી અંતે અળગી રઈ,
ભોજો ભગત કહે કંથ વળાવી તરત બીજાને ગઈ. ...૩

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિવરણ

૧. દેહની ક્ષણભંગુરતા અને સાંસારિક સંબંધોની પોકળતા દર્શાવતો આ ચાબખો જેને વાગે છે તેની ભ્રમણા તરત જ ભાગે છે.

ભોજા ભગતના 'ચાબખાઓ'માંથી 'પ્રાણિયા ભજી લેને કિરતાર' તથા 'જીવને શ્વાસ તણી સગાઈ' ચાબખાઓ મહાત્મા ગાંધીજીને ખૂબ જ ગમતાં. દક્ષિણ આફ્રિકાના ફિનિક્ષ આશ્રમમાં એ પ્રાર્થનામાં ગવાતાં.

ચાબખો - ૪૭

આ તનસુખ ધૂમરની હેલિ રે, મમતા જાવું જરૂર મેલી રે. - ટેક.

ખાઓ પીઓ ધન વાવરો, ખૂબ મચી ખેલી રે,
માબાપ એના બેઠાં રહ્યાં ને હાલ્યાં ગયા બેલી રે. ...૧

ઘરની નારીએ ઘાંઘો કર્યો વાત પૂછવા વેલી રે,
સાંત્યું સંઘર્યું તમે કે'તાં જાજો માયા ક્યાં મેલી રે. ...૨

આંધણ તારા ઊભરાઈ જાશે, અને વાર કરજો વેલી રે,
ભોજો ભગત કહે પ્રભુ ભજન વિના રસ જાશે રેલી રે. ...૩

વિવરણ

૧. તનસુખ = શરીરસુખ, ધૂમરની હેલિ = ધુમાડાનાં ગોટાં. ખૂબ મચી ખેલી = ખૂબ ખેલ મચ્યો, ખૂબ રંગ જામ્યો.

૨. ઘાંઘો કર્યો = બહાવરો કર્યો. સાંત્યું = સંતાડ્યું.

૩. આંધણ = જીવનનું ભાતું પકાવવા જે આંધણ તેં ઓર્યાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે તે ઊભરાઈ જાશે અર્થાત્ જીવનમાં તેં કરેલા તમામ પ્રયત્નો મિથ્યા થાશે. વાર કરજો = વહાર કરજો, સહાય કરજો.

ચાબખો - ૪૮

જીવ! તું વેળા વરતી લે, માથે મરણ તણો છે ભે. - ટેક.

મોટા મોટા નૃપ ચાલ્યા ગયા, તારું જોર શું કે'
રિદ્ધિસિદ્ધિ પડી રહી તેની, મનમાં વિચારી લે. ...૧

પરસ્ત્રીનું ગમન કરવામાં સ્વાદ જ લાગ્યો છે,
આગળ તારું શું રે થાશે, એની મનમાં ન મળે ભે. ...૨

પરનિંદા કરવામાં પૂરો, હરિરસ ખારો હે,
ભોજો ભગત કહે હરિ ભજ્યા વિણ રૌરવ નરકે રે. ...૩

વિવરણ

૧. વેળા વરતી લે = આવેલ સમયને ઓળખી લે. મનુષ્ય જન્મ રૂપી જે તક મળી છે તેનો ઉપયોગ કરી લે. ભે = ભય.

૨. પરનિન્દા ઇ. જેને નિન્દારસ ગમે છે તેને હરિરસ ગમતો નથી. નિન્દા સહુથી મોટું પાપ છે. ભર્તૃહરિએ કહ્યું છે : 'જો તારે નિન્દા કરવામાં રસ હોય તો એનાથી મોટું બીજું પાપ નથી.'

રૌરવ નરક = એક પ્રકારનું ભયાનક નરક.

ચાબખો - ૪૯

કર્યું મારા વા'લાનું થાશે રે, બીજા તને ઓસડ કોણ પાશે રે. - ટેક.

માંદો થઈને માંચે સૂવે, અંગમાં પીડા થાશે રે,
પુણ્યના નામે પૈસા ન વાપર્યા, પછી વૈદને તેડવા જાશે રે. ...૧

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સગું કુટુંબ સહુ ઘેરીને બેઠું, સહુ કહે સાજો થાશે રે,
કાની લાગી કરમની પછી, ખાવું તે ક્યાંથી ખાશે રે. ...૨

દીવામાં જ્યારે દિવેલ થોડું, વાટ કોરી કહેવાશે રે,
ભજવું હોય તો ભજી લેજો આ ઊગ્યો તે આથમી જાશે રે. ...૩

સાધુ બ્રાહ્મણની સેવા કરતાં ભવસાગર તરાશે રે,
ભોજો ભગત કહે ગુરુ પ્રતાપે, ગુણ ગોવિંદના ગાશે રે. ...૪

વિવરણ

૧. માંચે = ખાટલામાં

૨. કાની = કહાણી, કરમની કહાણી, કરમની કઠણાઈ

૩. દીવામાં ઇ. જીવન રૂપી દીવામાં હવે આયુષ્ય રૂપી દિવેલ = તેલ ઓછું થઈ ગયું છે. તેના અસ્તિત્વની વાટ હવે કોરી થઈ ગઈ છે એ હવે વધુ પ્રકાશ નહિ આપી શકે. તો એ બૂઝાઈ જાય તે પંહેલા પ્રભુ ભજી લેવાં.

ભોજા ભગત કહે છે કે સાધુઓ અને બ્રાહ્મણોની સેવા કરતાં કરતાં ભવસાગર તરી જવાય છે. અને આવા ભક્તો, ગુરુની કૃપાથી ગોવિંદના ગુણગાનમાં, સંકીર્તનમાં અને ધ્યાનમાં મગ્ન રહેશે. અહીં સાધુ એટલે બાવા નહિ, અને બ્રાહ્મણો એટલે બ્રાહ્મણ જાતિ નહિ. પણ જેનામાં 'સાધ' (જાગૃતિ) આવી છે અને જેને જગત સમજાયું છે તે સાધુ! અથવા જે સાધના કરીને જગન્નાથને જાણી શક્યા છે તે સાધુ! અને 'બ્રાહ્મણ' એટલે જે બ્રહ્મમાં રમમાણ છે તે સાધક! આવા સાધુબ્રાહ્મણની સેવા એ જ દેવસેવા છે અને તેઓનો સંગ એ જ સત્સંગ છે. દુસ્તર, ભવસાગરને પાર ઊતરવામાં એ સહાયક છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચાબખો - ૫૦

મૂરખની દાઢી થઈ ધોળી રે, હૃદયમાં નવ જોયું ખોળી રે. - ટેક.

ખડ વાઢીને કૈંક ખપી ગયા, હાથે ન રહી કોળી રે,
વેચવા ટાણે વેચ્યું નહીં, પછી પીઠ પડી મોળી રે. ...૧

બગલો થઈને આરે બેસતો, ચાંચ રાખતો પોળી રે,
આરેથી આ'ર એને મળ્યો નહીં બધો દરિયો નાખ્યો ડોળી રે. ...૨

મનખા દેહ જેવો મોલ પાક્યો છે એમાં પડેલ કોળી રે,
આપ્યા વિનાનો અંગારિયો થાશે શું ખાશો ચોળી રે. ...૩

વારતાં વારતાં વારે ચડતો, માલ લાવતો ખોળી રે,
ભોજો ભગત કહે ત્રણ માર લાગશે તીર તરવાર ને ગોળી રે. ...૪

વિવરણ

૧. ખડ વાઢીને ઈ. ખડ વાઢીને વેચનારા લોકો આ તુચ્છ કામમાં આખી ઝીન્દગી ખર્ચી નાખે છે. પણ તેના હાથમાં એક કોળી પણ રહેતી નથી. વધુ ભાવ મળવાના લોભે, એ પોતાનો માલ વેચવા ટાણે વેચતો નથી, અને પછી જ્યારે વેચવા કાઢે છે ત્યારે તો પીઠ મોળી પડી ગઈ હોય છે. બજાર ભાવ ઘટી ગયા હોય છે. સંસારના કર્મો કરવા એ ખડ વાઢવા જેવું તુચ્છ કામ છે. તેમાં જીવનાં હાથમાં કશું રહેતું નથી. ધનના, માનના, મોટાઈના કેટકેટલાં ઘાસ આપણે કાપ્યા કરીએ છીએ પણ અંતે આપણા હાથમાં શું રહે છે?

આત્મકલ્યાણની સાધના તો શરીર જ્યારે સ્વસ્થ હોય ત્યારે જ કરવાની હોય છે. જુવાની જ આવો વેપાર ખેડી લેવાનો સમય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે. પછી જ્યારે પીઠ મોળી પડે છે - આપણા બજારભાવ ઘટે છે - આપણને કોઈ બોલાવતું નથી એવા અસહાય આપણે બની જઈએ છીએ ત્યારે ધર્મ કેવી રીતે કામી શકાય?

૨. બગલો = બગભગત. એકમાત્ર સ્વાર્થનો શિકાર ઝડપી લેવા માટે જ બધું ધ્યાન કેન્દ્રિત કરતો જીવ. આરે = કિનારે, આ'ર = આહાર.

૩. મનખા દેહ ઇ. મનુષ્યદેહ એ સંસાર રૂપી ખેતરમાં ઊભેલો મોલ (પાક) છે. ઊભેલા મોલમાં કોળી (ચોર) પડે તો તેઓ એ મોલને કાપીને ચોરી જાય છે! તે જ રીતે માનવજીવન રૂપી મોલમાં, કામ, ક્રોધ, લોભ, મોહ રૂપી ચોર ત્રાટકે છે. મોલમાં 'અંગારિયો' થતો હોય છે. એ અનાજનો એક રોગ છે. જો ડૂંડામાં અંગારિયો થાય તો ડૂંડાના બધા જ દાણા રાખ થઈ જાય છે. પછી કાંઈ ચોળીને ખાવા જેવું રહેતું નથી. એમ જો મનુષ્ય જન્મમાં દાન આપવામાં નહિ આવે તો આવો 'અંગારિયો' થશે. અર્થાત્ માનવજીવન સાવ નકામું થઈ જશે.

૪. વારતા વારતા ઇ. વારતા = રોકવા, છતાં વારે ચડતો = વાર લઈને જતો = પોતાની ટોળી બનાવીને જતો અને માલ ખોળી લાવતો. પરંતુ તેને ખ્યાલ નથી કે આમ કરવા જતાં ત્રણ માર લાગશે; તીર, તરવાર અને ગોળી! સાંસારિક ભોગના પદાર્થોની પાછળ દોડતાં માનવીને ત્રણ માર લાગે છે; કામ, ક્રોધ અને લોભ. અથવા ત્રિવિધ તાપ, આધિ, વ્યાધિ અને ઉપાધિ. આ ત્રણ પ્રકારના તાપના મારથી માનવી બચી શકતો નથી. કોઈ વ્યક્તિ, તીરથી ઘવાઈ જાય, તરવારથી કપાઈ જાય, અને ગોળીથી વીંધાઈ જાય તે બચી શકતો નથી! કામ (વાસના) તીરની જેમ ઘાયલ કરે છે, ક્રોધ, તલવારની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જેમ કાપે છે, અને લોભ ગોળીની જેમ વીંધે છે! એ જ રીતે આધિ એટલે મનોવ્યથા, તીરની જેમ ખૂંચે છે વ્યાધિ એટલે શરીરના રોગ તલવારની જેમ દેહને કાપે છે અને ઉપાધિ એટલે બહારથી આવતી અણધારી આફત, બંદૂકની ગોળીની જેમ વીંધે છે!

ચાબખો - ૫૧

રે મેં દુઃખ દુનિયાના ભાળી, પરણી નારી પિયર મેલી વાળી રે. - ટેક.

એક જ માગે ભમઈડો ને બીજો તે માગે જાળી રે,
ત્રીજો રે કહે મને ડગલી શીવડાવો ને ચોથો લે છે પેટ પાળી રે. ...૧

કડલાં ઘડાવું ત્યારે કાંબીઓ રે માગે, ને વીંટી ઘડાવું ત્યારે વાળી રે,
આઠે પહોર મને જંપવા ન દે, એના પાંજરિયા મેલ પરજાળી રે. ...૨

વઢતી રે સૂવે ને વઢતી રે ઊઠે કજિયામાં છે કાળી રે,
ઉજળાં મુખ એના કદિયે ન દીઠાં એ તો આઠે પહોર ઓશિયાળી રે. ...૩

બારણે આવ્યા પાંચ પરૂણા, ને જઈને ઘરમાં પેઠી રે,
છોકરાઓ તો ધમચી મચાવે, ત્યારે ચૂંટેલા લે છે તાણી રે. ...૪

પટોળાં લઈને મેં તો પિયર વળાવી, ને દુઃખડા મેલ્યાં ટાળી રે,
ભોજો ભગત કહે ગુરુ પ્રતાપે કદિ યે ન પરણું આવી નારી રે. ...૫

વિવરણ

આ ચાબખો ભોજા ભગત રચિત નથી. સ્થૂળ અર્થમાં લગ્નજીવનનાં સંતાપ આલેખતાં આ ચાબખા ઉપરથી પ્રાચીન કાવ્યમાળાનાં સંપાદકો એવું ગલત અનુમાન કરે છે કે; ‘જે ભોજા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભગતે ગુરુ રામે તવનની આજ્ઞાથી અન્ન ખાવાનું શરૂ કર્યું તેણે જ તેની આજ્ઞાથી લગ્ન કર્યું હોય.' પછી આ વિધાન ઉપરથી જયસુખરાય જોશીપુરાએ પોતાની પુસ્તિકા 'ભક્તકવિ ભોજલ'માં આ વિષયની વિસ્તૃત ચર્ચા કરી છે. તેમ જ આ ચાબખાનો આધાર લઈ પાંગળી દલિલો કરી, ભોજા ભગત પરણેલા હતાં અને પછી તેની પત્નીને પિયર વળાવી દીધી હતી એવું પૂરવાર કરવા પ્રયાસ કર્યો છે. પરંતુ આ 'ચાબખો' ભોજા ભગતની રચના જ નથી. તેથી આ વાત નિરાધાર ઠરે છે. ભોજા ભગત યોગી અને નૈષ્ઠિક બ્રહ્મચારી હતાં. અને માનો કે આ 'ચાબખો' ભોજા ભગતે રચેલો છે તો પણ એના સ્થૂળ અર્થની સાથે તેમાંથી અધ્યાત્મનો ગૂઢ અર્થ પણ ધ્વનિત થાય છે. જીવાત્મા, કાયા રૂપી નારીને પરણે છે. એમાંથી જ સંસાર અને તેના દુઃખો ઉત્પન્ન થાય છે. જો જીવાત્મા, કાયા રૂપી રાણીના મોહમાંથી મુક્ત થાય તો વાસનાજન્ય દુઃખો રહેતાં નથી. આ પ્રકારનો અર્થ પણ પ્રસ્તુત ચાબખામાંથી પ્રગટ થાય છે.

૧. પરણી નારી પિયર મેલી વાળી = જેની સાથે જીવ જોડાયો છે તે કાયાના મોહમાંથી મુક્ત થયો. શરીર હોય છે ત્યાં સુધી મોહ રૂપી સંતાનો અનેક માગણીઓ કર્યાં કરે છે.

૨. વાસના રૂપી ઘરવાળીની ઈચ્છાઓ અને આશાઓ અનંત છે. તે જીવને જંપ લેવા દેતી નથી. પાંજરિયા = છોકરાંછૈયા. મેલ પરજાળી = બાળી નાખ.

૩. કાયા, જાગતી હોય કે ઊંઘતી હોય તે હમેશા ઈચ્છાગ્રસ્ત અને તેથી ત્રસ્ત છે.

૪. પાંચ પરૂણા = પાંચ પરોણાઓ, પાંચ ઈન્દ્રિયો રૂપી અતિથિઓ છોકરાઓ = ઈન્દ્રિયોના વિષયો રૂપી સંતાનો.

(સમાપ્ત)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મનસુખલાલ સાવલિયાના પુસ્તકો

ભોજા ભગતની વાણી	૨૦૦-૦૦
ભોજો ભગત કહે	૭૫-૦૦
નંદનવનના પારિજાત	૧૫૦-૦૦
ૐ નમઃ શિવાય	૧૨૫-૦૦
ભગવાન બુદ્ધનાં સૂક્તિ-રત્નો	૨૦-૦૦
ભગવાન ઈસુખ્રિસ્તના સૂક્તિ-રત્નો	૨૫-૦૦
ગુરુ નાનકદેવનાં સૂક્તિ-રત્નો	૨૫-૦૦
સ્વામી દયાનંદ સરસ્વતીનાં સૂક્તિ-રત્નો	૨૫-૦૦
ભગવાન શ્રીરામનાં સૂક્તિ-રત્નો	૨૦-૦૦
આદિ શંકરાચાર્યનાં સૂક્તિ-રત્નો	૨૦-૦૦
શ્રી રામકૃષ્ણ પરમહંસનાં સૂક્તિ-રત્નો	૨૫-૦૦
ભગવાન મહાવીરનાં સૂક્તિ-રત્નો	૨૦-૦૦
ભગવાન શ્રીકૃષ્ણનાં સૂક્તિ-રત્નો	૨૦-૦૦
હઝરત મહમંદ પયગંબરના સૂક્તિ-રત્નો	૨૦-૦૦
નીતિશતક	૬૦-૦૦
વૈરાગ્યશતક	૬૦-૦૦
શૃંગારશતક	૬૦-૦૦
સૂર્યશતક	૩૫-૦૦
સંસ્કૃત સાહિત્યનો પરિચય	૩૮-૦૦
ભજગોવિંદમ્	૨૫-૦૦
શિવમહિમ્નઃસ્તોત્ર	૨૫-૦૦
મેઘદૂત	(પ્રેસમાં)

પ્રવીણ પુસ્તક ભંડાર

લાભ ચેમ્બર્સ, મ્યુ. કોર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આખાબોલા સાચાબોલા : ભોજા ભગત

મધ્યકાલીન ગુજરાતી કાવ્યાકાશમાં ભોજા ભગતની કવિતાનું સ્થાનમાન અનોખું છે. નરસિંહથી માંડીને દયારામ સુધીના શતાધિક કવિઓમાંથી જે કેટલાક ખૂબ જ લોકપ્રિય થયા અને જનસમાજમાં જીભને ટેરવે ચિરંજીવ બનેલા આઠ-દસ કવિઓ છે, એમાં ભોજા ભગતનું પણ સ્થાન છે. ભણેલ હોય કે અભણ, પંડિત હોય કે પતીત, બ્રાહ્મણ હોય કે અત્યંજ અને સ્ત્રી હોય કે પુરુષ અથવા બાળક હોય કે વૃદ્ધ પણ સૌ કોઈને જીભને ટેરવે ભોજાની વાણી. સમાજમાં આમ સાર્વત્રિક રીતે વ્યાપકપણે બહુ ઓછા કવિઓને સ્વીકૃતિ મળી છે. ભોજાને ... એના પાછળનું કારણ એની માર્મિક રીતે, વેધક પ્રકારની અને તડ ને ... કહી દેવાની આખાબોલી પ્રકૃતિ છે. ભોજો જેવો હતો તેવો જ પ્રગટ થતો, એના ઉચ્ચાર અને આચારની આવી સંવાદિતા જનસમાજમાં એને પ્રીતિપાત્ર બનાવે છે. એના આચરણ અને ઉચ્ચારણ વચ્ચે સહેજ પણ ભેદ ન હતો, એની આવી નિખાલસ વ્યંવહારની રીતથી એ સહુને આખાબોલો પણ સાચાબોલો લાગ્યો.

ISBN : 978-81-7790-514-4

9 788177 905144

Dr. Urmila Sharma Collection, Varanasi